# વાર્તામેળો
## (બાળકલમે વહેતી વાર્તાઓ)

: સંપાદક :
દર્શા કિકાણી

● પ્રકાશક ●
**વિચારવલોણું પરિવાર**
અમદાવાદ



## નિવેદન

આપણને કેટલાક લેખકોની ભાષા વાંચવામાં અઘરી લાગે છે. કેટલાકના લખાણમાં કંઈ સમજાતું નથી. કેટલીક ભાષા અઘરી લાગવા છતાં કહીએ છીએ કે બહુ સારું લખાણ છે.

Facebook અને Whatsapp ના જમાનામાં ગમે તેવી ભાષામાં લખાયેલા નબળા લેખો અને કવિતાને પણ મિત્રો દ્વારા સેંકડો likes મળતા હોય ત્યારે ભાષાની આવી વાતો થોડી વિચિત્ર તો લાગશે પણ એક સજાગ અને ભાષાપ્રેમી વાચક માટે એ અગત્યનું બની રહે છે કે આપણામાં ભાષાના યોગ્ય સ્વરૂપનો ખ્યાલ પણ બંધાય. આપણને લખવાનું શૂરાતન તો બહુ ચડે છે પણ ભાષાની સજ્જતા નથી. એ માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવા પડે. ઉત્તમ સાહિત્યકારોને અને સાહિત્યના વિવેચનોને પણ વાંચવા પડે. વ્યવસ્થિત વાક્યરચના કરતા શીખવું પડે. અંગ્રેજી શબ્દોનો ઉપયોગ ઓછો કરવા પ્રયાસ કરવો પડે. આપણું શબ્દભંડોળ વધારવું પડે. આ થોડું આકરું તો પડે પણ એ વગર છૂટકો નથી.

ઉમાશંકર જોષીએ ક્યાંક લખ્યું છે કે :

‘‘પોતાના લખાણ સિવાય બીજુ વાંચી શકવાને કેવળ અસમર્થ એવા વર્ગનું આપણે ત્યાં અસ્તિત્વ હોવાનો મને ભય છે. આ અજ્ઞાનનો કેફ એ તો કલાકારને માટે આત્મઘાતક ગણાય. તમે જગતને શીખવવા કે આનંદ આપવા નીકળ્યા છો, તો આજ સુધી જે મહાપુરુષો શીખવતા કે આનંદ આપતા આવ્યા છે એમનો અવાજ તો બે ઘડી સાંભળી લો!

મહાન કલાસર્જકોનાં પગરખાંમાં પગ નાખવાનો અધિકાર સિદ્ધ કલાકૃતિઓના પરિશીલન વિના મેળવી શકાય કે કેમ, એ શંકાની વાત છે.

શબ્દનો વિવેક, શું ગદ્યમાં કે શું પદ્યમાં, લેખકની મોટી કસોટી છે. ઘણા મોટા કલાકારોનું શબ્દ ભંડોળ મોટું હોતું નથી. પણ એમણે શબ્દ પસંદગીમાં પોતાની મહત્તા સારી પેઠે દાખલેવી દાખવેલી હોય છે. શબ્દની ઔચિત્યબુદ્ધિથી જ પસંદગી થવી જોઈએ. મીઠા મીઠા કે ભવ્ય શબ્દોનો શોખ કવિ-લેખકની સહજ શક્તિઓને અન્યાયકર્તા થઈ પડે છે.

શબ્દો સરળ હોય, સમજાય એવા હોય છતાં આખા લેખનું કાંઈ મોંમાથું સમજાય નહિ એવું બને. અને આખા લખાણનું પ્રધાન સૂત્ર જો એકવાર હાથમાં આવી ગયું હોય તો વચ્ચે વચ્ચે અઘરા શબ્દોથી કોઈ મુશ્કેલી ન આવે. લેખક સરળ શબ્દ યોજે અને આપણે કંઈ જ ન પામીએ એ કરતાં થોડાક અપરિચિત શબ્દોનો ભેટો કરવાના ભોગે પણ કંઈક પહોંચાડવા મથતા લેખકનો આદર કરીએ. ખાલીખમપણું એ સરળતા નથી.’’

ઘણા લેખો અને પુસ્તિકાઓના લખાણોને વાંચતાં, સમજતાં અમને ખાસ્સો શ્રમ પડે છે. તેને સુપાચ્ય બનાવવા બહુ મહેનત કરવી પડે છે. અમારી મર્યાદિત આવડત સાથે એ કામ કરીએ છીએ. ઈચ્છા અને પ્રયાસ તો એવા રહે જ છે કે આપણી પુસ્તિકાઓ વિષય, રજૂઆત અને ભાષાની દૃષ્ટિએ પણ ઉત્તમ હોય.

**મુનિ દવે**
વિચારવલોણું પરિવાર, ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

## પ્રસ્તાવના

આજના માહિતી વિસ્ફોટના સમયમાં માણસ ચારેબાજુ ઊભરાતી માહિતીમાં એટલો બધો અટવાઈ ગયો છે કે મૌલિક વિચારવાનું તેણે ઓછું કરી નાખ્યું છે અને મૌલિક લખવાનું તો લગભગ બંધ થઈ ગયું છે. તેને બદલે હવે તૈયાર forwards નો જમાનો છે. રોજ સવારે ૧૦૦થી પણ વધુ વોટ્સ એપ મેસેજ આવી જાય, પરંતુ લગભગ બધાં forwards હોય. વર્ષગાંઠને દિવસે હવે સંદેશા તો ૨૦૦-૫૦૦ આવે પણ લખ્યું શું હોય? ફક્ત હેપ્પી બર્થ ડે! ઘણાં લોકો તો એમાં પણ કંજુસાઈ કરે … લખી દે HBD! કોઈના મૃત્યુના દુઃખદ સમાચાર અને સામો ખરાખરાનો સંદેશ જાય RIP! આખા જીવનનો ચિતાર માત્ર ત્રણ અક્ષરો!

આવા સમયમાં જો બાળકને નાનપણથી પોતાના વિચારો પોતાના શબ્દોમાં પ્રગટ કરવા પ્રોત્સાહિત નહીં કરીએ તો મોટું થતાં તે જાતે વિચારવાની ક્ષમતા ગુમાવી બેસશે. એક વિચારહીન સમાજની કલ્પના કેટલી ભયજનક છે? અંગ્રેજી સિવાયની માતૃભાષાના બાળકો આમાં વધુ પરેશાન થાય છે. તેઓ શુદ્ધ અંગ્રેજી બોલવામાં કાચા પડે છે અને માતૃભાષા ઉપરની તેમની હથોટી ગુમાવી બેસે છે.

આવી પરિસ્થિતિમાં બાળકોને મૌલિક અને રચનાત્મક લેખન તરફ દોરી જવા માટે વાર્તાલેખન સ્પર્ધા યોજવાનો વિચાર ઘણા સમયથી અમારાં મનમાં હતો. મારા પપ્પાને બાળકો બહુ ગમતાં અને મમ્મી સરસ લખે. એટલે બાળ-લેખન ક્ષેત્રે કંઈક તો કરવું જ હતું. પપ્પા ગયા ત્યારે તો હું નાની અને કંઈ તર્પણ કરી શકવાની ક્ષમતા પણ નહિ. ઘરની અને કામકાજની જવાબદારીમાં પછીનાં વર્ષો તે એટલી ઝડપથી ગયાં (જો કે સુખમાં ગયાં, આમેય સુખનો સમય જલ્દી જ જાય) કે આ બાજુ કંઈ થઈ શક્યું જ નહિ. જુલાઈ/ઓગસ્ટમાં હું રિટાયર થઈ અને કદાચ બીજે જ અઠવાડીયે મમ્મીની તબિયત એટલી લથડી કે મનમાં સંકલ્પ કરી લીધો કે જે કરવું હોય તેમાં ત્વરા રાખવી પડશે. આમ નિશાળમાં ભણતા વિદ્યાર્થીઓ પાસે ગુજરાતીમાં વાર્તા લખાવી તેની સ્પર્ધા કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો. આ જ financial year માં પહેલો રાઉન્ડ પતાવવો એમ નક્કી કરી ઊંધી ગણતરી કરી બધી તારીખો માંડી અને ૩૧ માર્ચને બદલે ૨૫ માર્ચે મમ્મીની



હાજરીમાં બાળવાર્તા સ્પર્ધાનો પહેલો રાઉન્ડ સંપન્ન કર્યાનો અમને આનંદ છે. મારી અંગત પરિકલ્પના, મારું સપનું પૂરું કરવા હંમેશની જેમ જ મારા પતિ શ્રી રાજેશ કિકાણીએ મને તન-મન-ધનથી સહકાર આપ્યો.

સ્પર્ધાની વિગતો ગુજરાતભરમાં અનેક શાળાઓ સુધી માત્ર અને માત્ર e-media ની મદદથી whatsApp અને Facebook થી પહોંચાડી. જાણીતી Gujarati Websites જેવી કે webgujari.com (editor અશોકભાઈ વૈષ્ણવ) Read gujarati.com, Aksharnaad.com વગેરેએ ઘણી સહાય કરી. તો જિલ્લાશિક્ષણાધિકારીશ્રી નવનીત મહેતાની ઓફિસમાંથી પૂરો સપોર્ટ મળ્યો, શ્રી એ. સી. ત્રિવેદીએ આ સ્પર્ધાને ઘણી ગતિ અપાવી.

સમસ્ત ગુજરાતના ૨૨ જિલ્લાઓમાંથી અને મુંબઈથી એમ થઈ લગભગ ૧૦૦થી પણ વધુ શાળાઓમાંથી પ્રાથમિક ચકાસણી બાદ ૧૩૭૫ (૬ હિન્દી, ૨ અંગ્રેજી સાથે) વાર્તાઓ અમને મળી. લગભગ દરેક શાળાએ પ્રાથમિક સ્તરે સ્પર્ધા કરી selected વાર્તાઓ જ આ સ્પર્ધા માટે મોકલી છે. એટલે ખરેખર તો આ સ્પર્ધા ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ બાળકોની છે. આટલા વિશાળ ફલક પર બાળકો માટે વાર્તાલેખનની સ્પર્ધા કદાચ પ્રથમ વાર યોજાઈ છે. મૌલિક વિચારો, ભાષા સજ્જતા અને રજૂઆતના માપદંડો વાપરી મેં અને મારી ટીમે ૧૩૭૫માંથી ૫૦ વાર્તાઓ shortlist કરી અને પછી ભાષા તજ્જ્ઞો શ્રી યશવંતભાઈ મહેતા અને શ્રીમતી શ્રદ્ધાબેન ત્રિવેદીએ ઈનામી વાર્તાઓ નક્કી કરી.

**થોડાં તારણો :**

- અંગ્રેજી માધ્યમની દસેક શાળાઓમાંથી ગુજરાતીમાં વાર્તાઓ આવી.
- સારી શાળાઓએ આને એક પ્રોજેક્ટ તરીકે પ્રમોટ કર્યો અને બાળકોને નવું લખવા પ્રેર્યા.
- આ વખતના બે મેઈન થીમ : બેટી બચાવો, બેટી ભણાવો અને સ્વચ્છતા.
- બાળકોએ સુંદર અક્ષરો, રંગીન ચિત્રો અને સ્ટીકરોથી સજાવેલી વાર્તાઓ મોકલેલ છે.
- આપણે મૌલિક વાર્તાઓ મંગાવી હતી, સોગંદનામુ પણ લીધું હતું, છતાં ઘણાં બાળકોએ ચોપડી/મેગેઝીનમાંથી ઉઠાંતરી કરી છે તો કોઈકે પાત્રો બદલવાની તકલીફ લઈ કોપી કરી છે.

- મોટા ભાગનાં વિદ્યાર્થીઓ શબ્દ મર્યાદા ચૂકી ગયાં છે, બહુ લાંબી કે એકદમ ટૂંકી વાર્તાઓ મોટા પ્રમાણમાં આવી છે.
- છેલ્લું અને સૌથી અગત્યનું તારણ : દીકરીઓ વાર્તા-સ્પર્ધામાં મેદાન મારી ગઈ છે!

  સારી ૨૦-૨૫ વાર્તાઓ પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ રહી છે. જો આ પુસ્તક ગુજરાતની દરેક શાળા સુધી પહોંચે તો એનાથી રૂડું શું?

આ અમારો પ્રથમ પ્રયાસ છે. બાળકોના આ વર્ષના અનેરા પ્રતિભાવથી પ્રેરાઈ આવતાં વર્ષોમાં આ સ્પર્ધા વધુ બાળજૂથો (પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ, વિશિષ્ટ વિદ્યાર્થીઓ, હિન્દી-અંગ્રેજી માધ્યમ) સુધી લઈ જવાની અમારી અપેક્ષા છે.

આભાર

દર્શા કિકાણી
ટ્રસ્ટીશ્રી - વિચારવલોણું પરિવાર
૦૭, એપ્રિલ, ૨૦૧૭



## અનુક્રમ


| નં. | વાર્તાનું નામ | | બાળકનું નામ | પા. નં. |
|---|---|---|---|---|
| | **ધોરણ ૬ થી ૮ ની વિજેતા વાર્તાઓ** | | | |
| ૧. | .. અને શ્રદ્ધા વિશ્વસુંદરી બની ગઈ! | (પ્રથમ વિજેતા) | જાગીરદાર કૃતિ શૌનક | ૮ |
| ૨. | આનંદની ચતુરાઈ | (દ્વિતિય વિજેતા) | મહેતા ધ્રુવી નિલેશભાઈ | ૯ |
| ૩. | ભગરી ભેંસની છત્રી | (તૃતિય વિજેતા) | પટેલ બાર્થના હરેશભાઈ | ૧૨ |
| | **પ્રોત્સાહન વિજેતા વાર્તાઓ** | | | |
| ૪. | પ્રશ્ચાતાપ | | વ્યોમા અમિતભાઈ ચોકસી | ૧૩ |
| ૫. | મૂર્ખ ભાતીયું | | વાજા સાક્ષી જીતુભાઈ | ૧૫ |
| ૬. | કર્મણ્યેવાધિકારસ્તે | | મહેતા રિના જતીન | ૧૭ |
| ૭. | મોબાઈલના મિત્ર બનો, ગુલામ નહીં | | મિસ્ત્રી દિશા વી. | ૧૮ |
| ૮. | પશુપ્રેમી રાણી | | ચૌહાણ ભૂમિ કરસનભાઈ | ૨૦ |
| ૯. | કેશા | | ક્રીમા પ્રકાશભાઈ સોલંકી | ૨૧ |
| ૧૦. | તણખલાનો ખળભળાટ | | કાટવાલા મહેક યોગેશભાઈ | ૨૪ |
| ૧૧. | સારા સમાચાર | | જાદવ વૃંદા જૈનિશકુમાર | ૨૫ |
| ૧૨. | જ્ઞાનનો રત્નાકર | | પટેલ સૃષ્ટિ રાજેશકુમાર | ૨૮ |
| ૧૩. | ભણતરની કિંમત | | પટેલ સૃષ્ટિ કમલેશભાઈ | ૩૦ |
| | **ધોરણ ૯ થી ૧૦ ની વિજેતા વાર્તાઓ** | | | |
| ૧૪. | કર્મની કરુણતા | (પ્રથમ વિજેતા) | કાવ્યા ત્રિવેદી | ૩૧ |
| ૧૫. | પાણીનો ચોર | (દ્વિતિય વિજેતા) | ગીલીટવાલા ઋત્વી દક્ષેશભાઈ | ૩૩ |
| ૧૬. | સફાઈના સાધનોની હડતાલ | (તૃતિય વિજેતા) | પટેલ ખુશી દિનેશભાઈ | ૩૬ |
| | **પ્રોત્સાહન વિજેતા વાર્તાઓ** | | | |
| ૧૭. | મરેલા ઉંદરનો વેપાર | | મકવાણા અંકિતા પ્રવિણભાઈ | ૩૭ |
| ૧૮. | ભલાઈનો બદલો | | પાટીલ નેહલ અશોકભાઈ | ૩૯ |
| ૧૯. | નાનકડી કીડીએ નાગને હરાવ્યો | | અગ્રવાલ નીરજ પી. | ૪૧ |
| ૨૦. | સંસ્કારની કસોટી | | દવે પૂજન | ૪૨ |
| ૨૧. | કોર્ટ રૂમની બહાર | | મહેતા પ્રિયલ ધર્મેશભાઈ | ૪૪ |
| ૨૨. | સુઘડ ભવિષ્યનો પથ … 'શિક્ષણ' | | પંડ્યા શિવાંગી નીરવ | ૪૭ |
| ૨૩. | ભવિષ્યવાણી | | મકવાણા ભરત કે. | ૪૯ |
| ૨૪. | દીકરીની સક્ષમતા | | પારવાણી હર્ષિતા હરેશભાઈ | ૫૧ |
| ૨૫. | જીભ કેવી? સારી કે ખરાબ? | | ચાવડા સંજય સજનભાઈ | ૫૪ |
| ૨૬. | એક અજાણી મિત્ર અથવા મૃત્યુનું રહસ્ય | | કુરેશી ગુલફીશા શબ્બીર હુસેન | ૫૬ |

## ૧. ... અને શ્રદ્ધા વિશ્વસુંદરી બની ગઈ!

(જાગીરદાર કીર્તિ શૌનક, વી.ડી.દેસાઈ (વાડીવાળા), સુરત)

બેલ વાગ્યો. પિરીયડ પૂરો થયો. બધાં જ કલાસમાંથી બહાર નીકળ્યા. શ્રદ્ધાના કાને અનન્યા અને એની સહેલીઓના કટાક્ષભર્યા શબ્દો અથડાયા. 'જો 'ફેર ઍન્ડ લવલી' ચાલી.' આવા શબ્દો સાંભળી તે સમસમી ગઈ. તે ફરી એક વાર કડવો ઘૂંટડો ઉતારી ગઈ. આ તો રોજનું જ હતું.

અનન્યા અને શ્રદ્ધા કોલેજમાં સાથે ભણતા હતા. અનન્યા કોલેજમાં સૌથી સુંદર યુવતી હતી. પોતાની સુંદરતાનું તેને અત્યંત ઘમંડ રહેતું. જ્યારે શ્રદ્ધા થોડી શ્યામ હતી પરંતુ તેની આંતરિક સુંદરતા અપાર.

એક દિવસ શ્રદ્ધા અનન્યા પાસેથી પસાર થઈ. ત્યારે જ અનન્યા તેના અભિમાની સ્વરમાં બોલી, ''હંમેશાં તું મારી સામે આવી જાય છે. તારા લીધે મારો આખો દિવસ નકામો જાય છે. તારા જેવા કદરૂપા લોકો કશું જ કરી શકે નહિ.'' આમ કહીને તેણે શ્રદ્ધાની મજાક ઉડાડી. આ સાંભળી શ્રદ્ધા ઝડપથી દોડીને જતી રહી. તેની આંખના ખૂણા ભીના થઈ ગયા. તે તેની મનપસંદ જગ્યા શિવાજી બાગના એક બાંકડા પર જઈ બેસી ગઈ. તેના રુદનનો કરુણમય સ્વર સાંભળી એક મહિલા તેની પાસે આવ્યા અને બાંકડા પર તેની બાજુમાં બેઠા. થોડી વાર પછી તે મહિલાએ શ્રદ્ધાને તેના દુઃખનું કારણ પૂછ્યું. શ્રદ્ધાએ આશ્ચર્યથી પૂછ્યું, ''આપ કોણ છો?'' ''હુ મેડમ પોલી છું.'' ''બેટા, તું કોણ છે? શું તું મને તારી વ્યથા જણાવીશ? મેડમ પોલીએ વિનમ્રતાથી પૂછ્યું. શ્રદ્ધાએ પોતાનો પરિચય આપી તેની વ્યથા જણાવી.

મેડમ પોલીએ કહ્યું, ''હું એક સંસ્થાની કાર્યકર્તા છું, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ફેશન-શોની સ્પર્ધાઓ યોજે છે. તારામાં ખૂબ આત્મવિશ્વાસ છે. તેને બહાર લાવવાનો આ એક સરળ રસ્તો છે. તો તું આ સ્પર્ધામાં ભાગ લઈશ ને? તને તૈયાર કરવાની જવાબદારી હું માથે ઉપાડીશ.'' ''તમારો હું ખૂબ આભાર માનું છું. પરંતુ હું તો કાળી અને કદરૂપી છું તો ..'' શ્રદ્ધાને વચ્ચેથી અટકાવતા મેડમ પોલી બોલ્યા, ''કાળા અને કદરૂપા લોકો કશું જ ન કરી શકે એવું માને છે તું? કોઈના કહેવાથી શા માટે આપણે આપણા વ્યક્તિત્વને નીચુ પાડવું જોઈએ?



તું હિંમત રાખ અને સ્પર્ધામાં ભાગ લે. ભગવાન પણ તે માટે તને ચોક્કસ મદદ કરશે'' આ સાંભળી શ્રદ્ધામાં હિંમત આવી અને તે સ્પર્ધામાં ભાગ લેવા માટે તૈયાર થઈ.

મેડમ પોલીએ શ્રદ્ધાને તાલીમ આપવાની શરૂઆત કરી. અનન્યા શ્રદ્ધાને હવે જ્યારે પણ ચીડવતી કે તેની મજાક ઉડાડતી ત્યારે શ્રદ્ધા કશું પણ બોલ્યા વગર ફક્ત મંદ હાસ્ય આપી ત્યાંથી જતી રહેતી. અનન્યાને શ્રદ્ધાને બદલાયેલા સ્વભાવથી ખૂબ જ આશ્ચર્ય થયું. શ્રદ્ધા દરરોજ કોલેજ બાદ મેડમ પોલીના ઘરે તાલીમ માટે જતી. મેડમ પોલી શ્રદ્ધાને જુદા જુદા શહેરમાં થતા ફૅશન-શોની સ્પર્ધાઓ જોવા લઈ જતા હતા. તેમણે શ્રદ્ધાને તાલીમ રૂપે શહેરમાં યોજાયેલા એક નાનકડા ફૅશન-શોમાં ભાગ લેવડાવ્યો. આ સ્પર્ધામાં પૂછાતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો વિશે પણ કહ્યું. આ પ્રશ્નોના જવાબ છટાદાર કેવી આપવા તેની પણ તાલીમ આપી. આ સાથે તેઓ શ્રદ્ધાને આત્મવિશ્વાસની પણ સમજ આપતા.

વિશ્વસ્તરે થનારી આ સ્પર્ધાના ગણતરીના દિવસે બાકી રહ્યા. દેશ-વિદેશથી સ્પર્ધકો આવ્યા. તે બધા સ્પર્ધકો તનતોડ મહેનત કરવા લાગ્યા. શ્રદ્ધા પણ તેનું બધું ધ્યાન આ સ્પર્ધામાં કેન્દ્રિત કરવા લાગી. થોડા દિવસો પછી આ સ્પર્ધાનું ઑડિશન થયું. શ્રદ્ધાએ આ ઑડિશનમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો અને ઑડિશનમાં સફળ થઈ. સ્પર્ધાની બધી કઠિન પરીક્ષાઓ પાસ કરી તેની ટોપ-૧૦માં નિમણૂક થઈ. આ સ્પર્ધાની ફાઈનલનો દિવસ આવી ગયો. ફાઈનલમાં શ્રદ્ધાએ ખૂબ જ સરસ દેખાવ કર્યો તથા તેને પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ તેણે ખૂબ છટાદાર આપ્યા. તેના આવા ઉત્કૃષ્ટ દેખાવથી નિર્ણાયકો રાજીના રેડ થઈ ગયા. બધા જ લોકોએ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. નિર્ણાયકોનો નિર્ણય આવી ગયો હતો. શ્રદ્ધા ખૂબ મૂંઝાયેલી હતી. પરંતુ જ્યારે વિશ્વસુંદરી તરીકે તેનું નામ બોલાયું ત્યારે તે અવાક્ થઈ ગઈ. તેની આંખમાંથી આનંદના અશ્રુઓ વહેવા લાગ્યા અને તે મૅડમ પોલીને ભેટી પડી. તેને અનેક પુરસ્કારોથી વધાવી લીધી. તેને મીડિયાવાળા લોકોએ ઘેરી લીધી. ફેસબુક, વૉટ્સએપ વગેરે જેવા સોશિયલ મીડિયામાં તેના ફોટા તથા વીડિયો ફેલાઈ ગયા.

અનન્યાને શ્રદ્ધાના સમાચાર મળ્યા. તેને પોતાની ભૂલ સમજાઈ. આ સાથે તેને સમજાયું કે આપણું સુંદર રૂપ નહિ પરંતુ આપણો આત્મવિશ્વાસ મહત્ત્વનો હોય છે. તેણે શ્રદ્ધાની માફી માગી. ત્યારબાદ તેણે પોતાનો અભિમાની સ્વભાવ બદલી નાખ્યો.

## ૨. આનંદની ચતુરાઈ

(મહેતા ધ્રુવી નિલેશભાઈ, જી.જે.પટેલ હાઈર સેકન્ડરી સ્કૂલ, હિંમતનગર)

આનંદ સાતમા ધોરણમાં ભણતો હતો. ભણવામાં તે એક સામાન્ય વિદ્યાર્થી હતો. પણ તેનું મગજ હરહંમેશ જાસૂસીના વિચારોમાં જ મગ્ન રહેતું હતું. આનંદ ટી.વી.માં પણ જાસૂસી વાર્તાઓ અને નવલકથાઓ વાંચ્યા કરતો. આ માટે તેણે ઘણી વાર તેના માતાપિતા પાસેથી ઠપકો સાંભળવો પડતો. એક દિવસ આનંદ પોતાના ઘરના બગીચાના છોડવાઓને પાણી પાઈ રહ્યો હતો. એ સમયે એક ટપાલી ટેલિગ્રામ લઈને આવ્યો. આનંદે પોતાના પિતાને બોલાવ્યા. તેના પિતાએ ટેલિગ્રામ વાંચ્યો. તેમાં લખ્યું હતું કે તેમનાં શહેરના અને વિદેશમાં સ્થાયી થયેલા ઝવેરી મૂળચંદ બે દિવસ પછી તેમના ઘરે આવવાના હતા. સાથે સાથે તે ખૂબ ભારે કિંમતના હીરા-માણેક પણ પોતાની સાથે લાવવાના હતા અને તેમના શહેરમાં તેનું પણ પ્રદર્શન રાખવાના હતા.

આ વાત સાંભળી આનંદે તેના પિતાને કહ્યું, ‘અરે! આ તો ખૂબ જ મજાની વાત છે. મને ઝવેરી કાકા સાથે ખૂબ મજા પડશે.’

ઝવેરી મૂળચંદ બે દિવસ પછી ભારત આવી પહોંચ્યા. ઘરના બધા સભ્યો સાથે બેસીને નાસ્તો કર્યો અને આનંદ સાથે વાતોએ વળગ્યા. ઝવેરી કાકાએ આનંદને હીરા-માણેક સાથે સંકળાયેલી ઘણી વાતો કરી. તે સાંભળીને આનંદ રાજી ના રેડ થઈ ગયો.

‘અમારું આ હીરા-માણેકનું પ્રદર્શન ધમાકેદાર રહેશે. દેશ-વિદેશના પ્રખ્યાત હીરા, માણેક, નિલમ, પોખરાજનું પ્રદર્શન જોવા લોકો ઉમટી પડશે’ ઝવેરી કાકાએ કહ્યું.

‘આ હીરા-માણેક ખૂબ જ મોંઘા અને કિંમતી હશે, નઈ!’ આનંદે પૂછ્યું.

‘કિંમતી! અરે, ઘણી મોટી કિંમત ચૂકવવી પડી છે મારે.’ ઝવેરી કાકાએ કહ્યું.

બીજા દિવસનું વર્તમાનપત્ર ઝવેરી મૂળચંદના હીરા-માણેક પ્રદર્શનના જાહેરાતથી ભરાઈ ગયું હતું. આ સમાચાર શહેરના નામચીન ચોર ઈકબાલે વાંચ્યા.



તેને વિચાર્યું કે, ‘જો હું આ હીરા-માણેક ચોરવામાં સફળ થાઉં તો આ ઝવેરાત વેચીને હું ખૂબ જ માલામાલ થઈ જઈશ અને અને મારે ક્યારેય પણ ચોરી કરવી નહીં પડે.’ ઈકબાલ મનોમન ખૂબ જ ખુશ થયો. હીરા-માણેક પ્રદર્શન જે હોટલ પર થવાનું હતું ત્યાં ઈકબાલ પહોંચી ગયો અને તેનું ઝીણવટથી નિરીક્ષણ કરવા લાગ્યો.

આ તરફ આનંદનું જાસૂસી દિમાગ પણ કામે લાગી ગયું હતું. તે પણ કિંમતી હીરાની ચોરી ન થાય તે માટે શું કરવું તે જ વિચારી રહ્યો હતો. પરંતુ ઝવેરી કાકાએ બે બોડીગાર્ડને રોક્યા છે તે વાત જાણી આનંદ થોડો નિશ્ચિંત થઈ ગયો. જે દિવસે પ્રદર્શન ભરાવવાનું હતું તે દિવસે ઈકબાલ સવારથી જ ઝવેરી મૂળચંદનો પીછો કરવા લાગ્યો. ઝવેરી મૂળચંદે ખૂબ જ અલભ્ય અને કિંમતી હીરાને ચામડાની સૂટકેશમાં રાખીને હોટલ સુધી લઈ જવાના હતા. હોટલ સુધી જતા જ રસ્તામાં જ આનંદે ચોર ઈકબાલને ઝવેરી કાકાનો પીછો કરતા જોયો અને તેના મનમાં શંકાનો કીડો સળવળ્યો. તેથી આનંદે હવે ચોર ઈકબાલનો પીછો કરવા લાગ્યો.

ઈકબાલ હોટલની બાજુમાં આવેલી બેગ બનાવવાની દુકાનમાં ઘૂસી ગયો અને આબેહૂબ ઝવેરી મૂળંચદ પાસે હતી તેવી જ બેગ ખરીદી. આ જોઈને આનંદની શંકા એકદમ પાકી થઈ ગઈ. આનંદે પણ થોડો વિચાર કરીને તેવી જ ચામડાની બેગ ખરીદી લીધી.

આ બાજુ ઝવેરી મૂળચંદ પોતાના બોડી ગાર્ડ્સની સાથે હોટલ પર આવી પહોંચ્યા. જેવા તે પ્રદર્શન રૂમ તરફ જવા લાગ્યા કે ત્યાં તો ચાર-પાંચ મવાલી જેવા લાગતાં માણસો અંદરો-અંદર ઝઘડવા લાગ્યા અને મારામારી કરવા લાગ્યા. તેથી ઝવેરી મૂળચંદે પોતાના બોડીગાર્ડ્સને તે તરફ મોકલ્યા.

ત્યાં રિસેપ્શન કાઉન્ટર પરથી ઈકબાલ તેની સૂટકેસ લઈને દોડીનો આવ્યો અને ઝવેરી મૂળચંદ સાથે અથડાયો. બંનેના હાથમાંથી સૂટકેસ પડી ગઈ.

ઈકબાલે ઝડપથી પોતાની સૂટકેસ ઝવેરીને હાથમાં આપી અને ‘માફ કરજો વડીલ’ એમ કહી તેમની બેગ ઉઠાવી ઝડપથી બહાર દોડી ગયો. ત્યાં

સુધીમાં બોડી ગાર્ડ્સ પણ પાછા આવી ગયા. તેમણે કહ્યું કે, ''કશું ન હતું. તેઓ નાની બાબતે ખૂબ જ ઝઘડી રહ્યા હતા.''

''તો ચાલો, પ્રદર્શનમાં જઈએ, મોડું થાય છે'' એમ ઝવેરી મૂળચંદે ચાલતા ચાલતા કહ્યુ.

આનંદ તેની ચાલાકી સમજી ગયો. તેણે જોઈ લીધું કે ઈકબાલે તેની બેગ ઝવેરી કાકાની બેગ સાથે બદલી લીધી છે.

ઈકબાલ બહાર આવી પોતાની કારમાં બેઠો એવામાં પણ ચાર-પાંચ મવાલીઓ તેની પાસે આવ્યા. તેણે બધાને પાંચસો-પાંચસોની નોટ આપીને શાબાશી આપી. પછી તેણે જેવી ગાડી શરૂ કરી પણ ગાડી ચાલી જ નહીં. ઈકબાલે નીચે ઉતરી જોયું તો તેના એક ટાયરમાં પંચર હતું. તેને સૂટકેસ પોતાની બાજુમાં મૂકી ટાયર બદલવાની તૈયારી કરી તે જ સમયે આનંદે તેની પાસે આવીને કહ્યું કે, ''કાકા, હું તમને મદદ કરી શકું?''

ઈકબાલે વિચાર્યું કે આ નાના છોકરાને હીરાની બેગ સાચવવા કહું અને ત્યાં સુધીમાં ટાયર બદલીને રફુ ચક્કર થઈ જાઉં તેથી ઈકબાલે આનંદને કહ્યું, ''છોકરા, આ બેગનું ધ્યાન રાખજે અને તને હું સો રૂપિયા આપીશ'' એમ કહી ટાયર બદલવા લાગ્યો.

આ બાજુ આનંદ ખૂબ જ ચતુરાઈપૂર્વક પોતાની ખાલી ચામડાની બેગને ઈકબાલની બેગ સાથે બદલી લીધી. તેની ઈકબાલને પણ ખબર ન પડી.

ટાયર બદલ્યા પછી ઈકબાલે આનંદને સોની નોટ આપી તેનો આભાર માન્યો અને ત્યાંથી રવાના થયો.

આનંદ જ્યારે હોટલના પ્રદર્શન રૂમમાં પાછો ફર્યો ત્યારે ત્યાં તો હાહાકાર મચી ગયો હતો. કારણ કે ખૂબ જ કિંમતી અને અલભ્ય હીરાની ચોરી થઈ ગઈ હતી. આનંદે સૂટકેસ ઝવેરી કાકાના હાથમાં આપતા કહ્યું, ''ચિંતા ના કરો કાકા હું તમારા હીરા પાછા લઈ આવ્યો છું.''

'શાબાશ બેટા' તે ખૂબ જ સરસ કામ કર્યું છે. ઝવેરી મૂળચંદને આનંદ પર ગર્વ થતો હતો અને તેના વખાણ કરવા લાગ્યા.



## ૩. ભગરી ભેંસની છત્રી

(પટેલ બાર્થના હરેશભાઈ, દેત્રોજ બ્રાંચ શાળા, દેત્રોજ, જિ. અમદાવાદ)

ફરફર કાગડાએ પોતાની ખાસ ફ્રેન્ડ ભગરી ભેંસને ફોન કર્યો : ''ડિયર ભગરી, ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો છે. ચાલો, ફરવા જઈએ. ગરમ ગરમ ભજિયાં ઝાપટીશું અને જલસા કરીશું. તું જલદી આવ ...!''

ભગરીએ કહ્યું, ''હું હમણાં તને જ ફોન કરવાની હતી, પણ તારો ફોન આવી ગયો. મારે નવી છત્રી ખરીદવાની છે. હું હમણાં જ આવું છું. આપણે બંને ભેગા થઈને આજે આ ઝરમર વરસાદમાં જલસા કરીશું ...!''

પછી થોડીવારમાં જ ભગરી ભેંસ ફરફર કાગડાના ઘેર આવી ગઈ. બંને ઝરમર વરસાદમાં પલળતાં પલળતાં ટંટુ શિયાળની છત્રીની દુકાન પર ગયાં. ટંટુ શિયાળને ભગરી ભેંસે કહ્યું, ''ટંટુજી ... ! એક ફૅશનેબલ છત્રી આપો. નવા મૉડલની આપજો. એ છત્રી લઈને હું નીકળું તો મારો વટ પડવો જોઈએ ...!'

ટંટુ શિયાળે કહ્યું, ''અરે ભગરી ..! તને એવી છત્રી આપીશ કે તું મને આખી જિંદગી યાદ કરીશ ...! આજે જ નવી ફૅશનેબલ છત્રી આવી છે. અને પછી ટંટુએ એક સૌથી વધારે મોંઘી ફૅશનેબલ નવી ડિઝાઈનવાળી છત્રી ભગરી ભેંસને આપી.

ભગરી ભેંસ તો આ નવી છત્રી જોઈને ખુશ ખુશ થઈ ગઈ. આવી છત્રી પહેલાં એણે કોઈ દિવસ જોઈ નહોતી. એણે પૈસા ચૂકવી દીધા અને ટંટુને થેંક્સ કહ્યું.

ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો હતો. ભગરી ભેંસે છત્રી ખોલી અને ફરફર કાગડાને કહ્યું : 'તું મારી છત્રીમાં આવી જા ... આજે આ વરસાદમાં રખડવાની ખૂબ મજા આવશે...'

ફરફરે કહ્યું, 'ખરેખર, છત્રી ખૂબ સુંદર છે. ફૅશનેબલ છે, પણ મને ભૂખ લાગી છે. આ વરસાદી વાતાવરણમાં તો ગરમ ગરમ ભજિયા ખાવાની મજા પડે. ચાલો, આપણે ચંટુ વાંદરાની ભજિયાંની દુકાને જઈને ભજિયા ઝાપટીએ.''

ભગરીએ કહ્યું, 'હા .. હા. .. કેમ નહીં. મારી પણ ભજિયા ખાવાની ખૂબ ઈચ્છા છે. ભજિયા સાથે મારે 'ચા' પણ જોઈશે!'

ભગરી ભેંસ અને ફરફર કાગડો ચંટુ ભજિયાવાળાની દુકાને ગયા. ચંટુએ એમને જોતાં જ આવકાર્યા. 'અરે! ભગરી અને ફરફર .. આવો ... આવો... આ ગરમ ગરમ ભજિયા બની રહ્યા છે. ચા પણ તૈયાર જ છે ...!'

અને પછી ભગરી અને ફરફરે જોરદાર ભજિયા ખાધા. ચા પીધી. બંને ધરાઈ ગયા!

ભગરીએ કહ્યું, 'ચાલો ફરફરભાઈ મજા લઈએ ...! ભગરી અને ફરફર પોતાની છત્રી ખોલીને સાથે ફરી રહ્યાં હતાં. રસ્તામાં જેટલા મળ્યા એ બધાએ ભગરીની છત્રીનાં ખૂબ વખાણ કર્યાં. બધાએ પૂછ્યું, 'કેટલા રૂપિયાની છે? ક્યાંથી લીધી! છત્રી ખરેખર ખૂબ જ સુંદર છે અને ફૅશનેબલ પણ છે. ભગરી પોતાની છત્રીના વખાણ સાંભળીને ફુલાઈને ફુગ્ગો થઈ જઈ અને પોતાનાં છત્રીનાં વખાણ ખૂબ ગમ્યાં.

ભગરી અને ફરફર છત્રી સાથે વરસાદી મોસમમાં ફરવાની મજા લૂંટી રહ્યા હતાં. અચાનક જોરદાર વરસાદ તૂટી પડ્યો. બધાં પ્રાણીઓ દોડવા લાગ્યા. ભગરી અને ફરફર પણ દોડતાં હતાં. તેટલામાં જ ભગરીની છત્રીનું હૅન્ડલ તૂટી ગયું!

ભગરીની છત્રીની દશા જોઈને આજુબાજુવાળાં પ્રાણીઓ હસવા લાગ્યાં. ફરફરને પણ ઘણું આશ્ચર્ય થયું. હમણાં લીધેલી નવી છત્રી એક કલાક પણ ન ચાલી ...!

ભગરીને ખૂબ જ ગુસ્સો આવ્યો. એને ફરફરને કહ્યું, 'ચાલ ટંટુ શિયાળની દુકાને!' ફરફરે કહ્યું, ''હા .. હા ... ચાલ ..'

ભગરી અને ફરફર બંને દુકાને ગયાં. પણ છત્રીની દુકાન બંધ હતી. બાજુવાળા એક જણે કહ્યું, 'અહીંથી જે કોઈ છત્રી લઈ જાય છે એ બધાની છત્રીની આમ જ દુર્દશા થાય છે. એમાં ટંટુની કોઈ ભૂલ નથી. એ ઘરે છત્રી નથી બનાવતો. કંપનીમાંથી છત્રી મંગાવે છે, અને વેચે છે. હવે ઘરે જાઓ, ભૂલ તમારી છે. છત્રીની કોઈ ગૅરન્ટી નથી હોતી. એટલે ઝઘડો કરવા ન આવતાં.

આ સાંભળી ભગરીને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેને ફરફરને કહ્યું, 'ભૂલ આપણી છે.' આપણે છત્રીની સુંદરતા જોઈને લીધી હતી.



ફરફરે કહ્યું, 'આપણે બહારનો દેખાવ ન જોવો જોઈએ. હવે પછી આવી ભૂલ નહીં કરીએ.

ભગરી ભેંસ અને ફરફર કાગડો બંને ઘેર જવા નીકળ્યાં.

**બોધ :**

આપણે માણસનો દેખાવ ન જોવો. એના અંદરના ગુણો અને સંસ્કારો જોવા જોઈએ.

## ૪. પ્રશ્ચાતાપ

**(વ્યોમ અમિતભાઈ ચોકસી, વી.ડી. દેસાઈ (વાડીવાળા), સુરત)**

ડૉ. મમતા બેનરજી શહેરના ખ્યાતનામ ગાયનેકોલોજીસ્ટ. નામ કરતા વિરુદ્ધ સ્વભાવ, ખૂબ જ અહંકારી અને સ્વાર્થી. ડૉકટરી પ્રેક્ટિસને નોટો છાપવાનું કારખાનું સમજી ક્લિનિક ચલાવે. આ પ્રકૃતિના કારણે જ કુંવારા રહી ગયા હતા. 'મમતા નર્સીંગહોમ'માં દાખલ થયેલા સ્ત્રી દર્દીઓ માટે તેમની જશરેખા બહુ સારી હતી. પણ ડિસ્ચાર્જ વખતે બીલની રકમ જોતા ખૂબ જ કકળાટ થાય. ડૉ. મમતાને આની કોઈ અસર નહીં. એક જ ગુરુમંત્ર, હું મારું કામ ૧૦૦ ટકા ખાતરીથી કરું છું અને તેનું પૂરેપૂરું યોગ્ય વળતર લઉં એમાં કશું ખોટું નથી.

એકવાર તેજકુંવરબા નામની દર્દી ડિલીવરી માટે એડમીટ થઈ. કોઈ વિક્રમગઢ નામની નાની રિયાસતના માલિક ઠાકોર સમશેરસિંહ કાળક્રમે આર્થિક રીતે નબળાં પડ્યા હતા પણ ખાનદાની ને ખુમારી જાળવી રાખી હતી. ડૉકટરના મનમાં પૈસા પડાવવાની દાનત. સિઝેરીયન કરવું જ પડશે અને ખર્ચો પણ ઘણો વધી જશે. સમશેરસિંહે બહુ દલીલ કરી કે એકવાર નોર્મલ ડિલીવરીનો પ્રયત્ન કરી તો જુઓ. ઠકરાણાની તબિયત ઘણી સારી છે પણ ડૉકટરે પોતાની મમતા ન છોડી અને આખરે સિઝેરિયન જ કર્યું. રજા લેતા બિલની રકમ જોઈ ઠાકોરના મોંમાંથી રાડ ફાટી ગઈ. 'આ શું જુલમ છે ડૉકટર સાહેબા?' ત્યારે ડૉકટરે લુચ્ચું હસતાં કહ્યું, 'અરે! આપ તો વિક્રમગઢના રાજવી, આપને ક્યાં કોઈ તકલીફ છે?' ઠાકોર ધીરગંભીર અને સમજુ જીવ. તરત જ શહેરમાં જઈ પગમાં પહેરેલો

૩ કીલો ચાંદીનો તોડો વેચી નાખ્યો ને નર્સિંગહોમમાં બિલની રકમ ભરપાઈ કરી વિદાય લીધી.

બરાબર એક વર્ષ પછી વરસાદની મેઘલી રાત હતી. શહેરથી ૫૦ કિમી. દૂર એન.આર.આઈ. મિત્રના ફાર્મમાં પાર્ટી હતી. મિત્રના બહુ આગ્રહ અને દબાણથી ડૉ. મમતા સેલ્ફ ડ્રાઈવિંગ કરીને ત્યાં આવ્યા હતા. રાત્રે મોડું થયું અને મિત્રે વરસાદની તોફાની રાતે ન જતા રોકાઈ જવા ખૂબ કહ્યું. પણ લોભી ડૉકટરને તો સવારના સિઝેરિયન અને પૈસાની થપ્પી જ દેખાતી હતી. ફાર્મથી દસેક કિમી. જેટલું ગયા ને ત્યાં જ પેટ્રોલ ખલાસ. હવે ડૉકટરને ભાન થયું કે કેવા ફસાયા. ચારેબાજુ વેરાન જંગલ અને કાળમીંઢ અંધકાર. વળી, મોબાઈલની બેટરી લો હોવાથી સેલફોન પણ બંધ થઈ ગયો હતો. ડૉકટર ગભરાયા, શું કરવું? ત્યાં જ કોઈની કારની હેડલાઈટનો પ્રકાશ દૂરથી દેખાયો. ગાડીમાંથી બહાર નીકળી સામેની કારને રોકવા રસ્તા વચ્ચે ઊભા રહ્યા. સામેની ગાડી ઊભી રહી ને ડૉકટરે ટૂંકમાં પોતાની સ્થિતિ સમજાવી. પેલી વ્યક્તિએ પોતાની હવેલી નજીકમાં છે તેમ જણાવી ડૉકટરને કારમાં બેસવા કહ્યું, પણ ડૉકટરે અજાણ્યાને જોઈ હિંમત ન કરી. પણ વિનંતી કરી કે પેટ્રોલની વ્યવસ્થા કરી આપો. પેલી વ્યક્તિએ કહ્યું કે પેટ્રોલ મળશે પણ તેની કિંમત તમે નહીં ચૂકવી શકો. ડૉકટરે પર્સ ખોલીને ૫૦૦ રૂ. આપ્યા. હજાર આપવાની તૈયારી બતાવી, પણ પેલાએ કહ્યું કે તમારા હાથની વીંટી આપો તો જ પેટ્રોલ મળશે. ડૉ. મમતાને ચક્કર આવી ગયા. રૂ. ૩૫૦૦૦ની વીંટી આપતા જીવ કેમ ચાલે? પણ નાછૂટકે વીંટી આપી. પેલી વ્યક્તિએ પેટ્રોલ કાઢીને ડૉકટરની ગાડીમાં નાખી આપ્યું. તે વ્યક્તિ એટલે બીજી કોઈ નહીં પણ ઠાકોર સમશેરસિંહ.

'ડૉકટર સાહેબ', એક સ્ત્રી સ્વર ગાડીમાંથી સંભળાયો. 'એક જ શરતે વીંટી પાછી મળશે. અમારી મહેમાનગતિ માણીને પછી રજા મળશે.' ડૉકટરે ગાડીમાં નજર નાંખી ને સ્ત્રી ચહેરાને ઓળખવાનો પ્રયાસ કર્યો. ત્યારે ઠાકોર સમશેરસિંહે એટલું જ કહ્યું, 'મુસીબતમાં ફસાયેલી વ્યક્તિને યથાશક્તિ મદદ કરવી ને તેનો ગેરલાભ ક્યારેય નહીં લો એટલું વચન આપો.' ત્યારે ડૉકટરની આંખોમાંથી પશ્ચાતાપની ધારા વહેતા હતી ને વરસાદ થંભી જવાથી પ્રકૃતિ પણ પુરબહાર ખીલી ઊઠી હતી.



આજે મમતા બેનરજીના ક્લિનિકના પ્રવેશદ્વાર પાસે જ એક બોર્ડ છે. જેમાં લખ્યું છે કે, 'જરૂરિયાતમંદ પેશન્ટોની નિઃશુલ્ક સારવાર થશે'. ડૉ. મમતા બેનરજીએ પ્રસન્ન ચિત્તે કર્તવ્ય અદા કરી પોતાનું નામ સાર્થક કર્યું.

## ૫. મૂર્ખ ભાતીયું

(વાજા સાક્ષી જીતુભાઈ, શ્રી હરમડિયા કન્યા પ્રા. શાળા, હરમડીયા, જિ. સોમનાથ)

એક ગામ હતું. તે ગામનું નામ રામપુર હતું. તે ગામની અંદર એક આશ્રમ હતો. તે આશ્રમમાં રસોઈના બધા સાધનો હતા.

ગામમાં જ્યારે કોઈ પ્રસંગ હોય ત્યારે ત્યાં જમવાનું બનાવવાનું હોય તો રસોઈના બધા જ સાધનો તે આશ્રમમાંથી લઈ આવતા. એક વાર એમ થયું કે, રસોઈમાં વપરાતો ચમચો અને ભાત કાઢવાનું ભાતિયુ બંને એક બીજા સાથે ઝઘડો કરવા લાગ્યા.

ભાતિયુ કહે છે : ''ચમચા, હું તારી જગ્યાએ આવવા માગું છું.'' ચમચો બોલ્યો : ''હું તારી વાત સમજ્યો નહીં, એટલે તું મને બીજી વાર વાત બોલ.'' ભાતીયુ બોલ્યું : ''એટલે કે હું તારો જ્યાં વપરાશ થાય છે તે જગ્યાએ તારા વપરાશની બદલે મારો વધુ વપરાશ થાય તે હું માગું છું.''

ચમચો બોલ્યો : ''ભાતિયા, તને તારા કામમાં રસ નથી? ભગવાને તને કેટલું સરસ કામ આપ્યું છે. તને તો તે કામમાં વધુ મજા આવવી જોઈએ. તેને બદલે તને બહુ અફસોસ થાય છે, એવું કેમ?'' ભાતિયાઓ જવાબ આપ્યો : '' હું ફક્ત ભાત કાઢવામાં જ ઉપયોગી થાઉં છું. તું તો શાક કાઢવા માટે, દાળ કાઢવા માટે, રસ કાઢવા માટે, દાળ દબાવવા માટે અનેક જગ્યાએ તું ઉપયોગી છે!''

ચમચાએ કહ્યું કે મને બીજાના કામ કરતા મારું કામ ગમે છે. અને મારા કામ પ્રત્યે ખૂબ ગર્વ અને લાગણી છે. ભાતિયા તને તારા કામ પ્રત્યે ગર્વ કે લાગણી નથી?

ભાતિયુ બોલ્યું, ''ચમચા'' એવું શા માટે કહે છે? ચમચાએ જવાબ દીધો કે એમ જ ને તને તારું કામ ગમતું નથી અને બીજાનું કામ સારું લાગે છે. હું તને

મારું કામ સોંપી દઉં તો તું તેને લાગણી અને લગનથી કરીશ. તો હું તને મારું કામ સોંપવા તૈયાર છું.

ભાતિયાએ જવાબ આપ્યો કે હા હું તારું કામ લગન અને લાગણીથી કરીશ. જો તારું કામ મારાથી સરખું ન થયું તો તું જે કહીશ તે હું કરવા તૈયાર છું.

ચમચાએ કહ્યું કે હા હું તને મારું કામ સોંપી દઉં છું. તું તેને સારી રીતે કરજે. ભાતિયુ બોલ્યું : ''ચમચા તારો આભાર. હવે હું તમારી જગ્યાએ પ્રસિદ્ધ થવાનો છું. મને ખૂબ આનંદ થાય છે. હું ખૂબ ખુશ છું. તારો આભાર મને તારી જગ્યા સોંપવા માટે.''

બે-ત્રણ દિવસ પછી.

ભાતિયુ દોડતું-દોડતું ચમચા પાસે આવ્યું અને કહ્યું કે 'ચમચાભાઈ મને તમે માફ કરી દો. મારાથી બહુ મોટી ભૂલ થઈ છે.'

ચમચો બોલ્યો 'કેમ શું થયું તમે મારી પાસે શેની માફી માંગો છો. મને બધી વાત વિસ્તારથી કરો.' ભાતિયુ કહેવા લાગ્યું કે 'જ્યાં જમણવાર માટે રસોઈ તૈયાર થતી હતી ત્યાં બધા લોકો ચમચાના વખાણ કરતા હતા. અને સાથે સાથે મારા પણ વખાણ કરતા હતા કે આ બધા સાધન આપણને કેટલા ઉપયોગી છે. મને આ બધા સાધનો ખૂબ ગમે છે. તેમ લોકો જમણવારમાં વાત કરતા હતા.

ત્યારે મને સમજાયું કે ભગવાને આપણામાં કેટલી શક્તિ આપી છે. અનેક લાક્ષણિકતા દીધી છે. એ બધાથી આપણે સંતોષ માનવો જોઈએ. આપણે બીજાના કામમાં બાધા થાય જેને નુકસાન થાય તેવું કામ કોઈ દિવસ ન કરવું જોઈએય આપણે આપણા કામમાં જ ધ્યાન રાખવું જોઈએ. ચિપીયો બોલ્યો : ''મને ખબર જ હતી કે તને તારી વાતની ભૂલ સમજાઈ જશે.''

ભાતિયુ આજે મને તમારી વાત સમજાય કે ભગવાને જે આપણને દીધું તેટલામાં જ આપણે રાજીખુશીથી રહેવું જોઈએ. મને એમ લાગતું હતું કે ભગવાને બધાને સારી સારી શક્તિઓ દીધી છે. અને મને એમ લાગતું કે શક્તિ ભગવાને આપી જ નથી.

'મને આ વાત સમજાઈ ગઈ કે મને મારી શક્તિનો અનુભવ થયો. મારી પાસે પણ ખૂબ શક્તિ છે. હું પણ ઘણો ઉપયોગી છું. મારામાં પણ શક્તિ છે. મને પણ મારા કામ પ્રત્યે ગર્વ અને લાગણી છે. મને ખુશીનો અનુભવ થાય છે.'



ચમચો બોલ્યો કે, 'તને તારી શક્તિનો અંદાજો નથી. પણ તારી પાસે કેટલી સરસ અને કામ કરવાની શક્તિ છે. પરંતુ તને તારી શક્તિનો અનુભવ ન હતો.

મને ખૂબ આનંદ થયો કે તને તારી ભૂલ સમજાઈ ગઈ અને પસ્તાવો થયો. મને બીજા કામ કરવા છતાં મને પોતાનું કામ ખૂબ ગમે છે.'

ચમચો અને ભાતિયા જે વાત કરતા હતા તે બધા સંવાદો લીંબુના રસ કાઢવાનું સાધન સાંભળતું હતું અને તેને ખૂબ મજા આવી. તે કહે કે 'મને ખબર હતી કે તને પણ તારી ભૂલ સમજાઈ જશે. કેમ કે મને પણ મારી ભૂલ સમજાઈ ગઈ હતી. હું એટલો જ મૂર્ખ હતો જેટલો તું હતો.'

'મને મારા કામ કરતા બીજાનું કામ બહુ ગમતું તેથી મને પણ કામ ઉપર રસ ન હતો. પણ, મને એવી શીખ મળી કે આપણે આપણું જ કામ કરવું જોઈએ. બીજાના કામની અપેક્ષા ન રાખવી જોઈએ. ભગવાન જે કરે છે તે આપણા ભલા માટે કરે છે. આપણે ભગવાન પર વિશ્વાસ રાખવો જોઈએ.'

ત્યારપછી ચમચો, ભાતિયા અને લીંબુના રસ કાઢવાનું સાધન હળીમળીને સાથે રહેતા અને કોઈના લગ્ન પ્રસંગમાં સાથે રહેતા અને જે કામ આપ્યું હોય તે પોતે જ પોતાનું કામ કરતા અને સારો જમણવાર કરતા હતા.

**બોધ :** આપણે ભગવાન પર વિશ્વાસ રાખવો જોઈએ. ભગવાન કોઈને સારા બનાવે, કોઈને નબળા બનાવે પણ મગજ અને શક્તિ સરખી જ આપે છે. ભગવાન જેટલું આપે તેટલાથી જ સંતોષ માનવો જોઈએ. રાજીખુશીથી રહેવું જોઈએ.

આપણે બીજાની શક્તિની અદેખાઈ ન કરવી જોઈએ. આપણે આપણી શક્તિનો ઉપયોગ કરવો જોઈએ અને પોતાની જાતને બીજા સાથે સરખાવવી જોઈએ નહિ.

## ૬. કર્મણ્યેવાધિકારસ્તે

(મહેતા રિના જતીન, શ્રી જે.જે. ઈંગ્લીશ મિડીયમ, નવસારી)

ચોમાસાની રાત હતી. ઘડિયાળનો કાંટો દસ વાગ્યાનો સમય બતાવી રહ્યો હતો. સડકો સૂમસામ હતી. એકલદોકલ વાહનો દેખાઈ રહ્યા હતા.

અમદાવાદ શહેરનાં જાણીતા ઉદ્યોગપતિ નવીનરાય બાજુના ગામમાં પોતાના એક સંબંધીને મળી શહેર તરફ પોતાની ગાડી ચલાવી રહ્યા હતા. ત્યાં જ અચાનક હાઈવે પર જતી નાની સડક પર એમની ગાડી બંધ થઈ ગઈ. દસ-પંદર મિનિટ એમણે ગાડી ચાલુ કરવાની કોશિષ પણ કરી. પણ કોઈ સફળતા ના મળી. મોબાઈલમાં પણ નેટવર્ક નહોતું પકડાતું. કોઈને સંપર્ક કરે તો પણ કેવી રીતે! એમણે ગાડીમાંથી બહાર નીકળી રસ્તાની બંને તરફ આશાભરી નજરે જોયું. પણ વરસાદ અને અંધારા સિવાય ક્યાંય કશું નહોતું દેખાતું. અડધો એક કલાકની વાટ જોયા પછી એમને દૂરથી આવતા એક વાહનની રોશની દેખાઈ. વાહન નજીક આવતા એક માણસ એમને સ્કૂટર પર દેખાયો. સ્કૂટર ચાલકે એનું વાહન ધીમું પાડ્યું. નવીનરાય શેઠને તો જાણે જીવમાં જીવ આવ્યો. એમણે પોતાની આપવીતી કહી. એ માણસે પોતાનું નામ રમેશ જણાવ્યું અને કહ્યું કે એ પોતે જ મિકેનીક છે. હાઈવે પર આવેલી પોતાની દુકાન બંધ કરી એ ગામમાં આવેલા એના ઘર તરફ જ જઈ રહ્યો હતો. રમેશે નવીનરાયની ગાડી ચકાસી અને પોતાની પાસેના સાધનોના ઉપયોગથી અડધો કલાકમાં ગાડી ચાલુ કરી દીધી.

શેઠ રમેશ પર ખૂબ ખુશ થયા અને એની કામની રકમ આપવાની ઈચ્છા જણાવી. રમેશે નમ્રતાપૂર્વક એનો અસ્વીકાર કર્યો અને કહ્યું કે, ''જરૂરતના સમયે કોઈની મદદ કરવી એ જ માનવતા છે. તમે આગળ કોઈ જરૂરિયાતમંદને મદદ કરશો એમાં જ મારું મહેનતાણુ આવી ગયું.'' આટલું કહી રમેશે વિદાય લીધી અને શેઠ શહેર તરફ જવા રવાના થયા.

કકડીને ભૂખ લાગી હતી એટલે હાઈવે પરની એક હોટલના પાર્કિંગ લોટમાં ગાડી થોભાવી. હોટલની અંદર પ્રવેશ્યા ત્યાં જ હોટલના વૃદ્ધવયનાં દેખાતા મેનેજરે એમને ટુવાલ આપ્યો. તેમને સ્મિતભર એ ટુવાલ લઈ પોતાનું માથું લૂછ્યું અને મેનુમાંથી ભોજન ઓર્ડર કર્યો. સ્ટાફની અછત હોવાથી મેનેજર જ ભોજન લઈને આવ્યા. ભોજન સમાપ્ત કર્યા બાદ બીલ ચૂકવવાની સાથે એમને રમેશની વાત યાદ આવી. એમનું ધ્યાન વૃદ્ધ મેનેજર કમ વેઈટર પર પડ્યું અને એમણે તરત જ ૨૦૦૦ રૂ.ની બક્ષિસ એ મેનેજરને આપી. ગળગળા થયેલા મેનેજર પાસેથી એમણે વિદાય લીધી અને ઘર તરફ જવા રવાના થયા.



નવીનરાય શેઠના ગયા પછી મેનેજરે પોતાની આંખમાંથી આવેલા ખુશીના ઝળહળીયાં સાફ કર્યા. મનોમન ભગવાનનો આભાર માન્યો. એમનું મન જ જાણતું હતું કે આ પૈસાની એમને કેટલી જરૂર હતી. એમની પત્નીને હૃદયની બીમારી હતી. પણ શહેરના નિષ્ણાત ડૉકટર પાસે ઈલાજ કરાવવાની રકમ એમની પાસે નહોતી. બાપ અને એમનો એકનો એક દીકરો દિવસ રાત મહેનત કરી પૈસા જોડી રહ્યા હતા. છ મહિનાની મહેનત પછી પણ પંદરસો રૂપિયાની હજુ કમી હતી. અને એ રકમ ભેગી કરતા હજુ મહિના-માસ નીકળી જાત. પણ આજે એમના હોટલના દરવાજે આવેલા સજ્જને એમને બે હજાર રૂપિયા આપી એમની એ ઘટ પૂરી કરી. એમને તો જાણે ભગવાન મળ્યા.

મનને થોડું સ્થિર કરી એમણે પોતાનાં ઘરે ફોન જોડ્યો. ધાર્યા મુજબ ફોન દીકરાએ જ ઉપાડ્યો હતો. દીકરાનો અવાજ સાંભળતા જ એમણે કહ્યું, ''બેટા રમેશ, આપણા પહેલાંના કરેલા કોઈક કર્મ આજે આપણને કામ આવ્યા છે. એક સજ્જને મને બે હજાર રૂપિયાની બક્ષિસ આપી છે. હવે આપણે તારી મમ્મીનો ઈલાજ તાત્કાલિક શરૂ કરી શકીશું.'' સામે છેડે રમેશ પોતાની આજની જ માનવતાના ઈરાદે કરેલી મદદને યાદ કરી આંખમાંથી આંસુ વહાવી રહ્યો હતો.

## ૭. મોબાઈલના મિત્ર બનો, ગુલામ નહીં

(મિસ્ત્રી દિશા વી., શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સ્કુલ, ગાંધીનગર)

ધ્રુવી અને ઈશા બંને પાકી બહેનપણીઓ. જ્યાં જ્યાં જુઓ ત્યાં બંને સાથે ને સાથે જ હોય. બંને રહે છે પણ નજીક જ. બંને બહેનપણીઓને સાથે રમવાનું, સાથે જ શાળાએ જવાનું. બંને જણ રજાના દિવસ સિવાય હંમેશા સાથે જ જોવા મળે. આ બંને બહેનપણીઓ વચ્ચે જે ફરક હતો તે માત્ર પૈસાનો જ હતો. ધ્રુવી ખૂબ જ શ્રીમંત મા-બાપ દીકરી હતી. પણ તેને કારણે તેમની મૈત્રીમાં ક્યારેય કોઈ ઊણપ નહોતી આવતી. વળી કોઈ કારણોસર ઈશા શાળાની ફી ન ભરી શકે તો ધ્રુવીની મમ્મી-પપ્પા તેની ફી ભરી દેતા હતાં. ધ્રુવીના મમ્મી-પપ્પાને મન તો ધ્રુવી અને ઈશા બંને સમાન જ હતા.

ધ્રુવીને મોબાઈલ, લેપટોલ તેમજ આધુનિક ઉપકરણો ખૂબ જ ગમે. ધ્રુવી અને ઈશા શાળમાંથી છૂટ્યા પછી પોતપાતાના ઘેર જતા રહેતાં. ધ્રુવી ઘરે જઈને તરત જ મોબાઈલમાં ગેમ રમવા લાગતી. જ્યારે ઈશા ઘરે જઈને કપડાં બદલી હાથ-પગ ધોઈ શાંતિથી બેસતી અને મમ્મી સાથે શાળામાં કરેલી પ્રવૃત્તિ વિશે વાતો કરતી હતી. બંને બહેનપણીઓનો રવિવારની રજાનો નિત્યક્રમ પણ જુદો-જુદો હતો. ધ્રુવી મોડી ઉઠે, મોડી નહાય અને જમે પણ મોડી જ અને આખો દિવસ ટી.વી. જોવામાં અને મોબાઈલમાં ગેમ રમવામાં પસાર કરે. જ્યારે ઈશા સવારે વહેલી ઉઠે, મંદિરે દર્શન કરવા જાય, મમ્મીને ઘરકામમાં મદદ કરે, ઉપરાંત તેના ઘર પાસે આવેલા વાડામાંના વૃક્ષો તેમજ રોપાનું જતન અને માવજત કરે. સાંજ પડે એટલે બંને સખીઓ આંટો મારવી નીકળે. તે સમયે પણ ધ્રુવી કાનમાં મોબાઈલના હેડફોન ભરાવી ગીતો સાંભળે તો ઈશા આજુબાજુ દેખાતી દરેક વસ્તુનું સૌંદર્ય માણતી હતી. તેમજ જ્યાં-જ્યાં તેને કચરો દેખાય ત્યાંથી કચરો ઉપાડીને કચરા પેટીમાં નાખી દેતી હતી. ઈશાને આમ કરતાં જોઈ કચરો નાખનારા પણ ભોંઠા પડી જતા અને કચરો કચરાપેટીમાં નાખવા લાગ્યા હતાં. ઈશા તેના નવરાશના સમયે તરણના વર્ગમાં જાય, ચિત્ર દોરે, વાર્તા લખે, જ્યારે ધ્રુવી મોબાઈલ લઈ ગેમ રમે અને ટી.વી. જોયા કરે.

એક દિવસ તેમની શાળામાંથી બધાને ડાકોર-ગલતેશ્વરના એક દિવસીય પ્રવાસમાં લઈ ગયા. પ્રવાસમાં પણ ઈશા અને ધ્રુવી હોય તો સાથે જ. આ વખતે પણ ધ્રુવી પ્રવાસના સ્થળોનો સુંદર પ્રાકૃતિક નજારો જોવાના બદલે મોબાઈલમાં ગીત સાંભળે, પીકચર જુએ. સાહેબ બધા વિદ્યાર્થીઓને ગલતેશ્વર નદી જોવા માટે તે તરફ લઈ ગયા અને તેના વિશે માહિતી આપતા હતા. આ સમયે પણ ધ્રુવી તેના મોબાઈલમાં ગીત સાંભળવામાં મશગૂલ હતી. તેથી નદીમાં તેનો પગ લપસી ગયો તેનો પણ તેને ખ્યાલ ના રહ્યો. તે નદીમાં ડૂબવા લાગી. ઈશાએ ધ્રુવીને નદીમાં ડૂબતા જોઈ કે તરત જ તેણે પણ નદીમાં ઝંપલાવ્યું. ફક્ત બે મિનિટમાં જ તેણે ધ્રુવીને બહાર કાઢી નાખી અને તેને ઊંધી પાડી દીધી. થોડીવારે ધ્રુવી સ્વસ્થ થઈ. સાહેબે ઈશાને શાબાશી આપી અને ધ્રુવીને ઠપકો આપ્યો. બધા પ્રવાસેથી પોતપોતાના ઘરે પરત ફર્યા.



બીજા દિવસે ધ્રુવીએ મોબાઈલને કારણ વગર ન રાખવાનો, સાંભળવાનો તેમજ ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાના કૌશલ્યો વિકસાવવાનો તેમજ ધારદાર બનાવવાનો નિર્ણય કર્યો. ધ્રુવી અને તેના મમ્મી-પપ્પાએ ઈશાનો આભાર માન્યો તેમજ તેને ઉપહારમાં સાઈકલ આપી. જેની ઈશાને ખૂબ જ જરૂરિયાત હતી. હવેથી ઈશા અને ધ્રુવી ફક્ત સૂવા માટે જ પોતાના ઘરે જાય છે. આખા દિવસની પ્રવૃત્તિ તે બંનેની એક જ સરખી હોય છે.

**બોધ :**

સારી વ્યક્તિનો પ્રભાવ પડ્યા વગર રહી શકતો નથી માટે મિત્રતા હંમેશા સારી વ્યક્તિની જ કરવી.

## ૮. પશુપ્રેમી રાણી

**(ચૌહાણ ભૂમિ કરસનભાઈ, શ્રી કન્યા પ્રા. શાળા, ધામળેજ, જિ. સોમનાથ)**

પ્રતાપગઢ નામનું એક રાજ્ય હતું. તેમાં પ્રતાપસિંહ નામે રાજા રાજ કરતો હતો. રાજા પ્રજાવત્સલ હતો. તે પોતાના રાજ્યની પ્રજાને કોઈ પણ પ્રકારનું દુઃખ પહોંચવા દેતો ન હતો. પણ રાજાને એક અજીબ શોખ હતો. તે શોખ હતો વિવિધ પ્રકારનાં પ્રાણીઓ અને પક્ષીઓને પાળવાનો. તેનાં પ્રાણીસંગ્રહાલયમાં દરેક પ્રકારનાં પ્રાણીઓ અને પક્ષીઓ હતા. તેમજ માછલી, મગર, સાપ વગેરે જેવા જીવો પણ હતાં. રાજા પ્રાણીઓ અને પક્ષીઓને પાંજરામાં કેદ કરી રાખતો. રાજાને એક રાણી હતી. તે ખૂબ જ દયાળુ અને પશુપ્રેમી હતી. રાણીને રાજાનો આ શોખ જરાય પણ પસંદ ન હતો. તે માનતી હતી કે તમામ સજીવોને આઝાદી મળવી જોઈએ. રાણીએ રાજાને આ વાત કહી પણ રાજાએ રાણીની વાતને કાને ન ધરી. દિવસે ને દિવસે રાજાનો આ શોખ વધતો જતો હતો.

એક વખત તો આ બાબતને લઈને રાજા-રાણી વચ્ચે ખૂબ મોટો ઝઘડો થયો. રાજારાણીએ એકબીજા સાથે વાત કરવાનું માંડી વાળ્યું. થોડા અઠવાડિયાં

વીતી ગયા. રાજા તો આ ઝઘડો ભૂલી ગયો પણ રાણી આ વાત ભૂલી ન શકી. તેણે રાજાને પાઠ ભણાવવાની ગાંઠ વાળી દીધી.

રાજાને ચૂડામણિ નામનો મંત્રી હતો. તે પણ ખૂબ દયાળુ હતો. તે પશુ-પક્ષીઓને ખૂબ ચાહતો હતો. રાજા પશુ-પક્ષીઓને પાંજરામાં પૂરી રાખતી. તે મંત્રીને ગમતું ન હતું. મંત્રી રાજાને કશું કહી પણ શકતો ન હતો. તે તમામ જીવોને પાંજરામાંથી મુક્ત કરવા માગતો હતો. પણ તે કંઈ પણ કરવામાં અસમર્થ હતો.

એક વખત રાણીએ મંત્રી ચૂડામણિને બોલાવ્યો. તે રાણી પાસે હાજર થયો. રાણીએ તેને પોતાનાં મનની વાત જણાવી અને મંત્રીને કોઈ ઉપાય વિચારવા કહ્યું. પછી મંત્રીએ રાણીની રજા લીધી.

થોડા દિવસ પછી મંત્રી રાણી પાસે આવ્યો. તેણે એક યુક્તિ વિચારી હતી. તેણે રાણીને પોતાની યુક્તિ કહી. રાણી મંત્રીની યુક્તિ સાંભળી ખુશ થઈ અને આ યુક્તિ તાત્કાલિક અજમાવવા કહ્યું.

એક દિવસ મંત્રીએ રાજાને પોતાની સાથે જંગલમાં ફરવા આવવાનું કહ્યું. મંત્રી અને રાજા જંગલમાં ફરવા ગયા. ફરતાં-ફરતાં તેઓ ખૂબ દૂર પહોંચી ગયા. તેઓ એક નદીમાંથી પાણી પી પાછા ફરતાં હતાં ત્યારે જંગલમાં રહેનારા આદિવાસીઓએ રાજા અને મંત્રીને ચારેબાજુથી ઘેરી લીધા. તેઓએ મંત્રીને છોડી દીધા પણ રાજાને પોતાની સાથે લઈ ગયા અને પાંજરામાં પૂરી દીધાં.

થોડાં અઠવાડિયા વીતી ગયા. રાજાએ ખૂબ એકલપણું અનુભવ્યું. તેને પોતાના પરિવારની યાદ આવવા લાગી. તે એકદમ ઉદાસ થઈ ગયા. ત્યારે તેને કોઈકનાં આવવાનો અવાજ સંભળાયો. તેણે જોયું તો તે પોતાની રાણી અને મંત્રી હતા. તે બંનેને જોઈ રાજા ખુશ થયા. પણ તેને ડર હતો કે આ આદિવાસીઓ પોતાની રાણી અને મંત્રીને પણ કેદ કરી દેશે તો? પણ આદિવાસીઓએ એવું ન કર્યું. ત્યારે રાણી કહ્યું : ''તમને આ પાંજરામાં રહીએ તો થોડાં જ અઠવાડિયાં થયા છે. પણ પેલાં પશુ-પક્ષીઓએ તમે ઘણાં વર્ષોથી કેદમાં રાખ્યા છે. તેને પોતાના પરિવારની યાદ નહીં આવતી હોય? તેને મુક્ત થવાની ઈચ્છા નહીં હોય?'' રાણીની વાત સાંભળી રાજાને બધું જ સમજાઈ ગયું. તેણે રાણીની માફી માંગતા કહ્યું, ''મને માફ કરી દો રાણી. આજથી હું કોઈ પણ જીવને કેદ નહીં



કરું અને જે જીવોને કેદમાં રાખ્યા છે તેને પણ મુક્ત કરી દઈશ.'' મંત્રીએ રાજાને પાંજરામાંથી મુક્ત કર્યા.

રાજા પોતાનાં રાજ્યમાં આવ્યા અને બધાં જ પ્રાણીઓને જંગલમાં મૂકી આવવાની અને પક્ષીઓને પાંજરામાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો. પક્ષીઓને આકાશમાં વિહરતાં જોઈ રાજા-રાણી ખુશ થયા અને મંત્રીની આંખોમાં પણ ઝળહળિયાં આવી ગયા.

રાજાએ પોતાનાં રાજ્યમાં પક્ષીઓ માટે ચબૂતરા બનાવ્યા છે અને તેને પાણી પીવા માટે નાના કૂંડ બનાવ્યા છે તેમજ જીવનમાં શિકાર પર પ્રતિબંધ મૂક્યો છે.

## ૯. કેશા

(ક્રીમા પ્રકાશભાઈ સોલંકી, જ્ઞાનશાળા, અમદાવાદ)

મેરૂ નામના પર્વતની તળેટીમાં રામપુર નામના ગામમાં કેશા નામની એક સુંદર યુવતી રહેતી હતી. કેશાના વાળ એટલા લાંબા હતા કે તે ચાલતી ત્યારે વાળ જમીન પર ઢસડાતા હતા. તેથી જ તેનું નામ કેશા પડી ગયું હતું. કેશા અને તેની માતા તે જ ગામમાં એક નાની ઝૂંપડીમાં રહેતા હતા. તેમની આસપાસ રહેતા પડોશીઓ સાથે કેશા અને તેની માતાના સંબંધો સારા હતા.

રામપુરમાં દર વર્ષે દુષ્કાળ પડતો હતો. ગરમી એટલી બધી પડતી હતી કે બધા કૂવા, તળાવો અને નદી સુકાઈ જતા. લોકોને દૂર-દૂરની જગ્યાએ જઈને પાણી ભરી લાવવું પડતું હતું. એક-એક દેગડા પાણી માટે માઈલોના માઈલો ચાલવું પડતું. તેથી ખેતી થતી નહીં. અને તેથી જ ગરીબાઈ પણ વધતી જ જતી હતી.

એક દિવસ કેશા ઘેટા માટે ચારો લેવા જતી હતી. ખૂબ દૂર સુધી ગઈ પરંતુ એક તણખલા જેટલું પણ ઘાસ તેને ન મળ્યું. તેણે મેરૂ પર્વત પર ચડવાનું નક્કી કર્યું. કદાચ પર્વતના ઢોળાવો પર થોડુંઘણું ઘાસ મળી જાય! પર્વત પર ચડવું ખૂબ અઘરું હતું. છતાં ય તે ચડી ગઈ. ત્યાં તેણે એક લીમડાના ઝાડ નીચે થોડો આરામ કર્યો. તે આરામ કરવા આડી પડી ત્યારે તેણે એક સુંદર વેલ જોઈ. 'અરે

વાહ ... આ વેલ ખેંચીને મારા ઘેટા માટે લઈ જવાય તો તેમના એકાદ દિવસના ખોરાકનો બંદોબસ્ત થઈ જાય'' એવું મનોમન વિચાર્યું. ખૂબ જોર કરીને તેણે વેલ મૂળમાંથી જ ખેંચી કાઢી ત્યાં જ એક અજબ બનાવ બન્યો. વેલની છેક નીચેથી મોટું કોળું જમીનમાંથી બહાર આવ્યું અને જેવું કોળું બહાર આવી ગયું કે તરત જ તે જગ્યાએ મીઠા પાણીનો મોટો ફુવારો ઉડ્યો. આ જોઈને કેશા તો આનંદથી થનગની ઉઠી! આટલું બધું પાણી. તે પાણીના ફુવારામાં નહાવા લાગી. તેણે ધરાઈને પાણી પી લીધું. અને સાથે લાવેલ દેગડાઓમાં પણ પાણી ભરી લીધું. એ પાણી અમૃતથી પણ વધુ મીઠું હતું. તેને પોતાની ગરીબ અને દુઃખી મા તથા ગામના અન્ય લોકો યાદ આવ્યા. તે બધા પાણી વગર ટળવળતા હતા. ત્યારે કેશા વિચારી લાગી કે, ''કોઈ પણ રીતે આ ફુવારાના પાણીને ગામ તરફ વાળી શકાય, તો આખા ગામનો પાણીનો પ્રશ્ન હલ થઈ જાય. આવા વિચારો કેશાના મનમાં આવવા લાગ્યા.

એવામાં જ એકાએક સખત વાવાઝોડું આવ્યું. પેલું મોટું કોળુ તો જમીન પરથી ઊડીને પહાડની ટોચ પર પહોંચી ગયું. અને અમૃત જેવા પાણીના ફુવારા પણ બંધ થઈ ગયા. તેથી કેશા પણ કોળાની સાથે ઊડીને પહાડની ટોચે પહોંચી ગઈ. તે ખૂબ ગભરાઈ ગઈ. પહાડની ટોચે એક સુંદર ભૂરા કાચ જેવા ચોખ્ખા પાણીનું સરોવર જોઈને કેશા તો ખુશખુશાલ થઈ ગઈ. પરંતુ કેશાની ખુશી લાંબા સમય સુધી ટકી રહી નહીં. એક મોટો અને ભયાનક રાક્ષસ ત્યાં ઊભો હતો. તેણે ગુસ્સામાં કેશાને કહ્યું, ''છોકરી, હું આ પર્વતનો માલિક છું. તળેટીનું ઝરણું તથા આ સરોવર મારી માલિકીના છે. તને આ બંને વિષે જાણ થઈ ગઈ છે. જો તે આમાંથી એક પણ પાણીના સ્રોત વિષે ગામના લોકોને વાત કરી તો તારી ખેર નથી. હું તને આ ઠંડા પાણીના સરોવરમાં ડુબાઈ દઈશ. અને તારા આ સુંદર વાળ પરથી ઝરણાનું પાણી સતત વહ્યા કરે તેવી વ્યવસ્થા કરીશ. ખબરદાર છે! કોઈને પણ આ પાણીની વાત કરીશ તો તને ઠીક નહીં રહે.''

કેશા કાંઈ પણ બોલે તે પહેલા વાવાઝોડાના પવન પર સવાર થઈને તે પર્વતની તળેટીમાં આવી ગઈ.

આ ઘટના કેશા માટે એક સ્વપ્ન જેવી હતી. આવું બધું જોઈને અર્ધા કલાકમાં તે ગામમાં પાછી આવી ગઈ. તેના હાથમાં પેલા વેલાની એક ડાળી હતી, જે પર્વત



પર ગયાની એક માત્ર નિશાની હતી. કેશા ઘણા દિવસો સુધી વિચારતી રહી કે ગામથી થોડેક જ દૂર આટલું બધું અમૃત જેવું મીઠું પાણી છે તે લોકોને કહેવું કે કેમ? જો તે બધાને કહેશે તો પેલો રાક્ષસ તેને સરોવરમાં ડુબાડીને તેના વાળ પરથી ઠંડા પાણીનું ઝરણું વહેવડાવવાનો હતો! કેશા બોલતી, હસતી, રમતી બંધ થઈ ગઈ. તે સતત ચિંતામાં રહેવા લાગી! એક તરફ આખું ગામ હતું અને બીજી તરફ પોતાની જિંદગીનો સવાલ હતો! હવે કરવું શું? ચિંતામાં ને ચિંતામાં તેના સુંદર લાંબા વાળ કાળાની જગ્યાએ સફેદ થવા લાગ્યાં. લોકો પાણી વગર વલખા મારતા હતા. ઢોર પણ મરવા લાગ્યા હતા. કેશા અકાળે વૃદ્ધ થઈ ગઈ હોય તેવી દેખાવા લાગી.

એક દિવસ તો તે પોતાની માંદી મા માટે એક ડોલ પાણીની વ્યવસ્થા પણ કરી શકી નહીં. પુષ્કળ ગરમી હતી. કેશાએ મનમાં મક્કમ કરીને એક નિર્ણય લીધો, ભલે મારે ગામ લોકોને પેલો પાણીનો ફુવારો અને પેલું સરોવર બતાવીને મરી જવું પડે તો ય તે મને મંજુર છે. રાત પડી ગઈ. ઘણા વખતે આજે કેશાને શાંતિથી ઊંઘ આવી.

બીજે જ દિવસે તેણે ગામના લોકોને ફળિયામાં ભેગા કર્યા. તેણે પર્વત પરના ફુવારાની તથા સરોવરની અને રાક્ષસે તેને આપેલી ધમકીની વાત ગામલોકોને કરી. છેલ્લે તેણે કહ્યું કે, 'મને મોતનો ભય નથી. ચાલો, તમને હું પાણી મેળવવાની જગ્યા બતાવું.''

ગામના લોકોની વચ્ચે એક સુંદર અને સમજુ યુવાન બેઠો હતો. તેણે ઊભા થઈને કહ્યું, ''કેશા તારે મરવાની જરૂર નથી. મારી પાસે એક ઉપાય છે. આપણે અદલ તારા જેવું એક પૂતળું બનાવીએ. તું તારા વાળ કપાવીને મને આપી દે. હું એ પૂતળા પર તારા સાચા વાળ ચોંટાડી દઈશ. વળી, તારું માથું બોડું થઈ જશે એટલે રાક્ષસ પણ તને જોશે છતાં તે તને ઓળખી શકશે નહીં. અને તે તારું આ પૂતળું લઈ જશે અને સરોવરમાં ડૂબાડી દેશે.

બધાને યુવાનની વાત સાચી લાગી.

બીજે જ દિવસે નાના મોટા સહુ કેશાની પાછળ પર્વત પર ચડ્યા. બધા લીમડાના ઝાડ પાસે પહોંચ્યા. કેશાએ પેલી વેલને જોઈને તરત જ ઓળખી કાઢી અને તેણે ગામના લોકોને કહ્યું કે, ''અહીં જ પાણીનો મોટો ફુવારો ઊડવાનો છે. તમે ફટાફટ અહીંથી આપણા ગામ સુધી જતી નહેર ખોદી કાઢો એટલે પાણી

બહાર નીકળીને તરત જ આપણા ગામ તરફ વળી જાય. લોકોને કેશા પર સંપૂર્ણ વિશ્વાસ હતો તેથી બધાએ ભેગા થઈને જોતજોતામાં તો આખી નહેર ખોદી કાઢી. તેણે કહ્યું, ''જેવું કોળું જમીનની બહાર આવશે કે તરત જ તેનો તમે લોકો નાશ કરજો. પછી તો જેવી ભગવાનની મરજી!''

ત્યારબાદ કેશાએ જમીનમાંથી વેલને ખેંચી કે તરત જ જમીનમાંથી પાણી ફુવારાની જેમ ઊડ્યું અને નહેર વાટે ગામ તરફ વહેવા લાગ્યું. પહેલાની જેમ આ વખતે પણ વાવાઝોડું ફૂંકાયું અને લાકડાની પેલી પૂતળી કે જેની આકૃતિ કેશા જેવી લાગતી હતી તેને લઈને પર્વતની ટોચે પહોંચી ગયું. રાક્ષસ તો રાહ જોઈને જ ઊભો હતો. તેણે ગુસ્સામાં વગર વિચાર્યે પુતળીને કેશા સમજીને સરોવરને તળિયે ડુબાડી દીધી અને સંતોષ લીધો. વળી સરોવરનું ઠંડુ પાણી પણ કેશાના વાળ પર સતત પડતું રહે તે માટે તેણે સરોવરની પાળ પણ તોડી કાઢી.

કેશાના વાળ એટલા લાંબા હતા કે તે વાળ પરથી સરોવરનું પાણી એક સુંદર મજાના ધોધની માફક ગામમાં પડવા લાગ્યું. ગામમાં પાણીની છુટ થઈ ગઈ. ખેતરોમાં પાક માટે, ઢોરના ચારા માટે, તથા પીવા માટેના પાણીનો હવે કોઈ પ્રશ્ન ન હતો. નહેરને કારણે સતત પાણી આવ્યા કરતું હતું. દુષ્કાળ પડતો પણ હવે બંધ થઈ ગયો, ગામના લોકોએ ઘણા નવા વૃક્ષો વાવ્યા અને નહેરના પાણીથી ગામમાં એક મોટું તળાવ પણ બનાવી લીધું.

રાક્ષસ ફરી પાછો મેરૂ પર્વત તરફ ગયો. કેશાના લાંબા કાળા ઝુલ્ફા ફરી ઊગી ગયા અને તે પહેલા કરતાં ય સુંદર દેખાવા લાગ્યા. કેશાની નિઃસ્વાર્થ સેવા માટે ગામના લોકોએ તેનું સન્માન કર્યું.

**બોધ :** જાનના જોખમે પણ સમાજને મદદરૂપ થવું જોઈએ.

## ૧૦. તણખલાનો ખળભળાટ

(કાટવાલા મહેક યોગેશભાઈ, વી.ડી.દેસાઈ (વાડીવાલા), સુરત)

એક હતું જંગલ. જંગલમાં બધા જ પ્રાણીઓ સુખ-શાંતિથી રહે. જંગલનો રાજા સિંહ પણ સમજુ હતો. પ્રાણીઓનો બેફામ શિકાર કરતો ન હતો.



જંગલમાં સવાર થઈ એટલે કૂકડાએ બાંગ પોકારી. કૂકડાની બાંગ એટલે કે જંગલની ઘડિયાળ. બાંગ સાંભળી બધા જાનવરો આળસ મરડી જાગી ઊઠ્યા. સૂર્યનું કિરણ પર્ણના છાપરાને ચીરતું નીચે આવે છે. પક્ષીઓનો મધુર કલરવ વાતાવરણને જીવંત બનાવે છે. પ્રકૃતિના દરેક જડચેતન પદાર્થો આવી તાજગીને પ્રેરતી સવારની માજા માણે છે.

આવી ખુશનુમા સવારમાં અચાનક સિંહની ગર્જના સંભળાઈ. બધા જાનવરો ચોંકી ઊઠ્યા. '' સવાર-સવારમાં વનરાજની ગર્જના!'' આ સવાલ બધાના જ મગજમાં ઘૂમરાતો હતો. કેસરીની ગર્જના સાંભળી પક્ષીઓનો મીઠો કલરવ બંધ થયો અને આખા જંગલમાં સન્નાટો છવાઈ ગયો. સિંહે રૂઆબભેર ઠાઠમાથથી ચાલતા-ચાલતા એલાન કર્યું કે, ''મારા પગમાં ઘાસનું તણખલું ફસાઈ ગયું છે. સતત એક કલાક મથ્યા પછી પણ નીકળતું નથી. જે આ કાઢી આપશે તેને હું ઈનામ આપીશ.''

આ સાંભળતા જ બધા પ્રાણીઓના મગજ કામે લાગ્યા. ઈનામની લાલચમાં બધા જાનવરો કંઈક ને કંઈક નુસખા લઈ ત્યાં આવી પહોંચ્યા. પહેલી કોશિશ શિયાળ અને સસલાંએ કરી. સસલું સોય અને બૅટરી લાવ્યું. તે બેટરી પકડી ઊભું રહ્યું અને શિયાળે સોય વડે કોતર્યું પરંતુ કંઈ ફળ્યું નહિ. હરણે બિલોરી કાચ વડે પણ પ્રયત્ન કર્યો. વળી, હાથીએ પોતાની સૂંઢમાં પાણી ભરીને સાવજના પગ પર પિચકારી મારી. બગલાંએ ચાંચ વડે તણખલું કાઢવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ સિંહને કોઈ ફેર જણાતો ન હતો. સિંહ એકનો બે ન થયો. બસ એક જ રટ લઈને બેઠો હતો કે પગમાં તણખલું ફસાઈ ગયું છે. આમ બધા જાનવરો બપોર સુધી કંઈક ને કંઈક નુસખા સાથે મથ્યા.

બધા પશુઓ હવે હાર્યા. સિંહ પણ બપોરના તાપથી અકળાયો અને ગુસ્સાથી બેબાળકો બન્યો. હવે શું કરવું તેની કોઈને સમજ ન પડી. બધા જાનવરો સમજી ગયેલા કે આ ફક્ત ને ફક્ત વનરાજનો વહેમ છે. તેઓ જાણતા હતા કે, ''વહેમનું ઓસડ નથી.'' એક ચકલી દૂર વૃક્ષ પર બેઠી-બેઠી બધુ જોતી હતી. તે સમજી ગઈ કે, 'વનરાજનો ગુસ્સો વધે અને તેઓ ગુસ્સાથી ધૂંઆપૂંઆ બને તે પહેલા તેમનો વહેમ દૂર કરવા કંઈક તો કરવું જ પડશે.

તે પોતાના માળામાંથી એક ઘાસનું તણખલું લઈ ત્યાં આવી પહોંચી.

રાજા પાસે કોશિશ કરવાનો એક મોકો માંગ્યો. બધા પ્રાણીઓ આ નાનકડી ચકલી ઉપર હસવા લાગ્યા અને મશ્કરી કરવા માંડ્યા. તેમાંથી શિયાળ બોલ્યું, ''અલી ચકલી, અમે સવારથી પ્રયત્ન કરીએ છીએ પરંતુ કંઈ ફળ્યું નથી અને તું આવડી અમથી શું કરી લઈશ?'' ચકલી સ્વાભિમાની હતી. તે ડગી નહિ અને નિર્ભયતાથી બોલી, ''તમે બસ જુઓ.'' ચકલીના તટસ્થપણાથી રાજી થઈ સિંહે તેને મોકો આપ્યો. તેણે વનરાજને ખબર ન પડે તે રીતે પોતે લાવેલું તણખલું સહેજ બહાર રહે તેમ ઘોંચ્યુ. કોશિશ કરવાનો ઢોંગ કરતા કરતા પોતે ઘોંચેલું તણખલું કાઢી સિંહને બતાવ્યું. સિંહ તો રાજી રાજી થયો. તેણે ચકલીની ચતુરાઈથી મુગ્ધ થઈ તેને ઈનામ આપ્યું. બધા પ્રાણીઓએ પણ તેના પર હસવા બદલ માફી માંગી.

આમ, નાનકડા તણખલાએ સવાર-સવારમાં આખા જંગલને ગજવી મૂક્યું.

## ૧૧. સારા સમાચાર

(જાદવ વૃંદા જૈનિશકુમાર, શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ)

એક નગર હતું ચાંપાનેર. એમાં કૃષ્ણપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. ઘણું મોટું રાજ્ય હતું. રાજ્યમાં પાંચસો તો પ્રધાનો! પ્રધાન એટલા બધા, પણ એમાં કોઈ વડો દીવાન મળે નહિ. રાજાએ ઠેર ઠેર શોધ ચલાવી. ગામેગામ ઢોલ પિટાવ્યાં. કોઈ ડાહ્યો માણસ મળે નહિ. ડાહ્યો હોય એ દીવાન થાય. ઘરમાં દીવા વિના જેમ અંધારું લાગે એમ રાજમાં દીવાન વિના ઘોર અંધારું લાગે. રાજા લડાઈ લડે. દુશ્મનો સાથે ઝઝૂમે. જ્યારે દીવાન દેશનો કારભાર સંભાળે. આવા દીવાન વિના ચાલે કેમ? રાજાને આવો દીવાન જોઈએ. આ માટે રાજા એની પરીક્ષા કરે. એના ડહાપણનું માપ કાઢે. એની ચતુરાઈ ભરી ચાલ જુએ. રાજાની પરીક્ષામાં જે પાસ થાય એને રાજનો દીવાન બનાવે. એ માટે બધે ઢોલ વગાડાવ્યા. ઢોલ વાગે ઢમ ઢમ!



રાજાએ ઢોલીને બોલાવ્યો. એને એક કૂકડો આપ્યો. ઢોલીએ ઢમઢમ ઢોલ વગાડીને હાથ ઊંચા કરીને જોરથી બોલ્યો : ''આ છે અમારા કૂકડારાજ! લડે એવું કે ભલભલાના કૂકડા ભાગી જાય! એની સામે કોઈ કૂકડો ટકી ન શકે. પણ આ અમારા કૂકડારાજને બીજા કૂકડા વિના કુસ્તી કરાવો તો ખરા. એવી કુસ્તી કરાવો કે કૂકડારાજ લોહીલુહાણ થઈ જાય.

લોકો બધા એકઠા થયા. ઢોલીની વાત સાંભળે. મનમાં હસતાં હસતાં વિખરાઈ જાય. લોકો કહે કે આ તો સાવ અજબ જેવી વાત છે. કૂકડો કૂકડાને, તેતર તેતરને, કૂતરો કૂતરાને અને સાંઢ સાંઢને જોઈને લડે ખરા. લડાઈ કરવા માટે ઓછામાં ઓછા બે જણ જોઈએ. એકલો લડે કેવી રીતે? એકલો લડે કોની સાથે? વળી એ કોને હરાવે?

ઢોલી ફરતો-ફરતો આનંદપુરમાં આવ્યો. આનંદપુરના લોકોએ ઢોલીની વાત સાંભળી. વાત સાંભળતા જ આનંદ ઊડી ગયો. આનંદપુરમાં એક જુવાન રહે. એનું નામ હસમુખ. એનુ મોં સદાય હસતું હોય. ગમે તેટલું દુઃખ હોય છતાં હંમેશા આનંદમાં રહે. હસમુખે ઢોલીની વાત સાંભળી, આ વાત સાંભળતા ચપટી વગાડી હસવા માંડ્યો.

સહુને થયું કે હસમુખ પણ આપણી જેમ વાતને હસી કાઢે છે. એવામાં ચપ દઈને ચપટી વગાડીને હસમુખ બોલ્યો : 'ઓહ! એમાં શી તે મોટી વાત? એક હોય કે બે. લાવો, અબ ઘડી કૂકડાને લડાવી દઉં, લોહીલુહાણ કરી દઉં.''

ઢોલીએ હસમુખને કૂકડો આપ્યો. હસમુખે એક અરીસો મંગાવ્યો. અરીસાની સામે કૂકડાને મૂક્યો. કૂકડાએ અરીસામાં જોયું. જોતાં જ 'કૂકડે કૂક' કર્યું. કૂકડાને થયું કે આ વળી મારો સામે, મારા જેવો બીજો કોણ ઊભો છે?

કૂકડો અરીસામાં પોતાને જુએ. માને કે સામે બીજો કૂકડો ઊભો છે. એ તો અરીસા પર ચાંચ પર ચાંચ મારવો લાગ્યો. ચાંચ મારતો જાય ને બોલતો જાય ''ઊભો રહેજે, અલ્યા!''

છતાં સામેથી કૂકડો ગયો નહિ. સહેજે પાછો હઠ્યો નહિ. કૂકડારાજે ફરીથી જોરથી માથુ માર્યું. મોટી ચીસ પાડતા બોલ્યો : ''હવે તારું આવી બન્યું જાણજે. તું મારા ચાળા પાડે છે? તને ખબર નથી કે હું તો કૂકડારાજ છું!''

બસ, પછી તો દે ધના ધન!

ચાંચથી લડે, પગ પછાડે, નહોરથી ઉઝરડા ભરે, જીવ પર આવીને લડે.

કૂકડો ખૂબ લડ્યો, આખરે લોહીલુહાણ થઈને નીચે પડ્યો.

ઢોલીએ કૂદીને ઢોલ વગાડ્યો. ઢોલ વાગે ઢમઢમ!

હસમુખને ઢોલીએ શાબાશી આપી અને કહ્યું : ''આ ચાલો રાજા પાસે, હમણાં રાજાને હું જાણ કરું છું.''

હસમુખ તો ચપટી વગાડતો, હસતો હસતો ચાલ્યો જાય. રાજા પાસે આ વાત પહોંચી. રાજાએ ઢોલીને બીજી એક પરીક્ષા કરવા હુકમ કર્યો. રાજાએ ઢોલીને એક ઘેટો આપ્યો. ઘેટો લઈને ઢોલી આનંદપુરમાં આવ્યો. આવીને ઢોલ પિટાવ્યો અને બોલ્યો : ''આ છે શિંગલુ ઘેટું. તેનું વજન છે બરાબર એક મણ અને છ શેર. રાજાએ તમારે ત્યાં મહેમાન તરીકે મોકલ્યું છે. પંદર દિવસ એને ઠાઠમાઠથી રાખજો. સારું સારું ખવડાવજો. સારું સારું પીવડાવજો. છતાં એટલું જો જો કે પંદર દિવસ પછી ઘેટાનું વજન તોલ જેટલું પણ વધવું જોઈએ નહિ.''

આ તો બને કેમ?

સારું સારું ખવડાવીએ તો વજન ખૂબ ઝડપથી વધે. ઘેટું તાજુમાજું થઈ જાય. મોટુ જાડાપાડુ થઈ જાય. એવામાં ચપ દઈને ચપટી વગાડતો હસમુખ આવ્યો. ગામ આખું મૂંઝવણમાં પડ્યું હતું, પણ હસમુખ તો હસમુખ. એ તો મરક-મરક હસ્યા કરે. હસતો જાય અને ચપટી વગાડતો જાય અને ઢોલીની વાત સાંભળી. વાત સાંભળતા જ બોલી ઊઠ્યો : ''આમાં તે વળી શી મોટી વાત. બાંધો ઘેટાને. ખવડાવો તાજાં ધાન અને તાજો તાજો ભાજી -પાલો, વળી એક પાંજરું લાવો. એ પાંજરામાં ભૂખ્યા વરુને પૂરો. રોજ રાતે એ ઘેટાને પાંજરા પાસે બાંધો.''

હસતા હસતા હસમુખ બોલ્યો. વાત સાંભળી લોકો રાજી થયા. દિવસે ઘેટું હરેફરે અને ચરે. રાતે એને ભૂખ્યા વરુના પાંજરા પાસે બાંધે.

ઘેટાને જોઈને વરુ ઘુરકિયાં કરે. દાંત કચકચાવે. નહોરથી ઘેટાને ફાડી નાખવા ધસે. હમણા ખાધુ કે ખાશે. ઘેટું બિચારું અધમૂઉં થઈ જાય. દિવસે ખાય અને તાજમાજું થાય. પણ રાતે ઘેટાનું બધું ય લોહી બળી જાય. આમને આમ પંદર દિવસ વીતી ગયા. ઘેટાને લેવા માટે ઢોલી આવ્યો. ગામના ચોરામાં ઘેટાને કાંટા પર જોખ્યું. એનું વજન એક તોલાભાર પણ વધ્યું નહોતું. ભારે અચરજની



વાત! ઢોલી કૂદી ઊઠ્યો અને ઢોલ વગાડવા લાગ્યો. ઢોલ વાગે ઢમઢમ! ઢોલીએ રાજાને આ સારા સમાચાર આપ્યા.

આ વખતે રાજાએ ઢોલી સાથે એક હાથી મોકલ્યો. હાથી ખૂબ ઘરડો થયો હતો. મરવાને વાંકે જીવતો હતો. રાજાએ ઢોલીને શરતી વાત કરી.

ઢોલી આનંદપુર ગામમાં આવ્યો. આવીને ઢોલ વગાડ્યું અને બોલ્યો : ''આ રાજાનો હાથી ઘણા વખતથી માંદો છે. હવાફેર માટે આનંદપુર આવ્યો છે. એને સારું સારું ખવડાવજો અને પિવડાવજો. રોજ રોજ હાથીના સારા સમાચાર કહેડાવજો. ગમે તે થાય, પણ ઘરડો હાથી મરી ગયો એવા સમાચાર મોકલશો નહિ.''

ગામલોકો તો ભારે મૂંઝવણમાં પડ્યા. આ વળી પાછી નવી લપ આવી. તેઓ તો હસમુખ પાસે ગયા. હસમુખ તો હીંચકે બેઠો હતો, મીઠુ ગીત ગાતો હતો.

ગામલોકોએ હસમુખને કહ્યું, ''ભાઈ હસમુખ હવે હસવાને રામરામ કરો. હસવાનો આ વખત નથી. રાજાએ વળી એક નવું કામ સોંપ્યું છે. કામ તો સહેલુ છે, પણ શરત ઘણી અઘરી છે. હવે તો જિવાડે તોય તું અને મારે તોય તું!''

ગામલોકોએ હસમુખને રાજાની શરતની વાત કરી. હસમુખે તો ચપટી વગાડતા કહ્યું : ''ઓહ! આટલી જ વાત છે ને! તમે બધા સહેજે ડરતા નહિ. મનમાં જરાય ગભરાશો નહિ. રાજા તો ઉદાર છે. જે કરતાં હશે તે સહુના સારા માટે કરતા હશે. તમતમારે હાથીને ચોરામાં બાંધવાનું કહો.

ગામના ચોરામાં હાથીને બાંધ્યો. ઘાસચારો ખવડાવ્યો. રોજ રાજાજીને હાથીના સારા સમાચાર કહેડાવવા માંડ્યા. એક દિવસ ઘરડો હાથી મરી ગયો. ગામલોકો એકઠા થયા. બધા ચિંતા કરવા લાગ્યા. માથે મોટી આફત આવી પડી. રાજાને આ સમાચાર કહેવા કઈ રીતે? એમણે તો કહ્યું છે કે રોજ સારા સમાચાર કહેવડાવજો. ઘરડો હાથી મરી ગયો એમ સમાચાર મોકલશો નહિ. ગામના ચોરામાં હસતાં હસમુખ આવ્યો એટલે મુખીએ કહ્યું કે તું આનો ઉપાય બતાવ.

ચપટી વગાડતાં હસમુખે કહ્યું : ''તમે ડરશો નહિ. મનમાં સહેજે ગભરાશો નહિ. હું જાતે દરબારમાં જઈને રાજાજીને હાથીના સારા સમાચાર આપીશ.''.

હસમુખ તો રાજમહેલમાં ગયો. હસતો જાય ને ચપટી વગાડતો જાય. રાજાનો દરબાર ભરાયો હતો. હસમુખ દરબારમાં આવ્યો. રાજાને હાથીના

સમાચાર આપતાં હસમુખે કહ્યું : ''રાજાજી! હાથી તો તપ કરે છે. એવું તપ કે ન પૂછો વાત. સહેજે હાલતો નથી. એની લાંબી સૂંઢ જરાય હલાવતો નથી. આંખ સહેજે ઉઘાડતો નથી. તપ તો એટલું બધું કરે છે કે કશુંય ખાતો નથી કે પીતો નથી.''

હસમુખની વાત સાંભળીને રાજા બોલી ઊઠ્યા : ''ઓહ, નક્કી એ હાથી મરી ગયો હશે. બીમાર હતો ને ઘરડો હતો. બીચારો મરવાના વાંકે જીવતો હતો.

હસમુખે કહ્યું કે આપ તો મોટા રાજા છો. પ્રજાની સાચી ખબર આપને જ હોય. આપ જે સમજો તે સાચું. રાજાને સારા સમાચાર કહેવાની શરત યાદ આવી.

હસમુખને દીવાન બનાવ્યો.

## ૧૨. જ્ઞાનનો રત્નાકર

**(પટેલ સૃષ્ટિ રાજેશકુમાર, શ્રીમતી વી. ડી. દેસાઈ (વાડીવાલા) શાળા, સુરત)**

એક ગાઢ જંગલ હતું. ઊંચા પર્વતો, મોટી નદીઓ, ઊંડા તળાવો અને લીલા વૃક્ષોને કારણે કુદરતે તો જાણે ત્યાં દિલ રેડીને પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું. પ્રકૃતિના આ રમણીય સૌંદર્યમાં પ્રાણીઓ અને પક્ષીઓને કારણે વધારે થતો હતો. આ વનમાં થતો વિહંગોનો કલરવ તો જાણે મોટા અને જાણીતા ગાયકને પણ નીચો નમાવી દેતો હતો. આ રમણીય અરણ્યના વર્ણન માત્રથી જ મનુષ્યનું મન ઝૂમી ઊઠતું હતું.

પરંતુ આ સંસારના નિયમ અનુસાર જ્યાં સુખ હોય ત્યાં દુઃખને અને જ્યાં દુઃખ હોય ત્યાં સુખને ગમે ત્યારે પણ નિમંત્રણ તો મળતું જ હોય છે. એક વખત એ જંગલમાં દાવાનળ ફાટી નીકળ્યો અને સમગ્ર જંગલમાં અગ્નિ પ્રસરી જતાં દરેકેદરેક પશુ તથા પંખીએ મને-કમને પણ વનનો ત્યાગ કરવો જ પડ્યો.

પંખીઓ તો મન ફાવે ત્યાં ઊડીને જવા લાગ્યા હતા. આ વિહંગોમાં બે ખાસ સખીઓ હતી. આ બંને સખીઓ બુલબુલ અને કાબર તો શહેરના કોઈ વિદ્યાલય પાસે ગઈ. ત્યાં આવેલા વર્ગો અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જોઈ તેઓ ખૂબ ખૂબ ખુશ થઈ ગયા. આમ, શાળાનું સમગ્ર વાતાવરણ નિહાળ્યા



પછી રહેવા માટે આ સ્થળ તેમને યોગ્ય લાગ્યું. તેમણે એ શાળામાં ખૂણામાં આવેલા એક વૃક્ષ પર માળો બાંધ્યો.

આમ, તેમને નિસર્ગના સૌંદર્યને છોડવાનું ખૂબ દુઃખ હતું. પણ આ મનોરમ્ય સ્થળને કારણે કેટલાક અંશે તેમનું દુઃખ ઓછું થયું હતું. જાણે પોતાના નવા જીવનની શરૂઆત કરી હોય. તેમ આ નવા સ્થળને તેમણે પ્રભુની ભેટ તરીકે સ્વીકારી લીધું હતું.

તેઓ અહીં રહેતા હતા ને ઘણાં દિવસો વીતી ગયા. આટલા બધા દિવસ પસાર થયા છતાં ક્યારેય પણ તેમને અહીં અસુરક્ષાનો અનુભવ થયો નહોતો અને તેમને આ લાગણીનો અનુભવ કરવાની ઈચ્છા પણ ન હતી.

તેઓ નિયમિત શાળાના મેદાનમાં વિદ્યાર્થીઓના અલ્પાહાર પછી જેટલો ખોરાક નીચે પડ્યો હોય તે ખાઈને તથા ચબૂતરામાંથી પાણી પીને પોતાની ભૂખ તથા તરસ મટાડતાં.

શાળામાં તેમનું નવું જીવન શાંતિ અને ખુશીના સાથને કારણે સુખી સમય વીતાવતું હતું. પરંતુ સંસારના નિયમ પ્રમાણે સુખ અને દુઃખ કાયમ ટકતા નથી. તેઓ જે શાળામાં સ્થાયી થયા હતા તે શાળા શિસ્તના ધોરણે શહેરમાં સર્વોચ્ચ સ્થાન ધરાવતી હતી. પરંતુ દર દસ વિદ્યાર્થીએ એવા ત્રણ થી ચાર વિદ્યાર્થીઓ તો મળે જ જે શિસ્તમાં ભંગ પાડવા અને અન્યને નુકસાન પહોંચાડવામાં જ પોતાની ખુશી શોધતા હોય છે. આવા જ કેટલાક વિદ્યાર્થીઓ એક વખત અલ્પાહારના સમયે કોઈક કારણોસર ઝઘડવા લાગ્યા. તેમની લડાઈ એટલી બધી હદ સુધી વધી ગઈ કે તેઓ એકબીજાને પથ્થર મારવા લાગ્યા. અન્ય વિદ્યાર્થીઓની તેમને રોકવાની કે તેમનો ગુસ્સો શાંત કરવાની હિંમત ન થઈ, કારણ કે આવી પરિસ્થિતિમાં રોકવા જનાર વિદ્યાર્થીને બાર સાંધતા તેર તૂટે તેમ હતું. આ પથ્થર મારવાની પ્રવૃત્તિમાં એક પથ્થર કાબરને વાગ્યો. આ નાનકડા પથ્થરને કારણે પાંખોમાં ઘણી મોટી ઈજા થઈ. આ ઈજાને કારણે કાબર માટે આકાશમાં ઊડવું લગભગ અશક્ય થઈ ગયું. કાબર તો જમીન પર પટકાઈ ગઈ અને રૂદન કરવા લાગી. આ જોઈ એક વિદ્યાર્થી કાબરની નજીક ગયો. જેથી દરેક વિદ્યાર્થીનું ધ્યાન તે કાબર તરફ કેન્દ્રિત થયું. કાબરના રૂદનનો અવાજ

બુલબુલ સુધી પહોંચ્યો. તે તરત જ માળો છોડીને કાબર પાસે પહોંચી. પોતાની સૌથી પ્રિય મિત્રની આવી દશા જોઈ બુલબુલની આંખ લાલચોળ થઈ ગઈ. તેને બધા વિદ્યાર્થીઓ પર અતિશય ગુસ્સો આવતો હતો. પરંતુ એ સમયે વિદ્યાર્થીઓનો બદલો લેવા કરતા કાબરની સારવાર કરવાનું બુલબુલને વધુ યોગ્ય લાગ્યું. તે તરત જ ઊડીને ચબૂતરા પાસે ગઈ અને થોડું પાણી ચાંચમાં ભરીને લઈ આવી.

દરેક વિદ્યાર્થીઓ બંને પક્ષીઓનું ધ્યાનથી અવલોકન કરી રહ્યા હતા. બુલબુલે તે પાણી કાબરને જ્યાં ઈજા પહોંચી હતી ત્યાં છાંટવા માંડ્યું. આ જોઈ એક વિદ્યાર્થી બોલ્યો, ''અરે! આ પક્ષીઓ તો મનુષ્યજાત કરતાં પણ સમજદાર છે. તેમની આ એકતા ખરેખર દર્શનીય છે. ફક્ત સાથે રહેવા પૂરતી જ નહિ, સુખદુ:ખમાં સાથ નિભાવવાની સમજ પણ તેમનામાં છે. ભલે તેઓ કોઈ શાળામાં જ્ઞાન પ્રાપ્ત કરવા નથી ગયા, પણ જીવનનું સાચું જ્ઞાન તો ફક્ત તેમની પાસે છે. આ જ્ઞાનના રત્નાકરનું એકએક બૂંદ અમૃત સમાન છે. આ બંને ખગની મિત્રતા આજે મારા હૃદયમાં કોતરાઈ ગઈ છે.''

આ સાંભળી લડાઈ કરવાર વિદ્યાર્થીઓને તેમની ભૂલ સમજાઈ. તેમાંથી એક વિદ્યાર્થીઓ બોલ્યો : ''એકદમ સાચી વાત છે. જીવનમાં સૌથી વધુ અમૂલ્ય તો માણસ-માણસ વચ્ચેના પ્રેમ અને લાગણી છે. જે વાત આજ સુધી અમે નહોતી સમજી શક્યા. તે આ પક્ષીઓએ આજે અમને ખૂબ જ સારી રીતે સમજાવી દીધી. અમારી આ ભૂલ સુધારવા અમે આ કાબરનો ઈલાજ કરીને રહીશું. આ કાબર આકાશમાં ઊડીને જ રહેશે. એમ પણ કહેવાયું છે ને ''જાગ્યા ત્યાંથી સવાર''.

આ બનાવ બન્યા બાદ તેમણે કાબરનો ઈલાજ કર્યો. કાબર માટે આકાશમાં ઊડવું ફરી શક્યા બન્યું. જેમના દ્વારા કાબરના પ્રાણ લેવાનો પ્રયત્ન થયો, તેમના જ દ્વારા કાબરને જીવનદાન પણ કરાવ્યું. બે પક્ષીઓને કારણે ઘણા વિદ્યાર્થીઓના હૃદયપરિવર્તન થયા. એટલે જ કહેવાયું છે કે, ''અંત ભલા તો સબ ભલા.''



## ૧૩. ભણતરની કિંમત

(પટેલ સૃષ્ટિ કમલેશભાઈ, થોમસ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, વસ્ત્રાલ, અમદાવાદ)

એક નાનકડા ગામમાં એક ગરીબ કુટુંબ રહેતું હતું. આ કુટુંબમાં એક મહેશ નામનો છોકરો તેનાં માતા-પિતા સાથે રહેતો હતો. પિતાની ખૂબ જ ગંભીર બિમારીને લીધે મરણ થતા તે રખડેલ થઈ ગયો હતો. તેની માતા મજૂરી કરીને ઘર ચલાવતી. તેની માતાની ઈચ્છા મહેશને ભણાવીને સારી નોકરી કરાવવાની હતી, પરંતુ મહેશ ભણવામાં બિલકુલ ધ્યાન આપતો ન હતો. રોજ સ્કુલમાં જવાને બદલે મિત્રો સાથે રખડવા જતો.

જ્યારે મહેશ મોટો થયો ત્યારે તેને કોઈ પણ જગ્યાએ સારી નોકરી-ધંધો મળ્યો નહીં. તેથી તેને ભણતરની કિંમત સમજાવા લાગી. તેને ખૂબ જ પસ્તાવો થયો. છેવટે તેમણે શાળાના દરવાજા આગળ ફળોની લારી લઈને ઊભા રહેવાનું શરૂ કર્યું. શાળા તરફ જોઈને તેને ન ભણવા બદલ ખૂબ જ પસ્તાવો થયો. શાળાના બાળકો તેની લારીમાંથી ફળો લેવા માટે આવતાં. એક છોકરો દરરોજ લારી સામે ઊભો રહીને જોતો, પરંતુ ફળો લેતો ન હતો. એક દિવસે મહેશે એ છોકરાને પૂછ્યું કે, ''તું દરરોજ લારી સામે ઊભો રહીને શું જુએ છે?'' ત્યારે પેલા છોકરાએ મહેશને જવાબ આપ્યો કે, ''મારી પાસે નાસ્તો લેવાના પૈસા નથી. મારાં માતા-પિતા ગરીબ છે.'' આ જવાબ સાંભળીને મહેશનો પોતાનો ભૂતકાળ યાદ આવ્યો.

મહેશ પેલા ગરીબ છોકરાને દરરોજ એક ફળ નાસ્તામાં આપવાનું નક્કી કર્યું. છોકરો ખૂબ જ ખુશ થયો. પરંતુ મહેશે એક શરત મૂકી કે, ''તારે શાળામાં સારા માર્ક્સથી પાસ થવાનું.'' છોકરો સખત મહેનત કરીને સારું પરિણામ લાવ્યો. ખૂબ ભણીને મોટી ફેક્ટરીનો માલિક બન્યો.

એક દિવસ એક મોટી ફેક્ટરીના માલિક ગાડીમાંથી ઊતરીને મહેશની લારી પાસે આવ્યા અને મહેશને પગે લાગ્યા. મહેશને નવાઈ લાગી. મહેશે શેઠને પૂછ્યું, ''તમે મને પગે કેમ લાગ્યા?'' ત્યારે શેઠે જવાબ આપ્યો કે, ''જ્યારે હું નાનો હતો ત્યારે તમારી લારીના ફળ ખાઈને, તમારા કહેવાથી સારું ભણીને, મોટી ફેક્ટરીનો માલિક બન્યો છું.''

પછી શેઠે કહ્યું, ''તમારે આ ફળોની લારી ચલાવવાની જરૂર નથી. હું

તમને મારી ફેકટરીમાં મેનેજરનું કામ આપીશ.'' મહેશે જવાબ આપ્યો કે, ''હું તો ભણ્યો જ નથી.'' મહેશે તેમને પોતાની જિંદગીની વાત કરી. પછી શેઠે એમની ફેકટરીમાં મહેશને કામ આપ્યું અને મહેશ પોતાની જિંદગી સુખેથી જીવવા લાગ્યો.

બોધ : ભણતરની યોગ્ય કિંમત સમજવી જોઈએ અને મન લગાવીને ભણવું જોઈએ.

## ૧૪. કર્મની કરુણતા

(કાવ્યા ત્રિવેદી, શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ)

''એ આપજો બા'' એવા સાદ પાડતી એક સ્ત્રી રોજ સંધ્યાકાળે પોળમાં ફરતી. લોકો જે કાંઈ એઠું-જૂઠું આપે એ એલ્યુમિનિયમની તપેલીમાં અને થાળીમાં જ ભેગું કરી જતી રહે. એનું નામ ભીખી.

ભીખી શહેરના એક ખૂણામાં ઝૂંપડી બાંધી રહેતી. ભીખીનો પતિ કાયમથી માંદો રહેતો અને પથારીમાં પડ્યો રહેતો. અરચુરણ-પરચુરણ વૈતરાં કરી પતિની દવા-દારૂ કરતી અને એક છ વર્ષની છોકરી તથા બીજા છ મહિનાનો છોકરો સહિતના કુટુંબનું ભરણપોષણ કરતી. એનું ઘર માટીના લીંપણનું બનેલું, જેમાં વરસાદ અને તડકાને પ્રવેશવાની કોઈ રોક ન હતી. એનું જીવન જ એવું કે જેમાં કોઈ આશા કે અપેક્ષા નહિ. દિવસે વૈતરુ કરવું અને રાત્રે પોળમાંથી માંગીને લાવેલું ખાવું અને સૂઈ જવું. આ ઘટનાક્રમની બહાર એની કોઈ દુનિયા જ ન હતી.

એના ભવની ભવાઈ એવી હતી કે રાત-દિવસ સેવા કરવા છતાં એનો પતિ ગુજરી ગયો. એ કારીગર હતો પરંતુ દારૂના રવાડે ચઢી ગયેલો. દારૂ માટે એને લોકો પાસે ઉછીના પૈસા લેવા પડતા. એ ભીખીને માથે દેવાનું પોટલું મૂકીને ગયો. ભીખીનું જીવન ઉપર આભ અને નીચે ધરતી એવી સ્થિતિમાં ટાઢ-તાપ ખમીને મારગ કાપવાનું. એના પતિના મરી ગયા પછી સગાવહાલાં એને બીજા લગ્ન કરવાની સલાહ આપતા. રોજ રાતે માગેલું વાળું જમ્યા પછી એ આ



બાબતમાં વિચારે ચઢી જતી. પરંતુ એક બાજુ ધાવતો છોકરો અને બીજી બાજુ છોકરીને જોતા એને લોકોની સલાહ ઠીક લાગી નહીં. ભવિષ્યમાં એને ભરોસે જીવતા આ બે જીવનું શું થશે તેવી ચિંતા કરતી-કરતી સૂઈ જતી.

સપના તો દરેક માનવીને આવે, ઝૂંપડાવાસીને પણ સપનાનો સહારો હોય જ છે. ભીખી સપનામાં વિચારતી કે છોકરો થોડો મોટો થાય એટલે એને સરકારી નિશાળમાં ભણવા મોકલીશ. રોટલાની ભીખ માગું છું તેમજ એના નિશાળના કપડાં-ચોપડીઓની પણ ભીખ માંગીશ. છોકરાને ગમે તેમ કરી ભણાવીશ અને ડૉક્ટર કે એન્જિનિયર બનાવીશ. એ ભણીગણીને પૈસા કમાશે એટલે અમે આ ઝૂંપડાની જગ્યાએ મોટું મકાન ચણાવીશું.

દિવસે-દિવસે છોકરો મોટો થશે એટલે એને કોઈ કામે મોકલીશું, એ જે બે પૈસા કમાઈને લાવશે એ પણ છોકરાને ભણવામાં કામ આવશે.

નાતમાં કોઈ છોકરીને ભણવા મોકલતા નથી એટલે એનો તો કોઈ ખર્ચ થવાનો નથી એવી ભીખી ગણતરી કરતી. દીકરીનો જન્મ માત્ર ઘંટી દળવા માટે જ થાય છે એવું સેંકડો વર્ષથી માનતા સમાજની એ સભ્ય હતી.

આવું ભવિષ્યનું જીવન મનમાં ગોઠવીને એ જીવતી. ભાગ્ય જેની સાથે ક્રૂરતા કરે છે એને વિચારમાં પણ સુખની કલ્પના આવતી નથી. ભીખી અભણ અને બે બાળકો સાથે ગરીબીમાં એવી ગળાડૂબ હતી કે એને સાંજ પડે ભીખ માંગવા જવાના કામ સિવાય કોઈ ઉતાવળ ન હતી.

ભીખી દિવસે કામ-કાજ કરવા જાય ત્યારે એની છોકરી ભાઈને હીંચકો નાખે અને સુવાડે. રાતના વધેલા દાળ-ભાતનો કોળિયો કરી એના મોઢામાં આપે ને એને રડતો છાનો રાખે. એ ઘોડિયામાં શાંત સૂતો હોય ત્યારે મોટી બહેન એને કહે, ''મા બોલ ... બોલ ભઈલા ... મા બોલ''. એ રોજે નાના ભાઈને આવું બોલાવવા કોશિશ કરતી. એ રીતે એનો દિવસ પૂરો થતો, પરંતુ ભઈલો હજી બોલતા શીખ્યો ન હતો એટલે બહેન ઘણુંય કહે પણ ભઈ તો માત્ર હસતો.

દિવસે એ પોતાના જેવડાં બીજી છોકરાઓને ધોયેલા સ્વચ્છ કપડાં પહેરી દફતર લઈ નિશાળે જતા જોતી. એમને જોઈને એનો જીવ બળતો. એને પણ નિશાળે જવાનું મન થતું. બીજા છોકરાઓને નિશાળે જતા જોઈ એને ખૂબ દુઃખ

થતું પરંતુ ઘોડિયામાં હસતો ભાઈ, એને જોઈને પોતાનું દુઃખ વિસરી જતી. ભાઈ જોડે રમવાથી જે આનંદ મળતો, તેથી તેના મોઢા પર ખુશીનું સ્મિત રેલાતું.

પેલા ગીતમાં કહ્યું છે ને કે,

''દિલ હૈ છોટા સા, છોટી સી આશા.''

એ રીતે ભીખી પોતાની નાનકડી આશા વાગોળતી-વાગોળતી જીવન વિતાવતી હતી. ક્યારે કોઈ કામમાં એને બે પૈસા વધારે મળે તો એ સાચવીને એક લોખંડની નાની પેટીમાં મૂકી રાખતી. વચ્ચે-વચ્ચે એ પેટી ખખડાવતી અને જે ખણખણતો અવાજ સાંભળે તેનાથી રાજી થતી. એને મંદિરના ઘંટારવ કરતા રૂપિણાનો ખણ-ખણ અવાજ વધારે આનંદદાયી લાગતો. એ જેવું હતું તેવું જીવન વેંઢારતી. રોજ સાંજે વાળું માંગવા એ જે સાદ પાડતી એની પાછળ ને પાછળ એની છોકરી પણ માના શબ્દો મોટેથી આલાપતી. ભીખીને થતું કે છોકરી પણ એને ભીખ માગવામાં મદદરૂપ થઈ રહી છે. છોકરી માના શબ્દો મોટેથી દોહરાવીને કોઈ સિનેમાનું ગીત ગાતી હોય એવો આનંદ અનુભવતી.

મા-દીકરી એક જ રાગમાં જીવન વિતાવતા હતા. થોડા સમય પછી છોકરો પણ મોટો થયો. છોકરાના કાનમાં પણ મા-બહેનના શબ્દો ઝીલાતા રહ્યા. છોકરાના ગળામાંથી હવે ગેંગે-ફેંફે અવાજ નીકળતો હતો. એ કંઈક ને કંઈક બોલવાની કોશિશ કરતો રહેતો. એ જોઈને મા અને દીકરી બંને હરખાતા. છોકરી એને જુદા જુદા શબ્દો બોલાવવાની કોશિશ કર્યા કરતી. છોકરાનું કાલું-ઘેલું ગાંગરવું એ મા અને દીકરી માટે હરખનો પ્રસાદ બની ગયો.

એક દિવસ ભીખી કામથી ઘેર આવી ત્યારે છોકરીએ તરત જ કહ્યું, 'મા, ભઈલો આજે બોલ્યો''. મા એ પૂછ્યું, ''શું બોલ્યો?'' છોકરી ઘોડિયા પાસે ગઈ, ભીખી ઘોડિયાની બીજી બાજુ બેઠી. છોકરીએ ભઈલાને હળવો હીંચકો નાખીને લાડ કરતા બોલી કે, ''ભઈલા બોલ ... બોલ .., બોલને .. આ મા બેઠી .. બોલ .. તું શું બોલ્યો હતો?'' છોકરો મરક મરક હસતા બોલ્યો, ''કંઈ આપજો બા''. ભીખી અને એની છોકરી રાજીના રેડ થઈ ગયા.

ભીખી અને છોકરીએ, છોકરો બોલ્યો તે સાંભળ્યું પણ એના મોઢેથી જિંદગીના પહેલા શબ્દો શું નીકળ્યા, એનો અર્થ એને ન સમજાયા. એમને કશું



સમજવું જ ન હતું, કેમ કે જો શબ્દોના અર્થની એમને સમજ પડે તો તેમનું ભાંગ્યું-તૂટ્યું સુખ પણ ઊડી જાય!

આપણી સોસાયટીઓમાં અને મોહલ્લાઓમાં અનેક ભીખી, ભીખલી અને ભીખુડા જોવા મળે છે, તેમને શિક્ષણ દ્વારા સન્મતિ અને રોજગારી દ્વારા ઉન્નતિ તરફ કોણ લઈ જશે? ક્યારે?

## ૧૫. પાણીનો ચોર

(ગીલીટવાલા ઋત્વી દક્ષેશભાઈ, આર.એસ.એમ. પુનાવાલા સ્કુલ, સુરત)

એક સુંદર મજાનું રળિયામણું ગામ હતું. આ ગામમાં એક રબારી કુટુંબ રહેતું હતું. તેઓ પશુપાલન દ્વારા દૂધ વેચી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમનો ૧૦ વર્ષનો દીકરો ગોપાલ ખૂબ જ રૂડો રૂપાળો હતો.

સવાર થતા જ શીરામણ કરી ગાયો ચરાવવા જતો અને જંગલમાં રમતો-કૂદતો અને ઝાડે ચડતો. આમ, જંગલની ગોદમાં ખિલખિલાટ કરતો અને બપોરે ઘરે પાછો ફરતો. પશુઓ સાથે વાતો કરતો અને આ ઢોર પણ જાણે તેની વાત સમજતા હોય તેમ માથુ ધુણાવતા.

એક દિવસની વાત છે. ગોપાલ દરરોજની જેમ ગાય-ભેંસ ચરાવવા ગયો. ચરાવતા-ચરાવતા ગોપાલ ઘણે દૂર સુધી નીકળી ગયો. થાક લાગતા તે એક ઝાડ પર ચડ્યો. ત્યાં જ તેને એક ખૂબ જ સુંદર તળાવ દેખાયું. તળાવનું સ્વચ્છ પાણી કાચ જેવું લાગતું હતું. તળાવમાં ઊગેલા કમળ તેની સુંદરતાને શોભાવી રહ્યા હતા. તળાવમાં તરતા હંસો આ વાતાવરણને સ્વર્ગ જેવું બનાવી રહ્યા હતા. ગોપાલ ઝાડ પર બેઠો-બેઠો તેની સુંદરતાનો રસ માણી રહ્યો હતો. તેને ક્યારે ઊંઘ આવી ગઈ ખબર જ ન પડી. સાંજ પડતા પશુઓ તો ઘર તરફ વળી ગયા.

ગોપાલની આંખ ખુલી ત્યારે તેણે પોતાની આંખ સામે ચારેબાજુ રાતના અંધકાર વચ્ચે તળાવ કાંઠે એક ઝળહળતો ગોળો જોયો. આશ્ચર્ય વચ્ચે તે ગોળામાંથી પાંખોવાળી સ્ત્રીઓ બહાર આવી રહી હતી. ગોપાલ કુતુહલતાવશ

આ બધુ જોવા ઝાડ પરથી નીચે ઉતરી તળાવ તરફ ગયો. કોઈકની આવવાની ભનક લાગતા આ પરીઓમાં ભાગંભાગી થવા લાગી અને ઝડપથી પેલો ગોળો ફરી આકાશ તરફ ઊડવા લાગ્યો.

તળાવ પાસે પહોંચતા ગોપાલને કશું જ જોવા ન મળતા તળાવ પાસે તેને એક ઝાંઝર મળ્યું. તે લઈને ગોપાલ ઘર તરફ પાછો વળ્યો. મોડુ થતાં ગુસ્સે ભરાયેલી માતાએ પૂરી વાત સાંભળી અને પોતાના વહાલસોયા પુત્ર માટે ભગવાનનો આભાર માન્યો.

ઘણા દિવસો વીતી ગયા. ચોમાસુ શરૂ થવાનું હતું છતાં વાતાવરણમાં કશો ફેરફાર ન હોવાથી ખેડૂતો ચિંતામાં પડ્યા. હવે તો દિવસો મહિનામાં ફેરવાયા પણ પાણીનું ટીપું ય ન પડ્યું. ગામમાં રહેલી નદી પણ હવે ધીરે ધીરે સુકાવા લાગી. દુષ્કાળ જેવી પરિસ્થિતિ જાણી સરપંચે આજુબાજુના ગામમાં તપાસ કરાવી ત્યારે ખબર પડી કે વરસાદ બધે જ છે. ફક્ત આપણા ગામમાં જ નથી. વિદ્વાન જોષી દ્વારા આનું કારણ મળ્યું, 'પાણી ચોરાયું છે?' 'પાણી ચોરાયુ?' ખૂબ જ આશ્ચર્યજનક વાણી સાંભળી સરપંચની સાથે પૂરુ ગામ અચંબામાં પડી ગયું. પછી તો ગામમાં બધે જ વાતો ફેલાવવા લાગી કે, 'પાણી ચોરાયું છે.' 'વરસાદ નહીં વરસે, વરસાદ નહીં વરસે'. સરપંચે તો ઢંઢેરો પીટાવ્યો કે આનો ઉકેલ શોધી આપનારને મોં માગ્યુ ઈનામ આપશે.

એક વખત ગોપાલ તેના પિતા સાથે જમવા બેસેલો. માતાએ વાતવાતમાં કહ્યું કે 'ગામનું પાણી વળી કોણે ચોર્યું હશે? આપણા ગામમાં તો બધાં જ સજ્જનો છે. કોણ ચોર છે? આવું કોણે કર્યું હશે?' ગોપાલે પૂછ્યું, 'મા, તું શું વાત કરે છે?' જવાબ વાળતા માતાએ કહ્યું, 'હા, બેટા વિદ્વાન જ્યોતિષના કહેવા પ્રમાણે આપણા ગામનું પાણી કોઈ અદૃશ્ય શક્તિ દ્વારા ચોરાયું છે. ગામમાં આપણે તો કોઈ દિવસ કોઈનું ભૂંડું કર્યું નથી. કોઈની ચીજવસ્તુઓ પૂછ્યા વગર કોઈ લેતું નથી. તો વળી આવું ભગવાને કેમ કર્યું હશે?' ગોપાલના મગજમાં હવે પેલી શક્તિ, ચમકતો ગોળો અને ઝાંઝર યાદ આવ્યા. તેણે માતાને સરપંચ પાસે લઈ જવા આગ્રહ કર્યો.

આવી જીદથી માતાએ તેને સરપંચ પાસે જવાનું કારણ પૂછ્યું ત્યારે ગોપાલે કહ્યું કે, 'મારી પાસે આ સમસ્યાનો ઉકેલ છે. ગોપાલ માતા-પિતા સાથે



ગ્રામપંચાયત પહોંચ્યો. સરપંચને મળીને વાત કરી પણ તેની વાત પર સરપંચને વિશ્વાસ ન બેસવાથી તેણે સહકાર આપવાની ના પાડી.

પણ ગોપાલ તો ગોપાલ જ હતો. સાથે બાળહઠ ગોપાલના સ્વભાવમાં, તો બહાદુરીની છોળો નાનપણથી જ ઊઠતી હોવાથી મુશ્કેલીઓ સામે લડવા સજ્જ થઈ ગોપાલે જંગલમાં જવા તૈયાર થયો. તેની નીડરતા જોઈ પિતાએ મંજુરી તો આપી પણ પોતે પણ સાથે ગયા. ગોપાલના મુખ પર કોઈ ડર ન હતો. ફક્ત ગામને આ સંકટમાંથી બચાવી લેવાના અરમાન સાથે તે ચાલ્યો જતો હતો.

જંગલમાં ઘણું જ ચાલ્યા છતાં ક્યાંય સરોવર ન દેખાતા થાકેલા પિતા-પુત્ર એક ઝાડ નીચે બેઠા. અચાનક પ્રકાશ જાણે વધવા લાગ્યો તેવો અનુભવ ગોપાલને થયો. તે પરિસ્થિતિ પામી ગયો. તેની આંખ સામે જ અદ્ભુત દૃશ્યો બનવા લાગ્યા. વેરાન જંગલની જગ્યા પર સુંદર સરોવર રચાઈ ગયું. પરીઓ જળમાં વિહાર કરવા લાગી. આ બધું જોઈ પિતાના તો હોશકોશ ઊડી ગયા. ગોપાલ તે તરફ જઈ રહ્યો છે તે બાબતની એક પરીએ નોંધ લેતા ફરીથી ભાગંભાગી શરૂ થઈ ગઈ પણ ગોપાલ જોરથી બોલ્યો કે 'હે પરીઓ હું તમને કોઈ જ નુકશાન નહીં પહોંચાડું. પણ મારી એક વિનંતી સાંભળો, મને મદદ કરો. આમ, જતા ન રહો.' આ શબ્દોથી વાતાવરણમાં સ્થિરતા આવી ગઈ.

પછી પરીઓના ટોળા વચ્ચેથી એક સુંદર સ્ત્રી બહાર આવી. અને તેને પૂછ્યું કે, 'કોણ છે તું? અહીં કેમ આવ્યો છે?' ગોપાલે બધી હકીકત જણાવી. પોતાની પાસે રહેલુ ઝાંઝર બતાવ્યું. ઝાંઝર જોતા પેલી સ્ત્રી ચમકી ગઈ કે આ તો પોતાની પુત્રીનું જ ઝાંઝર છે. તે ઝાંઝર તેને ખૂબ જ પ્રિય છે. તે ઉતાવળમાં અહીં પડી ગયેલું. ફરી અહીં શોધતા ન મળવાથી તે દુઃખી છે. જ્યાં સુધી પરીની આંખમાં આંસુ હશે ત્યાં સુધી તમારા ગામમાં પાણી નહીં વરસે. આ સાંભળી ગોપાલે ઝાંઝર પરત દેવાની અને ગામના લોકોને સંકટમાંથી બચાવવા માટે વિનંતી કરી. આ વિનંતી પરીએ સ્વીકારી.

જોતજોતામાં બધી જ પરીઓ ચંદ્રના તેજસ્વી આકારમાં સમાઈ ગઈ અને ગોપાલ પિતા સાથે ગામ તરફ પરત ફર્યો.

વાતાવરણમાં એકાએક બદલાવ શરૂ થઈ ગયો અને મૂશળધાર વરસાદની

ઝડીઓ પડવા લાગી. વ્યાકુળ પશુ-પંખી તેમજ લોકો ઘરની બહાર આવી નાચવા-કૂદવા લાગ્યા અને ચારેબાજુ આનંદ છવાઈ ગયો.

ગોપાલના પિતાએ પોતાના પુત્ર પર ગર્વ થઈ ગયો.

ખરેખર! બાળકો પણ મોટાં કામ પાર પાડી શકે છે. જો બાળકમાં નીડરતા, બહાદુરી અને આત્મવિશ્વાસ હોય તો અશક્ય કામ શક્ય કરી શકે છે.

## ૧૬. સફાઈના સાધનોની હડતાલ

(પટેલ ખુશી દિનેશભાઈ, જી.જે. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, હિંમતનગર)

આજના જમાનામાં આપણે માણસોની હડતાલ વિશે સાંભળ્યું છે, પરંતુ કોઈ દિવસ સફાઈના સાધનોની હડતાલ વિશે સાંભળ્યું છે! પણ એવું થઈ શકે ખરું!

એક દિવસની વાત છે. એક મીના નામની છોકરી હતી, તેને કામ કરવાની ખૂબ જ આળસ આવતી હતી. એક દિવસ તેને તેની મમ્મીએ કચરો વાળવાનું કહ્યું. તો તેણે સાવરણી જોરથી પછાડી અને તે દીવાલે જઈને અથડાઈ. તે સાવરણીને ખૂબ જ દુઃખ થયું. તેણે વિચાર્યું કે હું બધાના ઘરને સ્વચ્છ રાખું છું છતાં લોકો મારી કદર કરતા નથી.

મીનાને તેની મમ્મીએ સમજાવ્યું કે સાવરણી આપણા ઘરની સફાઈ કરે છે, જેથી આપણે બીમાર પડતા નથી. પરંતુ જો આપણે તેની કદર નહીં કરીએ તો તે આપણું કામ કરશે નહીં. આ વાત સાંભળી સાવરણી ખુશ થઈ, પરંતુ તેને મીનાએ પછાડી તેનું ખૂબ દુઃખ થયું.

તે રાત્રે બધા જ સફાઈના સાધનોની મિટીંગ થાય છે. એમાં પ્રમુખ તરીકે મોટી કચરાપેટી છે. તે બધા ભેગા મળીને સુખ-દુઃખની વાતચીત કરે છે. મોટી કચરાપેટીએ જોયું તો સાવરણી આજે બહુ નિરાશ લાગે છે. મોટી કચરાપેટીએ પૂછ્યું, 'શું થયું?' તો સાવરણીએ કહ્યું, 'આજે મને મીનાએ જોરથી પછાડી દીધી. તેને મારી અને આપણી બધાની કદર નથી.

મોટી કચરાપેટીએ કહ્યું કે મીનાએ આવું ન કરવું જોઈએ. બધાએ તેમની હામાં



હા પુરાવી. તેમાંથી એક જણે કહ્યું કે આપણે તેમનું કામ ન કરવું એટલે કે હડતાલ પાડીએ તો જ તેમને આપણી અગત્યતા સમજાશે. બધાએ કહ્યું કે આ સાચી વાત છે અને નક્કી કર્યું કે કાલે હડતાલ પાડવી પછી બધા પોતપોતાના ઘરે ગયા.

સવારે જ્યારે બધા જાગ્યા ત્યારે મીનાની મમ્મી રમીલાબહેન કચરો વાળવા માટે સાવરણી લેવા ગઈ ત્યારે સાવરણી દોડી. તેની પાછળ પાછળ રમીલાબહેન અને ઘરના બધા દોડ્યા. બાજુવાળા પ્રેમીલા બહેનના ઘરે પણ એવું જ થયું. તેમની કચરાપેટી દોડી. તેવી જ રીતે આખી સોસાયટીમાં એવું જ થયું અને જ્યારે નગરપાલિકાનું ટ્રેક્ટર કચરો લેવા ગયું ત્યારે પણ એવું થયું. મોટી કચરાપેટી દોડવા લાગી. બધા પોતાના સાધનો પાછળ દોડતા દોડતા મેદાનમાં ભેગા થયા. ત્યારે તેમણે આમ કરવા પાછળનું કારણ પૂછ્યું, તો મોટી કચરાપેટીએ જણાવ્યું કે મીનાએ કરેલા કાર્યને લીધે જ હડતાલ કરી છે. એટલે મીના માફી માંગશે નહીં ત્યાં સુધી તે કામ કરશે નહીં.

બધાએ મીનાને માફી માગવા કહ્યું, પણ તેણે માફી માંગી નહીં. તો બધા જ સાધનોએ કામ કરવાની ના પાડી દીધી. આમ ઘણા દિવસો વીત્યા. ઘરમાં અને સોસાયટીમાં બધે જ કચરો-કચરો થઈ ગયો હતો અને બધે ધૂળ-ધૂળ થઈ ગઈ હતી. સાફ-સફાઈ ન હોવાથી  બધા બિમાર પડ્યા. મીના પણ બીમાર પડી. તેને ખૂબ જ તાવ આવ્યો હતો અને શરદી, ઉધરસ થઈ ગઈ. ઘરની કે સોસાયટીની સ્વચ્છતા જળવાતી નહોતી. બધાએ કહ્યું કે, આવુ થયું તેનું કારણ મીના છે. બધે રોગચાળો ફાટી નીકળ્યો હતો તેથી બધા બહુ જ ગુસ્સામાં હતાં. મીનાને પોતાની ભૂલ સમજાઈ. તેને સાવરણીની માફી ન માંગીને ખૂબ જ ખોટું કર્યું હોય તેવું તેને લાગ્યું. તેણે સાવરણીની માફી માંગવાનો વિચાર કર્યો. તેને પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરવાનો વિચાર કર્યો.

મીનાએ સાવરણીની માફી માંગી અને પછી આવું ક્યારેય નહીં કરે તેવું વચન આપ્યું.

બધા ખુશ થઈને પોતપોતાના ઘરે જઈ પોતાના કાર્યમાં લાગી ગયા અને આવી રીતે તેમની હડતાલ પૂરી થઈ. હવે પછી બધું જ શાંતિથી ચાલવા લાગ્યું. આવું જોઈ મીના અને બધાં જ ખુશ થયા.

''સ્વચ્છતા ત્યાં પ્રભુતા''.

## ૧૭. મરેલા ઉંદરનો વેપાર

(મકવાણા અંકિતા પ્રવિણભાઈ, શ્રી કે.જી.બી.વી., ખંભાળા, તા. રાણાવાવ, જી. પોરબંદર)

એક સુંદર મજાનું નગર હતું. તેનું નામ શિવનગર હતું. તે ગામમાં ઉપવન, બાગ-બગીચા, ફૂલ અને પાણી, બધું જ સુંદર મજાનું હતું. પરંતુ ત્યાંના લોકોને વેપાર કરવામાં ખૂબ અડચણ પડતી હતી. ત્યાંના લોકોને વેપાર કરવા મોટા શહેરમાં જવું પડતું હતું. તકલીફ ખૂબ જ થતી હતી.

તેમાનું એક કુટુંબ પણ આવી તકલીફ ભોગવી રહ્યું હતું. મગનલાલ રામાનુજન એક મજૂર હતા. શહેરમાં જઈને લોકોનો માલસામાન ઉપાડતા હતા. રોજ પાંચ રૂપિયાનું જ કામ કરતા હતા. તેમની પત્ની જમકુબાઈ પણ નગરમાં બીજાનાં ઘરે વાસણ માંજવા જતી હતી. તેમને એક પુત્ર હતો. તેનું નામ મોહન હતું. તે રસ્તામાં કચરો વીણતો હતો. ખૂબ જ દુ:ખી કુટુંબ હતું. અચાનક મોહનના પિતા મગનલાલનું વધારે સામાન ઉપાડતા નીચે પડી જતા ત્યાં જ મોત નિપજ્યું. તેના ઘરનાને હવે ખાવાના પણ ફાફાં પડતાં. તેથી મોહને નિશ્ચય કર્યો કે હું શહેરમાં જઈને વેપાર કરીશ.

હવે મોહનને શહેરમાં જવાનો વખત આવ્યો. તે નીકળતો હતો ત્યારે તેના મમ્મીએ રડતા-રડતા માથે હાથ ફેરવીને કહ્યું કે હવે તું જ મારી આશાનું કિરણ છે. તારે જ હવે તારું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું છે. તેની મમ્મીએ તેને શહેરમાં જવા માટે આશિર્વાદ આપ્યા.

મોહન શહેરમાં પહોંચી ગયો. મોહન શહેરમાં આમતેમ ફરતો હતો પણ ક્યાંય તેને કામ મળતું નહોતું. પછી અચાનક તેની નજર એક ઝાડ ઉપર પડી. ત્યાં ઘણા માણસો પાસે પાળેલી બિલાડીઓ હતી. તેણે જોયું તો ઝાડ ઉપર ઉંદર લટકતા હતા. માણસો પાળેલી બિલાડીને ખાવા માટે એક-એક ઉંદર પાંચ રૂપિયાનો લઈ આપતા હતા. આ જોઈને મોહનને નવાઈ લાગી. અને તેની દિમાગની બતી પણ ઝળહળવા લાગી. તેણે પણ ત્યાં એક ઉંદર ખરીદ્યો. તે ઉંદર લઈને બજારમાં ચાલતો હતો. અચાનક બિલાડીની નજર ઉંદર ઉપર પડી. તે તેના માલિકનો હાથ છોડાવીને દોડીને મોહન પાસે આવી નીચે છાનીમાની બેસી ગઈ. તેનો માલિક ત્યાં આવ્યો અને આવીને ખિસ્સામાં હાથ નાખી હસતા



હસતા બોલવા માંડ્યો, ''ચાલો સાહેબ, મારી બિલ્લીની નજર આ ઉંદર ઉપર પડી ગઈ, હવે મારી બિલ્લીને ભૂખ પણ ખૂબ જ લાગી હશે, ચાલો આ રહ્યા તમારા પાંચ રૂપિયા અને આપો ઉંદર''. તેમ કહીને પેલો માણસ તેની બિલ્લી સાથે ચાલતો થઈ ગયો.

મોહન થોડો ખુશ હતો. તેથી તે એક દુકાનમાં ભરપેટ જમવા બેઠો. ત્યાંના લોકો વાતો કરતા હતા કે ''પાસેના ખેતરોમાં ચણાનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં થયું છે, પરંતુ ત્યાંના લોકો ખૂબ મુશ્કેલીઓ વેઠે છે. પાણી મળતું નથી, ખાવાના ફાંફા પડે છે તો પણ બિચારા કામ કરે છે. આ સાંભળીને મોહન તરત જ ત્યાંથી ચાલી નીકળ્યો. તેણે એક માટલું ખરીધ્યું. થોડીક મીઠાઈ ખરીદી અને ત્યાંથી પેલા ખેતરમાં નીકળી પડ્યો. ત્યાં લોકોને ઠંડા પાણીની મોજ કરાવી, ખાવાની પણ મોજ કરાવી. લોકો તો ખૂબ જ ખુશ થઈ ગયા. મોહન પછી ખેતરોના ચણા લઈને પણ પૈસા કમાઈ લેતો હતો.

એક દિવસ એવું બન્યું કે મોહન એક દુકાનદારની ઓટલીએ સૂઈને આરામ કરતો હતો. ત્યાં એક માણસ દુકાનદારની સાથે વાતો કરતો હતો. પેલો માણસ દુકાનદારને એક મહત્ત્વની વાત કરતો હતો તે મોહન ધ્યાનપૂર્વક સાંભળતો હતો. વાતમાં એવું હતું કે ''શહેરના ગીચ વિસ્તારમાં એક અમીરોની જાન ફસાઈ છે. એક દિવસથી ભૂખ્યા છે. બિચારા પાસે પૈસા અઢળક છે. પણ તેને ત્યાંથી કાઢે કોણ? બસ પણ કીચડમાં ફસાઈ ગઈ છે. બિચારાઓને અતિશય ભૂખ લાગી હશે. હવે તો તેને રામ ભગવાન જ બચાવે. તેમ કહી પેલો માણસ નીકળ્યો. આ સાંભળીને મોહન વિચાર્યા વિના નીકળી ગયો ખેતરમાં. ખેતરમાં ચણા લીલા હતા અને ત્યાંના બધા લોકોને ભેંસો પણ હતી અને ગાડા પણ હતા. એટલે મોહને બધાને મદદ કરવા વિનંતી કરી. બધાએ તરત જ હા પાડી. પછી મોહન ચણા, લાકડા, ભેંસો, ગાડાઓ, વાસણો લઈ ત્યાં પહોંચી ગયો. બધા જાનના માણસો રાજી રાજી થઈ ગયા. ત્યાં મોહને ચણા સળગતા લાકડામાં નાખ્યા, ખેડૂતો દૂધ ભરતા હતા. પહેલા બધાને ભરપેટ ખવડાવ્યું અને પછી ત્યાંથી બધાને ગાડાઓમાં ફેરા કરીને સલામત જગ્યાએ પહોંચાડી દીધા. બધા રાજી રાજી થઈ ગયા. અને અમીર માણસોએ મોહનને અઢળક ધન આપ્યું. આ જોઈને મોહન ખૂબ ખુશ થતો રસ્તા ઉપર જતો હતો. તેને નદીને જોવાની અને

ત્યાંની હવા માણવાની તલપ લાગી. તે ત્યાં બેઠો હતો ત્યાં નદીમાં પૂર આવવા માંડ્યુ. નદી ખૂબ જ મોટી હતી તેથી ડૂબી જવાનો પણ ભય રહેતો હોય. ત્યાંનો રાજા હતો તે સોદાગર સાથે નદીમાં વિદેશથી આવેલા મહેમાન સાથે સોદો કરતો હતો. તે બંને તો નીકળી ગયા પણ રાજા ફસાઈ ગયા. આ જોઈને મોહને ડુબકી મારી અને તેની હોડીને દોરડી બાંધી તટે લઈ આવ્યો.

રાજાનો જીવ પણ બચી ગયો. રાજાએ મોહનને ભેટીને કહ્યું, ''તે મારો જીવ બચાવીને મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. હું તને મારા રાજપાટનો અડધો હિસ્સો તને આપવા માગું છું. મારે એક રાજકુંવરી પણ છે, રાજેશ્રી. તેના તારી સાથે વિવાહ કરી દેવા માગું છું. મોહન ખૂબ જ ખુશ થયો.

ધામધૂમથી મોહન અને રાજેશ્રીના લગ્ન થયા. હવે મોહન પહેલા જેવો મોહન ન હતો. હવે તે મોટો રાજા બની ગયો. મોહન ઘોડાઓ, હાથીની અંબાડી, ઢોલ નગારા સાથે શિવપુર ગયો. તેની માં તેને ઓળખી ન શકી. તે ખૂબ જ ખુશ થઈ. મોહન હવે રાજમહેલોમાં રાજા બનીને બાકીની જિંદગીની મોજ માણી રાજ કરતો હતો.

## ૧૮. ભલાઈનો બદલો

(પાટીલ નેહલ અશોકભાઈ, જી.જે.પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, વિદ્યાનગરી, હિંમતનગર)

એક શેઠ હતા. તેમનું નામ રમેશ હતું. તે શહેરમાં એક મોટા ઉદ્યોગપતિ હતા. તેમની પાસે ખૂબ પૈસા હતા. તે શહેરમાં તેમના જેટલું કોઈ અમીર ન હતું. તેમને એક મોટો બંગલો પણ હતો. તેમને એટલા બધા પૈસા હોવા છતાં કોઈ પણ જાતનું અભિમાન ન હતું. તે ઉદાર દિલના હતા. જે લોકોને પૈસાની અછત હોય તે તેમની પાસે માગવા આવતા. તે કોઈ દિવસ કોઈ પણ માણસને ના પાડતા નહિ.

એક દિવસ તે ઓટલા પર બેઠા હતા. ત્યાં એક ખેડૂત જેવો માણસ આવી પહોંચ્યો. તેમની સાથે તેનો યુવાન પુત્ર પણ આવ્યો હતો. તેનું નામ મિલન હતું. તે ભણવામાં ખૂબ હોંશિયાર હતો. તેને આગળ ભણવા માટે પરદેશ જવું



હતું. તે બારમું પાસ હતો. શેઠે તેમને 'આવો બેટા આવો' કહ્યું. શેઠને ખેડૂતે જય જય કર્યા એટલે તેમણે આવકારો આપ્યો. શેઠે કહ્યું, 'શા માટે આવવું પડ્યું?' ખેડૂતે કહ્યું, 'મારા છોકરાને આગણ ભણવા માટે પરદેશ જવું છે પણ તેની પાસે પૈસા નથી. તેથી તમારી જોડે પૈસા માટે આવ્યો છું. કોઈએ મને વાત કરી હતી કે રમેશ શેઠ જોડે જાઓ. તે તમને કદાચ મદદ કરશે.

આ બધી વાતો કરતાં કરતાં તે બાપ-દીકરા સામે શેઠ જોઈ રહ્યા. તેમને આ યુવાન દીકરો સંસ્કારી લાગ્યો. રમેશ શેઠે કહ્યું, 'તને હું પૂરતી મદદ કરીશ પણ તું મારા વચનને તોડતો નહિ.' તે યુવાને હાથ જોડીને શેઠને કહ્યું, 'હું તમારા વ્યાજની સાથે પૈસા ચૂકવી દઈશ.' આ વાત સાંભળી શેઠે કહ્યું 'હું ભણવાના કામમાં ક્યારેય વ્યાજ લેતો નથી. તું જ્યારે કમાતો થાય ત્યારે મને મૂળ રકમ જ આપી જજે.'

રમેશ શેઠના કહેવાથી બીજા શેઠે તે દીકરાને પૈસા આપ્યા. તે ખૂબ રાજી-રાજી થઈ ગયા. પછી દીકરો તો બીજા દિવસે ભણવા પરદેશ ઉપડી ગયો. ત્યાં તેણે સારી રીતે ભણવાનું પૂરું કર્યું અને ત્યાં જ તે સારા પગારે નોકરી લાગી ગયો. પરદેશ જ તેનું ઘર બની ગયું અને ત્યાં જ તે સુખી જીવન જીવવા લાગ્યો.

એક દિવસ રમેશ શેઠને ત્યાં ન બનવાનું બની ગયું. શેઠે વિદેશના વેપારના કેટલાક સોદા કરેલા તે પાછા પડી ગયા. શેઠને લાખો રૂપિયાનું નુકસાન થયું. રાતોરાત શેઠના ધંધામાં લાખો રૂપિયાનું પાણી થઈ ગયું. તે વખતે શેઠને રોવાના દહાડા આવી ગયા.

એક તરફ શેઠની જોડે બીજા સૌ વેપારીઓ પૈસા માગવા લાગ્યા. શેઠે કહ્યું, 'શાંતિ રાખો ભાઈ, હું મારું ઘર અને મિલકત વેચીને પણ તમારા પૈસા ચૂકવી દઈશ.' રમેશ શેઠે બીજા શેઠ પાસે હિસાબ જોવડાવ્યો. લગભગ તેમને બધાને પચાસ લાખ જેટલા પૈસા ચૂકવવાના થતા હતા. દુકાન અને ખેતરો બધુ વેંચીને લગભગ ત્રીસથી ચાલીસ લાખ જેટલા થતા હતા. તેમને બાકીની રકમ માટે બેંકમાં પૂછાવ્યું. બેંકમાં શેઠના ખાતામાં લગભગ પાંચ છ લાખ જેવા હતા. પણ બેંકે તેમને દાગીના ગીરવે મૂકવા ના પાડતી હતી. તેથી શેઠ ખૂબ નિરાશ થઈ ગયા. મેં કોઈનું શું બગાડ્યું હતું કે મારે આજે રોવાના દહાડા આવ્યા છે?

શેઠે આ વાત જાહેરમાં કરવાનો નિર્ણય કર્યો. આ વાત સમાચાર પત્રોમાં

પણ છપાઈ ગઈ. તેની સાંજે જ શેઠ પર એક ભાઈનો ફોન આવ્યો, 'શેઠ હું તમને આજે એકલો મળવા ઈચ્છું છું. મહેરબાની કરીને ના ન પાડતા. શેઠને મનમાં થયું કે આ માણસ કોણ હશે? અને શા માટે મળવા માગતો હશે? એ પણ એકલો. શું કામ હશે? આવા અનેક વિચારો તેમના મનમાં આવતા હતા.

રાત્રે તે માણસ સૂટ અને બૂટ પહેરીને આવ્યો હતો. શેઠ તેમની સામે જોઈ જ રહ્યા. આ કોઈ વેપારી લાગતો નથી. આ તો કોઈ બેંકનો મેનેજર લાગે છે. તે માણસ શેઠને પગે લાગ્યો. આથી શેઠને વધારે નવાઈ લાગી. 'ભાઈ, તમને ઓળખ્યા નહીં?' 'શેઠબાપા એ પણ કહીશ પણ તમે મારા બોલેલા વચનને ના પાડશો નહિ અને મારું કહેલું માનશો.' આથી શેઠ વધારે નવાઈ પામ્યા. શેઠ બોલ્યા, 'બોલો ભાઈ, મારી ભગવાને કેવી પરિસ્થિતિ લાવી દીધી છે? મારે રોવાના દહાડા આવ્યા છે. હવે મારે ઝેર પીવાનું જ બાકી છે. મને કંઈ જ સૂઝતું નથી.' તે માણસે કહ્યું, 'તે માટે તો હું અહીં આવ્યો છું અને તમને આ પરિસ્થિતિમાંથી બહાર નીકાળવા, મુશ્કેલીમાં લાવવા નહીં. તમારે લેણદારોને કેટલા પૈસા ચૂકવવાના છે? એ રકમ હું ચૂકવી દઈશ પણ તમે ના પાડશો નહિ.'

શેઠે કહ્યું, 'આજે મને એક વાત યાદ આવી છે. પંદર વર્ષ પહેલાં એક ખેડૂત તેનો દીકરો લઈ મારી પાસે મદદ માટે આવ્યો હતો.' શેઠ તે યુવાનને ધારીધારીને જોઈ રહ્યા હતા. તે યુવાને ચશ્મા ઉતાર્યા અને શેઠ તે યુવાનને ઓળખી ગયા. શેઠે કહ્યું, 'તું એ ખેડૂતનો દીકરો છે?' 'હવે મને ઓળખ્યો. શેઠબાપા હું તમારી મદદથી જ ભણી શક્યો અને ગણીને આગળ જઈ શક્યો. સારા પગારે મને નોકરી મળી ગઈ છે. હું બેંકમાં સારી રીતે નોકરી કરતો થઈ ગયો છું. પણ આ બધી તમારી કૃપા અને તમારી જ મદદ છે.'

'આજે હું તમારા પૈસા ચૂકવવા માટે જ આવ્યો છું. હવે તમારે ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી.' શેઠે કહ્યું કે, 'મેં તને વધારે પૈસા ક્યાં આપી દીધાં હતાં? મેં તો તને પાંચ લાખ રૂપિયા જ આપ્યા હતા. યુવાને શેઠને ત્રણ લાખ રૂપિયા આપ્યા. તેણે કહ્યું, 'મારે જ્યારે પૈસાની વ્યવસ્થા થશે ત્યારે હું તમને બે લાખ આપી દઈશ. યુવાને કહ્યું, 'મને યાદ આવ્યું કે મારા બેંકના ખાતામાં થોડાક પૈસા પડ્યા છે અને બીજા બેંકની લોનમાંથી મળી રહે તેની વ્યવસ્થા મેં કરી દીધી છે' શેઠે કહ્યું, 'બીજી રકમ તમે શાંતિથી આપશો તો પણ ચાલશે.'



શેઠની આંખમાં યુવાન દીકરાના સંસ્કાર જોઈ આંસુ આવી ગયા. શેઠ ઊભા થઈ તેને શાબાશી આપી અને તેને ભેટી પડ્યા. 'હે ભગવાન! તે આજે મને તારા જેવો માણસ મારી જોડે મોકલ્યો છે. અને મારી લાજ રાખી છે. ભગવાન તારા લાખ લાખ ધન્યવાદ.'

શેઠે તે યુવાન દીકરાની જે ભલાઈ કરી હતી તેનો બદલો આજે તેમને મળી ગયો હતો.

## ૧૯. નાનકડી કીડીએ નાગને હરાવ્યો

(અગ્રવાલ નીરજ પી., શારદા વિદ્યાલય, ગાંધીનગર)

એક જંગલમાં એક મોટું વડનું ઝાડ હતું. તેની નીચે એક મોટો રાફડો હતો. તેમાં એક મોટો નાગ રહેતો હતો. એ નાગ ખૂબ જ અભિમાની હતો.

આ રાફડાની ચારેબાજુ કીડીઓના દર હતા. નાગ જ્યારે રાફડાની બહાર નીકળે ત્યારે તે કીડીઓ તરફ તુચ્છ નજરે જોતો અને કીડીઓને કચડીને ચાલ્યો જતો. આ પ્રમાણે દરરોજ હજારો કીડીઓ નાગને કારણે મૃત્યુ પામતી.

કીડીઓ બિચારી શું કરે? નાગથી કીડીઓ ખૂબ જ ડરતી હતી. તેમને પોતાની જિંદગીનો કોઈ ભરોસો રહેતો નહીં. તેમને થતું કે પડોશી પડોશીને કેવા મદદરૂપ થતા હોય છે. જ્યારે આ અમારો પડોશી તો અમારા જાનનો દુશ્મન છે. તેનામાં સહેજ પણ દયા નથી. તે અમારી સાથે હળીમળીને રહેવાનું તો ઠીક પણ જરા સાચવીને પણ ચાલતો નથી. જો તે પોતાને આવવાની સૂચના અગાઉથી આપી દેતો હોય તો આપણે બધા દૂર ખસી જઈએ.

એક દિવસ બધી કીડીઓએ ભેગી થઈને નાગને વિનંતી કરી, પરંતુ નાગે તેમની વિનંતી ફગાવી દીધી અને તે તો કીડીઓને કચડીને આગળ ચાલતો થઈ ગયો.

આખરે બધી કીડીઓએ ભેગા થઈને નાગની સામે મોરચો માંડવાનો વિચાર કર્યો.

રાફડાની ચારેબાજુ કીડીઓ સૈનિકની જેમ ગોઠવાઈ ગઈ અને નાગને રાફડાની બહાર આવવાની રાહ જોવા લાગી. જેવો નાગ રાફડામાંથી બહાર

આવ્યો કે તરત જ બધી જ કીડીઓ નાગને ચોંટી પડી અને તેના ફેણ પર ચટકા ભરવા લાગી.

નાગ તો કીડીઓના ઓચિંતા હુમલાથી એકદમ ગભરાઈ ગયો. તે કીડીઓના ડંખ સહન કરી શક્યો નહીં. ફેણ પછાડી પછાડીને તે કીડીઓને મારવા લાગ્યો. પણ આ શું? કીડીઓ તો ધીરે ધીરે આવતી જ ગઈ અને નાગને ચટકા ભરતી જ રહી. આ લડાઈમાં અસંખ્ય કીડીઓ મરી ગઈ. નવી નવી કીડીઓ આવતી ગઈ પરંતુ છેવટે નાગ પોતાની ફેણ પછાડી, પછાડીને ત્યાં જ મરી ગયો.

બધી જ કીડીઓ આનંદથી નાચવા લાગી. નાગની સામે કીડીઓનો વિજય થયો હતો. કીડીઓ નાગના શરીરમાંથી કણ કણ માંસ તોડીને પોતાના દરમાં લઈ જવા લાગી. આમ નાનકડી કીડીઓએ પણ વિશાળ અને અભિમાની નાગનો નાશ કર્યો.

બોધ : કોઈ પણ માણસને આપણાથી નબળો ન ગણવો અને નબળો માની તેની સાથે કદી પણ વેર ન કરવું કેમ કે ઘણીવાર નબળા દેખાતા લોકો સમૂહમાં એકત્ર થઈ ભલભલાને પણ પરાજીત કરે છે.

## ૨૦. સંસ્કારની કસોટી

**(દવે પૂજન, બેસ્ટ હાઈસ્કૂલ)**

એક વિદ્વાન કથાકાર હતા. તેમણે શાસ્ત્રોનો ખૂબ અભ્યાસ કર્યો હતો. 'ધર્મ' અને 'સંસ્કારની' મહત્ત્વ સમજાવતી કથા કરવા તેઓ ગામેગામ ફરતા હતા. ફરતા-ફરતા તેઓ એક ગામમાં પધાર્યા. તે ગામનું નામ સોહનપુર હતું. ત્યાં થોડા દિવસ રોકાયા. કથાકાર સત્ય, પ્રમાણિક અને સાદગીભર્યું જીવન જીવતા હતા. લોકોને સુખ, શાંતિ અને કલ્યાણ માટે સાચું માર્ગદર્શન આપતા હતા.

દરરોજ સાંજના સમયે ગામને પાદર વડલાના ઓટલા ઉપર બેસીને તેઓ સત્સંગ કરતા હતા. ધીરે ધીરે કથાકારની કીર્તિ ચોમેર ફેલાતી ગઈ. તેમની વિદ્વતાપૂર્ણ કથાથી લોકો આકર્ષાવા લાગ્યા. શ્રોતાઓની સંખ્યા પણ વધવા લાગી.



આ સત્સંગમાં રામદાસજી નામના એક ભાઈ પણ નિયમિત કથાકારની અમૃતવાણીનું રસપાન કરવા આવતા. તેમને એક મૂઝવણ સતાવતી હતી. તેનો ઉકેલ તેઓ કથાકારની પાસેથી મેળવવા ઈચ્છતા હતા.

એક દિવસ કથા બાદ રામદાસજી કથાકાર પાસે ગયા અને હાથ જોડી વિનંતી કરી. ''બાપજી, મારે રમણ, મોહન અને હૃષીકેશ નામના ત્રણ દીકરા છે. તેમના ભવિષ્ય અંગે મને ચિંતા રહ્યા કરે છે. મને એ બતાવો કે તેઓ મોટા થઈને કેવા બનશે? મારે એ જાણવું છે.'' પહેલા તો કથાકારે કહ્યું, ''ભાઈ, હું તો સંસારી નથી અને તમારા પ્રશ્નનો જવાબ તમારી પાસે જ છે. મા-બાપ કેવી રીતે સંસ્કાર આપી બાળકોને ઉછેરે છે, એના ઉપર જ તેમના ભવિષ્યનો આધાર છે.''

રામદાસજી બોલ્યા, ''બાપજી, આપની વાત તો બરાબર છે પણ મને તેનાથી પૂર્ણ સંતોષ નથી. આપ મને કોઈ સંતોષકારક જવાબ આપો. કૃપા કરી મને નિરાશ ન કરો. મને શ્રદ્ધા છે કે આપ જ મને સાચો જવાબ આપી શકશો.''

''ઠીક છે'' કથાકારે કહ્યું. ''આવતી કાલે તમારા ત્રણેય બાળકોને લેતા આવજો. હું પ્રયત્ન કરીશ. બીજા દિવસે રામદાસજી ત્રણે બાળકોને લઈને આવ્યા. કથાકારે ત્રણે બાળકોને પાસે પાસે ઊભા રાખ્યા. તેમનાં નામકામ પૂછ્યાં. આવી થોડી વાતચીત કરી કથાકારે ત્રણેયને સરસ મજાનું એક એક કેળું આપ્યું.

કથાકારે રમણને કહ્યું, ''બેટા, કેળુ ખાઈ જા.'' રમણે તો ફટાફટ કેળાની છાલ ઉતારી અને 'હફ...' કરતાં તે કેળું ખાઈ ગયો! અને કેળાની છાલને રસ્તા પર ફેંકી દીધી.

પછી કથાકારે મોહનને કેળુ ખાવા માટે કહ્યું. આ બાળકે પણ કેળાની છાલ ઉતારી પણ પછી તેણે આસપાસ જોયું પછી તે નજીકમાં પડેલી કચરાની ટોપલી પાસે ગયો. છાલ કચરાની ટોપલીમાં નાખી, પોતાની જગ્યાએ આવી તે શાંતિથી કેળુ ખાઈ ગયો.

હવે વારો હૃષીકેશનો આવ્યો. કથાકારના આદેશથી તેણે પણ કેળાની છાલ ઉતારી. પછી આમતેમ નજર કરી. તેણે જોયું કે થોડે દૂર એક ગાય ફરતી-ફરતી ઘાસને ચરતી હતી. હૃષીકેશ ત્યાં ગયો અને હાથમાં રહેલી કેળાની છાલ તેણે ગાયને ખવડાવી. પછી પોતાની જગ્યાએ આવી કેળુ ખાઈ ગયો.

રામદાસજી આશ્ચર્યથી કથાકારની આ કસોટી જોઈ રહ્યા. કથાકારે તેમને પૂછ્યું, ''ખ્યાલ આવ્યો? સંસ્કારનું મૂલ્ય સમજાયું?'' રામદાસજીએ

કહ્યું, ''વિગતથી સમજાવો તો ખબર પડે...'' કથાકારે રામદાસજીને નજીક બોલાવ્યા અને દીકરાઓને દૂર રમવા કહ્યું. કથાકારે સમજાવ્યું, ''જુઓ રામદાસજી. તમારો પહેલો દીકરો રમણ સ્વાર્થી બની શકે. એ કદાચ પોતાના ભલા સિવાય બીજાનો વિચાર નહીં કરે. કેળાની છાલ તેણે ગમે ત્યાં ફેંકી દીધી. એને એ સમજણ નથી કે કેળાની છાલ પર પગ આવતાં બીજી વ્યક્તિ પડી જાય, તેના શરીરનાં હાડકાં ભાંગી જાય. તેને નોકરી-ધંધો બંધ રાખવો પડે, દવાના પૈસાના ખર્ચી દુઃખ સહન કરવું પડે. યોગ્ય વસ્તુને યોગ્ય જગ્યાએ રાખવાના સંસ્કાર આ બાળકમાં ઘડાયા નથી.

પછી મોહન વિષે કથાકારે કહ્યું, ''ભાઈ, તારો બીજો બાળક મોહન શિસ્તવાન અને સજ્જન બનશે. નકામી લાગતી વસ્તુને ગમે ત્યાં ન ફેંકતા એની યોગ્ય જગ્યાએ જ મૂકાય એ વાત તે બરાબર સમજે છે. તેથી એણે કેળાની છાલ કચરા ટોપલીમાં નાખવાનો સંસ્કાર બતાવ્યો. શિસ્ત, સ્વચ્છતા અને બીજાનો વિચાર કરવો એવો એને વિવેક છે.''

પછી કથાકારે ગૌરવ સાથે કહ્યું, ''ભાઈ, તારો ત્રીજો બાળક હૃષીકેશ મોહન જેવા સંસ્કારની સાથે સાથે પરોપકારી સંત જેવા સંસ્કાર છે. એણે કેળાની છાલને નકામો કચરો ન સમજ્યો. છાલ ગાયને આપી, છાલમાંથી દૂધ મળશે એવી ઊંડી સૂઝ અને સમજ એના વર્તનમાં બતાવી. તે મોટો થઈને શિસ્તવાન, સજ્જન અને પરોપકારી બનશે.

કથાકારના જવાબથી રામદાસજીને પૂર્ણ સંતોષ થયો. તેઓ કથાકારનો આભાર માની તેમને પ્રણામ કરી બાળકોને લઈ ઘર તરફ વિદાય થયો.

## ૨૧. કોર્ટ રૂમની બહાર

**(મહેતા પ્રિયલ ધર્મેશભાઈ, શ્રીમતી વી.ડી.દેસાઈ (વાડીવાલા) માધ્યમિક શાળા, સુરત)**

બેંચ પર બેઠેલા યશવંતરાય બેચેનીથી પોતાનું નામ પોકારાય તેની રાહ જોતા જાણે અનંત પ્રતિક્ષામાં બેઠા હતા. સત્ય, પ્રામાણિકતા અને સાચા ન્યાય માટે હારી થાકીને બેઠેલા યશવંતરાયના ચહેરાની કરચલીઓ એમની હતાશાની



ચાડી ખાતી હતી. બેલદારને પૂછતાં એમનો નંબર ખાસો પાછળ હતો. કોર્ટ રૂમના વાતાવરણના અનુભવ પરથી લોકોના ચહેરા વાંચતા એમને આવડી ગયું હતું. વેદના, હર્ષ, આનંદ, લુચ્ચાઈ, નિર્ભિક્તા, નિર્દોષતા અને ચાલાકીના ભાવો તેમને ખૂબ જ સહેલાઈથી વાંચવા આવડતું હતું. એમની બાજુમાં ખાલી પડેલી જગ્યા પર એક યુવાન કહો તો વયસ્ક લાગે અને વયસ્ક કહો તો યુવાન લાગે એવી વ્યક્તિએ આવીને તે સ્થાન ગ્રહણ કર્યું. એની આકુળતા, અધીરાઈ વગેરે નિહાળી યશવંતરાય મનમાં હરખાયા.

બાજુમાં બેઠેલા ભાઈ સાથે સમય પસાર કરવાના હેતુથી સામાન્ય વાતચીત શરૂ કરી. એમને જાણવા મળ્યું કે આ ભાઈ સુખી કુટુંબના અને પોતાની વ્યવસાયિક વ્યસ્તતા વચ્ચે જાણે વગર વાંકે ધરમ કરતાં ધાડ પડી હોય એવી પરિસ્થિતિમાં અહીં આવવું પડ્યું તેનો ઉચાટ સ્પષ્ટ જણાતો હતો. પોતાનો વ્યવસાય, પોતાની પ્રતિષ્ઠા અને સમાજમાં પોતાનું સ્થાન આ બધાથી સભાન એ ભાઈને આજે કોર્ટમાં આવવું સહેજ પણ ગમતું ન હતું. તેમનો બળાપો સતત એની વાતચીતમાં આવી જતો હતો. જન્મ થયા બાદ સમજ આવી ત્યારથી કોઈ તકલીફ, અડચણ, કોઈ અવરોધ આજ સુધી જોઈ કે અનુભવી ન હતી. માટે એ ભાઈને આજે કોર્ટમાં આવીને રોકાવું જેલ સમાન લાગતું હતું. યશવંતરાય એ ભાઈ સાથેની વાતચીતથી એકાએક ભૂતકાળમાં સરી પડ્યા.

અંતરિયાળ પ્રદેશનું પોતાનું ગામ-ગરીબ કુટુંબમાં સુવિધાના અભાવથી એમને કોઈ ફરિયાદ ન હતી. ગુજરાતી શાળાના શિક્ષક શ્રી દિનાનાથ અને શ્રી કમળાબેનનું એકમાત્ર સંતાન યશ - જેમનું આખું નામ યશવંતરાય. ગામના ઓછા શિક્ષણના માહોલ હોવા છતાં સંસ્કારી શીલવાન અને ચારિત્ર્યવાન દંપતિનું સંતાન યશ ધીમે ધીમે ખીલવા લાગ્યો. સામાન્ય પરિસ્થિતિના મા-બાપ ઝાઝી સગવડ કે સુવિધા આપી ન શક્યા હતા. પણ સંસ્કાર, નિયમિતતા, વિનય, વિવેક, સચ્ચાઈ, પ્રામાણિકતા અને નીતિમત્તાનો વારસો લોહીમાં સિંચાઈ ગયો. જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવી પડે પણ અસત્યનો કદી સહારો ન લેવો કે કદી ખોટું કામ અને ખોટા રસ્તે ન જવું એ જાણે જીવનની રીત-ભાત બની ગયા હતા. હાઈસ્કૂલ શિક્ષણમાં જીવન ઘડતર સાથે ભવિષ્યના સોનેરી સપના જોવાવા લાગ્યા. પિતાની ટૂંકી આવક હોવા છતાં તેમની આશાઓ ઊંચી હતી.

પરંતુ કુદરત કસોટી ન કરે તો કુદરત શાની? હાઈસ્કૂલની તેજસ્વી કારકિર્દી પછી ઉચ્ચ અભ્યાસના સપના જોતા યશ પર જાણે પહાડ તૂટી પડ્યો. પિતાજીનું અવસાન થયું. એસ.એસ.સી.માં પ્રથમ નંબરે આવેલા યશને માત્ર ગ્રેજ્યુએટ સુધી ભણતર માંડ પૂર્ણ કરી શકાય એવી પરિસ્થિતિમાં મુંબઈ જવું પડ્યું. વિધવા માના ઢસરડા અને સખત મહેનત તથા પોતાને મળેલ શિષ્યવૃત્તિને આધારે કોલેજ માંડ કરી અને સંતોષ માન્યો. જો કે તેજસ્વીતાને કારણે એમને હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી મળી. માંડ મા પાસે અન્ય કામો પડતા મૂકાવ્યા ત્યાં તો માને ટી.બી.નો મોટો રોગ લાગુ પડ્યો. પિતાની માફક યશવંતરાયનો પણ ખૂબ સંઘર્ષ શરૂ થયો. માતાની કાળજી રાખવી અને દવા-દારૂના ચક્કરમાં પોતાના લગ્ન ક્યાં અને ક્યારે થયા તે પણ ભૂલી ગયા.

જીવનસાથી કલ્પનાએ પોતાના બધા અરમાનો હૃદયના કોઈ એક ખૂણે મૂકી દીધા. માતાની દીર્ઘ માંદગી અને પાણીની જેમ વેરવા પડતા પૈસાને કારણે સાધારણ સ્થિતિમાંથી ઉપર આવવાની તક જ ન મળી.

માતાપિતાની પાસેથી મળેલા સંસ્કારનો વારસો નવા જમાના સાથે મેળ પાડવા દેતો નહિ. બધી જ બાજુ પૈસા માટે દોડતા લોકો બીજું બધું નેવે મૂકી દેતા હતા. એવા વાતાવરણમાં 'યશવંતરાય સર'નો એક મોટો પ્રભાવ ને ધાક હતી. સચ્ચાઈ માટે કદી નમતું ન કરનાર, સિદ્ધાંત અને પ્રામાણિકતા સાથે કદી બાંધછોડ ન કરનાર યશવંતરાયની બદલી થતી રહી. શટલ કોકની જેમ કુટુંબ આમતેમ ફંગોળાતું રહ્યું. તે જમાનામાં બોર્ડની ઉત્તરવહીઓ શિક્ષકના ઘરે આવતી. લોકો સરનામા પણ મેળવતા. રાજ્યના વગદાર નેતાના પુત્રની ઉત્તરવહી તપાસવાના લોટમાં આવી. વગદાર નેતાના પુત્રનું મૂલ્યાંકન લખાણ આધારે થયું. યશવંતરાય વગદાર નેતાનો પ્રભાવ, ધાક, ધમકી કશાને વશ ન થયા. પોતાને વેઠવું પડ્યું પણ સિદ્ધાંત ન તોડ્યો. બોર્ડની આવી જ કોઈ પરીક્ષામાં 'સ્પેશિયલ સ્ક્વોર્ડ' યશવંતરાયની કોઈ શાળામાં ગઈ. એમની ટીમનો પ્રભાવ ભારે. બધા ફફડી જતા. સાથી સભ્ય કોઈ એક ઓરડામાંથી વિદ્યાર્થીને રંગે હાથે પકડી લાવ્યા. યશવંતરાયે તેની પૂછપરછ કરી તપાસ શરૂ કરી. તેની આંખમાં તેજસ્વીતા અને નિર્દોષતા દેખાતી હતી. નિર્ભિકતાએ એના પર પ્રભાવ પાડ્યો.



''સર, મેં કશી ચોરી નથી કરી. મને બધા જ પ્રશ્નો આવડે છે.''

''તો પછી આ કાપલી?''

''સર મારી બાજુમાં બેઠેલો વિદ્યાર્થી આપની ટીમ આવી છે એવું જાણી પોતાની ઉત્તરવહી પરત કરી જતો રહ્યો. શક્ય છે કે તેની હોઈ શકે.'' વિદ્યાર્થીએ નિર્ભિકતાથી જવાબ આપ્યો.

યશવંતરાયને વિદ્યાર્થીની આંખમાં સચ્ચાઈ દેખાઈ. ટીમના વડા તરીકે ''આ વિદ્યાર્થી નિર્દોષ છે. એને શાંતિથી લખવા દો. છેલ્લે સુધી પુરવણી આપજો અને જરૂર જણાય તો દસ મિનિટ વધારે આપજો'' એવો નિર્ણય કર્યો.

પેલા વિદ્યાર્થીની ઉત્તરવહી તપાસતા આ વિદ્યાર્થીની નિર્દોષતા સાબિતી થઈ. આવા અનેક બનાવોમાં પણ તેમણે સચ્ચાઈ કદી ન છોડી હતી.

એકાએક યશવંતરાય ઝબક્યા. બાજુમાં બેઠેલો પેલો યુવાન ક્યારે જતો રહ્યો તેની તેમને ખબર ન પડી. હજુ પોતાનું નામ પોકારાયું ન હતું તેથી ફરી તેઓ ભૂતકાળમાં સરી પડ્યા.

જીવન સંઘર્ષમાં મોટી વયે સંતાનમાં દીકરી રત્ન પ્રાપ્ત થયું. એની તેજસ્વીતા પોતાની જેમ ન અવરોધાય તે માટે એ સભાન રહ્યા. દીકરીના ઉચ્ચ અભ્યાસ માટેના ખૂબ પ્રયત્ને નાણાની જોગવાઈ ન થતાં પોતાની ૩૩ વર્ષની મૂડી સરકારી ખાતામાંથી મેળવવા છ-આઠ લખાણ, રજુઆત કરતાં દમ આવી ગયો. ટેકનિકલ કારણથી ધારી માન્ય રકમ છૂટી કરતું ન હોવાથી તેમણે ન છૂટકે કોર્ટનો સહારો લીધો. જમાનાની વિષમતા પ્રામાણિકતા, નિષ્ઠા બધાને ખાઈ ગઈ હતી. કોઈને તેમાં વિશ્વાસ કે રસ પણ ન હતો. કોઈએ સલાહ આપી, ''સાહેબ પતાવટ કરી દો. જરૂરી વહેવારથી તમારું કામ થઈ જશે.'' પોતાના સિદ્ધાંતો ન છોડ્યા હોવાથી તેમને સત્ય પર વિશ્વાસ હતો પરંતુ છેલ્લા બે મહિના પછી તેમનો કોર્ટ પરથી વિશ્વાસ ઊઠી ગયો. આજે કોર્ટમાં નિર્ણાયક દિવસ હતો. હમણાં જ નવા જજ આવ્યા હતા. આજે રજૂઆતનો અંતિમ તબક્કો હતો.

'યશવંતરાય દેસાઈ …' નામ પોકારતા હાંફતા ઊભા થઈ કોર્ટ રૂમમાં ગયા. ચાર-પાંચ જણા જ હતા. જજે તેમની સામે જોયું પછી ૧૦ મિનિટ એડજર્ન કરી. ફરિયાદીને પોતાની પાસે બોલાવ્યો.

જજની ઓરડીમાં પ્રવેશતા, ''આવો સાહેબ'' કહી તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ''હું તમારો વિદ્યાર્થી જેને તમે નિર્દોષ સાબિત કર્યો હતો.'' એટલું કહી જજે રજૂઆતો સાંભળી ફરિયાદીને કોર્ટમાં બોલાવ્યા. યશવંતરાયને પલ્લે કંઈ જ ન પડ્યું. બંને પક્ષોની ફરિયાદ બાદ જજે શ્રદ્ધાવાન, પ્રામાણિક યશવંતરાયને યોગ્ય રકમ ૭ દિવસમાં આપવા કહ્યું. યશવંતરાયનો ચહેરો સંતોષ, પ્રસન્નતાથી ભરાઈ ગયો.

## ૨૨. સુઘડ ભવિષ્યનો પથ ... 'શિક્ષણ'

(પંડ્યા શિવાંગી નીરવ, શ્રીમતી વી.ડી.દેસાઈ (વાડીવાલા) માધ્યમિક શાળા, સુરત)

'ત્રાસી ગઈ છું હું આ રોહનથી હવે!' 'શું થયું?' 'આ તમારો દીકરો, રોજરોજ સ્કૂલમાં બધું ભૂલી આવે છે. રોજરોજ હું ક્યાંથી નવી નવી ચીજો લઈ આવું? પેન્સિલ-રબ્બર સુધી તો ઠીક હતું પણ હવે તો ચોપડીઓ પણ ખોવાવા માંડી છે. ને એ બધું એને પાછું મળે જ ક્યાં છે?'તું એને સમજાવને, એમાં હું શું કરું?' કહીને પપ્પા સૂઈ ગયા. 'હા, તમારે શું? એની જોડે માથા તો મારે જ ફોડવાના ને?' ગુસ્સામાં બબડતી બબડતી મમ્મી પણ આડી પડી. થોડા વિચારો બાદ તેની આંખ મળી ગઈ. અહીં વાત એમ છે કે સામાન્ય મધ્યમ વર્ગીય કુટુંબનો છોકરો શાળામાં જુદી-જુદી વસ્તુઓ ભૂલી જાય છે કે મૂકી આવે છે. ખબર નહીં, પરંતુ ક્યારેય તે બધું પાછું નથી લાવતો. આજે વળી ગણિતની ચોપડી નહીં લાવ્યો. આ બાબતે મમ્મી ગુસ્સે ભરાઈ અને વગર લેવેદેવે પપ્પા ઝડપાઈ ગયા.

મમ્મીનો ગુસ્સો કદાચ સ્વાભાવિક પણ છે કારણ કે અગાઉ લખવા માટે જરૂરી બધી જ વસ્તુઓ મમ્મી તેને બે વાર અપાવી ચૂકી હતી. વિજ્ઞાનની ચોપડી પણ એક વાર અપાવી ચૂકી હતી. એક દિવસ તો એની બેગમાં બે નોટ નહોતી મળી. રોહનના આવા વર્તન અને વસ્તુઓ ભૂલી જવાની તેની આદતથી મમ્મી કંટાળી ગઈ હતી અને કંઈક અંશે તે ચિંતાશીલ પણ બની હતી કે પોતાનું બાળક પૈસાની કદર કરવાનું નહીં શીખી શકે તો. આવા વિચારો તેના મનમાં ચક્રવાતની જેમ ભમ્યા જ કરતા હતા.



બીજા દિવસે જાણે મમ્મીએ રોહનને સુધારવાનો સંકલ્પ કરી જ લીધો હોય તેમ રોહનના આવવાની રાહ જોતી હતી. રોહન આવ્યો અને બેગ કાઢીને મમ્મી પાસે ઊભો રહી ગયો. મમ્મીએ બેગ ખોલી તો તેમાં નાસ્તાનો ડબ્બો હતો નહીં. મમ્મી ખૂબ રોષે ભરાઈ અને રોહનને ગુસ્સામાં કહ્યું કે, 'તને કંઈ સમજ પડે છે? અક્કલ ચાલે છે? શું આમ રોજ ને રોજ વસ્તુઓ ખોઈ નાંખે છે? કેટલીયવાર સમજાવ્યું છે કે વસ્તુઓ સાચવ, તેમનું ધ્યાન રાખ. પણ તારા મગજમાં કંઈ ઊતરતું જ નથી. તારા બાપા કંઈ કરોડપતિ નથી કે તું રોજ જ નવા નોટચોપડા વાપરે. પૈસા કંઈ ઝાડ પર નથી ઊગતા. તારા બાપાની મહેનતથી આવે છે. 'ડફોળચંદ''! મમ્મીના વાણીના બાણ રોહન માટે અસહ્ય થઈ પડ્યા. રડતો રડતો તે પોતાના રૂમમાં જઈને કંઈક લખવા માંડ્યો. તેના નાનકડા હાથ ટ્રેનની ઝડપે ચાલતા હતા. નાનપણથી મમ્મી-પપ્પાએ શિખવાડ્યું હતું કે, 'તારે જે કંઈ કહેવું હોય તે તું ગણેશદાદાને કહી શકે. જ્યારથી લખતો થયો ત્યારથી ભલે ગરબડિયા અક્ષરે પણ તે બધું જ ગણપતિજીને લખીને કહેવાની પપ્પાએ ટેવ પડાવી હતી. આજે પણ તેણે વાંકડિયા  અક્ષરમાં એક કાગળ પર કંઈક લખીને ગણેશની મૂર્તિની સામે મૂકી દીધું.

મમ્મીએ ચિટ્ઠી વાંચી ત્યારે રોહનના ગરબડિયા અક્ષરો પર ખારા મોતી ખર્યા. કાગળ ભીનો થયો. બીજા દિવસે તે શાળાની બાજુમાં આવેલ એક ઘર પાસે આવી. ખરેખર તેમાં ચારેબાજુ પતરા અને છતને સ્થાને પ્લાસ્ટિક હતું. જેને પથ્થર અને દોરી વડે ટકાવેલું હતું. મમ્મીએ બૂમ પાડી. કાલુ નામનો એક છોકરો તેના ભાઈઓ સાથે બહાર આવ્યો. ઘઉંવર્ણો દેહ, વિખરેલા અને ધૂળ ભરેલા વાળ, ગંદા માટીવાળા હાથ અને ચીંથરેહાલ કપડા પહેરેલા આ ત્રણ છોકરાઓને મમ્મીએ જોયા જ કર્યું. તેમના કપડામાં ખરેખર કયો રંગ છે તે ખબર નહોતી પડતી. ગણી ન શકાય તેટલા થીંગડા તેના પર મારેલા હતા. મમ્મીએ તેમની સાથે વાતચીત કરી જણાવ્યું કે તેઓ રોહનના મમ્મી છે. રોહન આ છોકરાઓને બધી વસ્તુઓ આપી દેતો હતો. તેની વસ્તુઓ આ ત્રણેય પાસે જ હતી. કાલુએ મમ્મીને કહ્યું કે, ''તમારા દીકરાએ બહુ મોટુ અહેસાન કર્યું છે. અમે સૌ આપના પણ આભારી છીએ. હું ફક્ત કક્કો અને આંકડા જ શીખ્યો હતો. મા-બાપ દરરોજ મજૂરી કરતા. એક દિ બેય મરી ગયા. હાલ હું ભીખ

માંગી પેટ ભરું છું. તમારો દીકરો એક દહાડો મને જોઈ ગયો હતો. ચોપડીમાં જોઈને બે-નું ઘડિયું શીખતો હતો. ત્યારથી એ રોજ અમને ત્રણેયને ઘડિયુંના બે પદ શીખવે ને બધી વસ્તુઓ આપી જાય.''

મમ્મીને રડવું આવી ગયું. તે સમયે મમ્મીની એક સખી અમીબેન એન.જી.ઓ. ચલાવતી હતી. જેમાં આવા બાળકો કે જેઓ ભણવા ઈચ્છે છે પણ ભણી શકતા નથી તેમના માટેની સહાય આપવામાં આવતી. મમ્મીએ અમીબહેનની સહાયથી ત્રણેય છોકરાઓને રોહનની શાળામાં જ એડમિશન અપાવ્યું. મમ્મીએ તેમને નવા દફતર અને યુનિફોર્મ અપાવ્યા. એન.જી.ઓ.ની બહેનોએ ત્રણેયની સારસંભાળ લેવાની જવાબદારી સ્વીકારી. હવે તેઓ પાસે નવું અને પાકું ઘર હતું. મમ્મીને પોતે કરેલા પાપનું પશ્ચાતાપ કરી લીધાનો અનુભવ હતો.

મમ્મી ઘરે ગઈ. રોહનને બધી વાત જણાવી અને ખીજવાયા બદલ તેની માફી માંગી. કાલુને રોહનના વર્ગમાં જ મૂકવામાં આવ્યો હતો. હવે રોહન અને કાલુ એક જ વર્ગમાં સાથે ભણતા હતા એ વિચારે રોહન ખુશ હતો.

ભણતર ભાવિ જીવનના ઘડતર માટેનો અત્યંત આવશ્યક એવો પથ છે જે પથ થકી સુઘડ ભવિષ્યરૂપી મંઝિલ પર પહોંચી શકાય છે. કાલુ જેવા અનેક બાળકો માટે આ પથ દુર્લભ હોય છે. પ્રભુ રોહન જેવા રૂપમાં તેમના રાહદારી બનીને મદદરૂપ બનતા રહે તેવી પ્રાર્થના.

## ૨૩. ભવિષ્યવાણી

(મકવાણા ભરત કે., જ્ઞાનશાળા, અમદાવાદ)

મુંબઈમાં એક માણસ રહેતો હતો. જે ખૂબ જ ગરીબ હતો. તેના ઘરમાં તેની માતા અને તે રહેતો હતો. તેનું નામ ભાર્ગવ હતું. તેની માતા એક વાર બિમાર પડે છે. તે તેની મા ને હોસ્પિટલ લઈ જાય છે. ત્યાં ડૉકટર તેની માતાનું ઓપરશન કરવાનું કહે છે. પણ તેની પાસે એટલા પૈસા હોતા નથી તેથી તે પૈસા એકઠા કરવા ફરે છે. પણ પૈસા ભેગા થતા નથી, તેથી એક વાર રસ્તામાં જતો



હોય છે ત્યાં રસ્તામાં દુકાનોમાંથી એક ગુંડો બધા દુકાનદારો પાસેથી ધમકાવીને રૂપિયા ઉઘરાવતો હોય છે. તેથી તેને પણ થયું હું મારી માને બચાવવા હું પણ આવું કરું.

આથી તે પણ ચાકુ દેખાડી દુકાનદારો પાસેથી રૂપિયા ઉઘરાવવા લાગે છે. ત્યારે તે ગુંડો આવી કહે છે કે અમારો વિસ્તાર છે. તો ભાર્ગવ ગુંડાને પોતાની તકલીફ કહે છે આથી તકલીફ જાણી ગુંડો કહે છે કે જો તુ એક કલાક મારી સેવા કરે તો હું તને ૧૦૦ રૂ. આપીશ અને આ લાચાર ભાર્ગવ ગુંડાની સેવા કરે છે.

પણ આ ગુંડો તેને એક પણ રૂપિયો આપતો નથી. આથી વિચાર કરતા કરતા ભાર્ગવ રસ્તા ઉપર ચાલ્યો જતો હોય છે. પરંતુ અચાનક રસ્તા ઉપર એક ચોપડી ઉપર તેની નજર પડે છે અને તે ઉપાડી વાંચવા ઉત્સુક બને છે. ત્યારે તેને ખબર પડે છે કે આ તો ભવિષ્યવાણીની ચોપડી છે. થોડા જ દિવસોમાં ભાર્ગવ દુનિયાનો સૌથી અમીર વ્યક્તિ બની જાય છે.

ત્યાર બાદ થોડા સમય પછી યમરાજાને ખબર પડે છે કે તેમની ભવિષ્યવાણી ખોવાઈ ગઈ છે. આથી આ વાત માટે તેઓ બ્રહ્મા પાસે જાય છે અને બ્રહ્મા કહે છે કે જ્યાં સુધી તમે ભવિષ્યવાણીની ચોપડી ન લાવો ત્યાં સુધી તમારે પૃથ્વી પર રહેવું પડશે. આથી યમરાજ અને તેમના સેવક (ચિત્રગુપ્ત) બંને જણા પૃથ્વી પર આવે છે અને આ ચોપડીની શોધખોળ કરે છે. પરંતુ ચોપડી તેમને મળતી નથી.

ત્યારબાદ ભાર્ગવ પેલા ગુંડા પાસે જાય છે અને તેની પાસે જઈને તેને લાખ રૂપિયા આપે છે ત્યારે ગુંડો કહે છે, થોડા સમય પહેલા તારી પાસે ૧૦૦ રૂ. પણ નહોતા, અત્યારે તારી પાસે આટલા રૂપિયા ક્યાથી આવ્યાં અને ભાર્ગવ કાંઈ પણ કહેતો નથી અને ત્યાંથી જતો રહે છે. પછી ગુંડો વિચારમાં પડે છે કે આ માણસ પાસે મંત્ર અથવા કાંઈક જાદુઈ શક્તિ છે, તેથી જ આટલો અમીર બન્યો છે. તે આવું કહેતો હોય છે તેટલામાં ત્યાંથી યમરાજ નીકળે છે. તો યમરાજને લાગે છે કે ભવિષ્યવાણીથી જ કોઈ વ્યક્તિ આટલો અમીર થઈ શકે છે. જેથી તેમણે વ્યક્તિની શોધ શરૂ કરી. એક વખત ભાર્ગવે તે ભવિષ્યવાણી એક થેલામાં નાખી. એક ચોરને તેમાં પૈસા લાગતા તે લઈ જતો રહ્યો. તેમાં ભવિષ્યવાણી હોવાથી તે ચોરની પાછળ જાય છે. ચોરને અંદર ચોપડી જ દેખાતા તે મૂકી જતો રહ્યો અને ભાર્ગવ પાસે ભવિષ્યવાણી નીકળી તે યમરાજ

જોઈ ગયા અને તેને લેવા આવ્યા ત્યાં સુધીમાં તે ત્યાંથી ઘરે જતો રહ્યો અને ઘરમાં છુપાવી દીધી.

હવે યમરાજને ખબર પડી ગઈ કે તે આ વ્યક્તિ પાસે જ છે. તેથી તે ચિત્રગુપ્ત સાથે તેના ઘરમાં જઈ બધું શોધે છે. પણ ભવિષ્યવાણી મળતી નથી. પછી તેમને ફ્રિજમાં શોધે છે ત્યાં આઈસ્ક્રીમ જોઈ તે બધો આઈસ્ક્રીમ ખાઈ જાય છે. જેથી ભાર્ગવ ઊઠી જાય છે અને જોવે છે અને યમરાજ તેને કહે છે, ''પુત્ર, મને મારી ભવિષ્યવાણી આપી દે.'' તે તૈયાર થઈ જાય છે. પરંતુ તે કહે છે, ''કાલે આપીશ''. તો યમરાજ કહે છે, ''સારું.'' પણ સવારે તે ભવિષ્યવાણી જોવે છે તો તે ગભરાઈ જાય છે. તેમાં તેની માતાનું મૃત્યુ લખ્યું હોય છે. તે પોતાની માતા પાસે જાય છે અને તેની બધી ઈચ્છા પૂરી કરે છે. પણ સમય થઈ ગયા પછી પણ તેની માતાનું અવસાન થયું નહીં, પણ જ્યારે તેને યમરાજા ફરીવાર મળે છે ત્યારે યમરાજ ભવિષ્યવાણી માંગે છે અને કહે છે કે મારું કાર્ય અટકી ગયું છે. મારે બધાના એટલે જેનો અંત આવી ગયો છે તેનો જીવ લેવાનો છે. માટે ભાર્ગવને ખબર પડે છે કે એની માતાનું આયુષ્ય પૂરું થઈ ગયું છે. તો જો તે ભવિષ્યવાણી આપશે તો તેની માતાનું અવસાન થઈ જશે જેથી ભવિષ્યવાણી આપવાની ના પાડે છે અને પોતાની તકલીફ રજુ કરે છે. પરંતુ યમરાજ કહે છે જે પૃથ્વી પર આવે એટલે જે જન્મે તેનુ મૃત્યુ પણ થાય જ છે. પણ છતાં તે પોતાની માતાને કારણે તે ભવિષ્યવાણી આપવાની ના પાડે છે. પણ યમરાજ ગુસ્સે થતા નથી અને ભાર્ગવ ત્યાંથી જતો રહે છે.

રસ્તામાં ગુંડો તેને મારે છે અને કહે છે કે તુ આટલો અમીર ક્યાંથી થયો, તારી પાસે કંઈ મંત્ર લાગે છે. તે મંત્ર તું મને કહે, પણ તે કહેતો નથી. અને તે ગુંડો બીજા ગુંડા સાથે ખૂબ જ માર મારે છે. આ જોઈ ચિત્રગુપ્ત કહે છે, ''પ્રભુ, આ વ્યક્તિ મરી જશે તો આપણને ભવિષ્યવાણી ક્યારેય પણ નહીં મળે''. ત્યારે યમરાજ તેના શરીરમાં એક યોદ્ધાની પવિત્ર આભા થોડા સમય માટે પ્રવેશાવે છે જેથી તે બધા ગુંડાઓને મારે છે અને ગુંડાઓ ભાગી જાય છે અને આત્મા બહાર નીકળતા તે બેભાન થઈ જાય છે અને યમરાજ તેને ભાનમાં લાવે છે અને કહે છે, જે માતા માટે તું આટલો માર સહન કરી ગયો તે માતાને મારે મળવું છે અને તેમના હાથનું ભોજન ખાવું છે. તો તે લઈ જાય છે અને તેની માતાને કહે છે કે



ગુંડાઓ મને મારતા હતા ત્યારે એમણે મારી મદદ કરી. યમરાજ અને ચિત્રગુપ્ત ખાઈને ઊભા થાય છે ત્યારે યમરાજના મોં માંથી ''આયુષ્યમાન ભવ'' નીકળે છે અને ચિત્રગુપ્ત કહે છે, ''તમે આ શું કર્યું? આવું કેમ કહ્યું.'' યમરાજ કહે છે આવું મારા મોંથી બ્રહ્મદેવે બોલાવડાવ્યું છે. જેથી તે ફરીથી ભવિષ્યવાણી માંગે છે. પરંતુ ભવિષ્યવાણી દેવાની ભાર્ગવ ના પાડે છે.

ગુંડો હોય છે તે જાણવાનો પ્રયાસ કરે છે. તે માટે તે ત્યાંથી એક સ્ત્રીને ભાર્ગવ પાસે લગ્ન કરવા મોકલે છે, જેથી તે આટલો અમીર કેવી રીતે થયો તેનું રહસ્ય શોધી શકાય. તે સ્ત્રી ભાર્ગવને પસંદ હતી. જેથી તેની સાથે તે લગ્ન કરવા તૈયાર થયો અને તે સ્ત્રી એક વખત તેને પૂછે છે કે તમે આટલા અમીર કેવી રીતે થયા? તો ભાર્ગવે કહ્યું તે હું ન કહી શકું. કહીશ તો મારી માતાના પ્રાણ સંકટમાં આવી જશે.'' તો તે સ્ત્રી કહે છે કે, તારી મા મરી જાય તો શું થઈ ગયું? આપણે શું કામ છે? તો ભાર્ગવ તેની પર ખૂબ જ ગુસ્સે થયો અને તેને કહે છે મારી માતા મને બધા સુખ કરતા વધુ વહાલી છે. મારી માતા માટે હું કંઈ પણ કરી શકું છું. તું એક માતાનું મહત્ત્વ સમજી શકતી નથી. તો તું મારી ઈજ્જત શું કરીશ? એવું કહી તે તેને તે ઘરમાંથી કાઢી મૂકે છે.

ત્યારબાદ ગુંડો તેને પૂછે છે કે કંઈ રહસ્ય જાણવા મળ્યું? તો તે કહે છે, ''હા, કે માથી મોટું આ દુનિયામાં કંઈ જ નથી અને આવું સાંભળી ગુંડો ગુસ્સે થાય છે અને એકવાર તે તેની માતાને પકડી બાંધી દે છે અને ભાર્ગવને બોલાવે છે. તે આવે છે અને પોતાની માતાને બચાવવાનો પૂરો પ્રયત્ન કરે છે અને ગુંડાઓનો સામનો કરે છે. ત્યારે ગુંડો તેની માતાને મારે છે અને કહે છે તું મને રહસ્ય કહીશ તો જ તારી માતાને છોડીશ. તે ભવિષ્યવાણીની વાત તેને કહે છે અને ગુંડો તેને કહે છે કે જો તારે તારી માનો જીવ બચાવવો હોય તો તે ભવિષ્યવાણી મને આપવી પડશે. તો તે ઝડપથી લેવા એને ઘરે જાય છે. ત્યારે તેને યમરાજ મળે છે અને કહે છે જો તું ભવિષ્યવાણી બહાર કાઢીશ તો હું તે લઈ લઈશ. ત્યારે ભાર્ગવ કહે છે કે હું તે ગુંડાને આપી દઉં ત્યારે તમે તેની પાસેથી લઈ લેજો. યમરાજ કહે છે, સારું. તું જઈ તારી માતાને બચાવ હું તે ગુંડાઓને જોઈ લઈશ. તે તેની માતાને લઈને હોસ્પિટલ જવા નીકળે છે અને ભવિષ્યવાણી ગુંડાને આપી દે છે. ત્યારે યમરાજ તેને મારીને ભવિષ્યવાણી પાછી લઈ લે છે

અને પોતાનું કાર્ય કરવા લાગે છે. તેની માતાના પ્રાણ લેવા ત્યાં આવે છે અને ભવિષ્યવાણીમાં જોવે છે. તેની માતાનું આયુષ્ય લખેલું પાનું ફાડેલું હોય છે. યમરાજ ભાર્ગવને કહે છે મેં તારી માતાને હું ભોજન કરવા આવેલો ત્યારે જ ૧૦૦ વર્ષનું આયુષ્ય આપ્યું હતું. આમ તેઓ ખુશીથી રહે છે. તેની પત્ની પણ હવે સારી થઈ ગઈ હોય છે. તેઓનું જીવન તેઓ ખુશીથી જીવે છે.

**બોધ :** કોઈ પણ કિંમતી ચીજવસ્તુ આપણી પાસે કેમ ન હોય પણ આપણે હંમેશા આપણી માતાને જ શ્રેષ્ઠ રાખવા જોઈએ.

## ૨૪. દીકરીની સક્ષમતા

**(પારવાણી હર્ષિતા હરેશભાઈ, શ્રીમતી મણિબેન કોટક હાઈસ્કૂલ, વેરાવળ)**

ધીમે ધીમે રાત્રિના એ કાળા વાદળાઓ આકાશમાં અદશ્ય થઈ રહ્યા છે. ઊગમણી દિશાએથી પ્રકાશ ફેલાવીને સૂર્યએ દિવસનું શ્રીગણેશ કર્યું. મરઘાએ બાંગ દીધી છે અને આખુ શેરગઢ ગામ જાગી ગયું છે. હીરા પણ ગામના લોકોની જેમ વહેલી ઊઠીને એ જોવા તૈયાર છે કે હવે કોણ નવા અધિકારી નિમાયા છે જે આ ગામમાં બે-ત્રણ મહિનાથી થતી ચોરી અને હત્યાને રોકશે.

હીરા એક અનાથ બાળા હતી. ગામના લોકોના કહેવા મુજબ એ છોકરી હોવાને કારણે એના માતા-પિતાએ એનો જન્મ થતા ગામમાં તેને મૂકીને બીજે ગામ ચાલ્યા ગયા. તેનો ઉછેર એક કરસનબાપા નામના વૃદ્ધે કર્યો. એ વૃદ્ધના ચારેય દીકરાઓ ભણતર માટે બહાર રાજ્યમાં ગયા હતા. હવે આ સત્તર વર્ષની હીરા જ કરસન બાપાનાં વૃદ્ધાવસ્થાની લાઠી બની ગઈ હતી.

હીરા પણ તૈયાર થઈને જ્યાં પંચાયત બેસવાની હતી ત્યાં પહોંચી ગઈ છે. દરરોજની જેમ આજે પણ એ જ ફરીયાદ છે કે કાલે ઘરમાં ચોરી થઈ ગઈ છે. નવા આવેલ અધિકારીએ બધા અધિકારીઓની જેમ અઠવાડિયાની અંદર તે ચોરને શોધી કાઢવાનું વચન આપ્યું.

બપોરે હીરા જ્યારે ઘરે આવતી હતી ત્યારે તે સરપંચને તેના ખેતરમાં એક બળદને મારતા જોયા છે. હીરાએ કહ્યું કે, ''બાપા એના મારશો માં, એને



ભૂખ લાગી છે. તેને કશું ખાવાનું આપો, પછી તે આરામથી તમારું ખેતર ખેડી આપશે.'' સરપંચે ગુસ્સામાં કહ્યું, 'આ ખાણ હજુ છે બે દિવસથી એની સામે જ રાખ્યું છે એને ખાવું નથી. તે આળસુ બની ગયો છે.'' એમ કહી ફરીથી તેને લાકડી મારી.

આ જોઈ હીરાએ વિનંતી કરી, ''તેને તે નહીં ખાવું હોય. તે રોજ રોજ આ ખાવાનું ખાઈને કંટાળી ગયો હશે. તેને બીજું ઘાસ આપો. સરપંચ ત્યાંથી ગુસ્સામાં ઘાસ લેવા ચાલ્યો ગયો અને પાછો આવીને જુએ છે તો હીરા બળદને પંપાળી રહી હતી અને બળદે પણ બે દિવસથી સામે મૂકેલું ખાણ ખાઈ લીધું હતું. સરપંચે પૂછ્યું, 'તે આવું શું કર્યું કે બળદે આ ખાણ ખાઈ લીધું?' હીરાનો ઉત્તર સાંભળી સરપંચે તે નવા અધિકારીની જગ્યાએ હીરાને ચોર પકડવાનું કહ્યું. નવા અધિકારીએ બે-ત્રણ ચોર પકડી પંચાયતમાં હાજર કર્યા. સરપંચે હીરાને પૂછ્યું, ''તારા મત મુજબ ચોર કોણ છે?'' હીરાએ તરત જ જવાબ આપ્યો કે, ''આ નવા અધિકારી અને તમારી સાથે ઊભેલા અને બે-ત્રણ વર્ષથી તમને પંચાયતમાં સલાહ આપતા આ સલાહકારો જ ચોરીઓ કરે છે. આ સાંભળી ગામના લોકોમાં ખળભળાટ મચી ગયો.

નવા અધિકારીએ કહ્યું, ''આ નાની બાળકીનો તમે વિશ્વાસ કરો છો. હું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને અધિકારી બન્યો છું. મારાથી વધારે ખબર આ અભણ બાળાને હોય?'' ત્યારે સરપંચે કહ્યું, ''ભલે તમે પુસ્તક વાંચ્યા હોય પણ હીરા આ માણસોના મન અને મુખ વાંચે છે. કાલે જ એણે મારા પશુની મુશ્કેલી સમજી અને ઉત્તર આપ્યો હતો કે, ''માણસ હોય કે પશુ તેનુ મુખ જ તેની મનોદશાનું પ્રતિબિંબ હોય છે. જો માણસ મુખને વાંચતા શીખી જાય તો તે પશુ હોય કે માણસ કોઈની પણ મુશ્કેલી સમજીને દૂર કરી શકે છે. તમે ચોર છો એમ તેણે મને કાલે જ કહી દીધું હતું.

જ્યારે નવા અધિકારી આવ્યા ત્યારે આ સલાહકારો દુઃખી અને ગુસ્સે થઈ ગયા હતા. તેઓ પહેલેથી જ ભયમાં હતા. આ પરથી સાચા ચોરની મને ખબર પડી ગઈ. હીરાએ સ્પષ્ટ કર્યું.

બધા ગામના લોકોને ખબર પડી કે જેમને અમે ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિ ગણતા હતા તેઓએ જ અમારો વિશ્વાસ તોડ્યો છે. ગામ લોકોએ

તેને કઠોર દંડ કરવાનો આગ્રહ કર્યો. સરપંચે કહ્યું કે જેમણે ચોરને પકડ્યા છે તે જ સજા કરશે. હીરાએ કહ્યું કે, ''તેમની ચોરી કરવા પાછળ તેમની આ વાતનો પસ્તાવો છે તેથી તેમને માફ કરી દો. અને નવા અધિકારીને તો પૈસાથી જ મતલબ હતો. તેને ખબર ન હતી કે કોણ ચોર છે તેથી તેમને પણ માફ કરી દો.

આખાય શેરગઢ ગામમાં હીરા સૌની પ્રિય બની ગઈ. સરપંચ પણ ગામમાં થતી લડાઈ કે થતા ઝઘડાઓ અંગે હીરાની સલાહ લેતા અને હીરા ઝડપથી કહી દેતી કે કોણ સાચું છે અને કોણ ખોટું. ત્યારપછી હીરાના આ વલણથી આખુ શેરગઢ ગામ શાંતિ અને સત્ય માટે આસપાસના ગામોમાં જાણીતું થયું. થોડા વર્ષો પછી ગામમાં લોકોએ અને સરપંચે હીરાને સરપંચ બનાવી. સરપંચ બન્યા બાદ બે-ત્રણ દિવસમાં ગામમાં બે વૃદ્ધો આવ્યા. તેમનું સ્વાગત કરવા હીરા તે વૃદ્ધોના ઘરે ગઈ. પરંતુ ત્યાં તો પહેલેથી જ કરસનબાપા હાજર હતા. હીરાને કરસનબાપા દ્વારા જાણ થઈ કે આ વૃદ્ધો તેના માતાપિતા છે અને જે નવા અધિકારીને તેણે ચોર કહ્યું હતું તે જ તેનો મોટા ભાઈ હતો. તેના ભાઈએ તેના માતાપિતાને ઘરથી કાઢી મૂક્યા અને પોતે નોકરી કરવા આ ગામમાં આવ્યો હતો. હીરાએ પ્રેમથી પોતાના માતાપિતા અને ઉછેર કરનાર કરસનબાપાની સેવાચાકરી કરી. હીરા અભણ હોવા છતાં તે સરપંચ બની અને તેના માટે લાગણીઓ સર્વોપરી હતી.

હીરાએ સાબિત કરી બતાડ્યું કે દીકરી માટે સરપંચ, મુખ્યમંત્રી, પ્રધાનમંત્રી એવું કોઈ પદ કે કામ નથી જે તેના માટે અશક્ય હોય.

જો અભણ દીકરી ગામને શાંતિ અને સત્યથી સ્વર્ગ બનાવી શકતી હોય તો જો એ જ દીકરી ભણતી થઈ જાય તો તો આ દુનિયા જ પલટાઈ જશે!!!!

તેને ખબર નહોતી કે નવો અધિકારી તેનો ભાઈ છે. છતાં તેણે તેને માફ કર્યો. કહેવાય છે ને કે દિકરો જાણે છે વધુ, અને સમજ છે ઓછું અને દીકરી જાણે ભલે ઓછું, પણ સમજે છે વધુ. સાચે જ દીકરી એ દયાનો દરિયો હોય છે.



## ૨૫. જીભ કેવી? સારી કે ખરાબ?

(ચાવડા સંજય સજનભાઈ, એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલ, જામખંભાળિયા, દ્વારકા)

જૂના જમાનાની આ વાત છે. પહેલાના સમયમાં રાજાઓ ગુણવાન, પ્રજાપ્રેમી, ઉત્સાહી અને કંઈક કરી બતાવવાની ધગશ ધરાવતા હતા. આવા જ એક રાજા શક્તિકુમાર થઈ ગયા.

શક્તિકુમારનો પરિવાર પણ જીજ્ઞાસુ હતો. શક્તિકુમાર હંમેશા પ્રજાનું ભલુ જ ઈચ્છતા. તેઓએ પ્રજા માટે ઠેરઠેર પાણીના પરબો બંધાવ્યા હતા. ગરીબ લોકોને આર્થિક સહાય કરતા. તેમને પાકાં મકાનો બાંધવામાં મદદ કરતા. દુકાળ જેવી કપરી પરિસ્થિતિમાં તેમને લોકો માટે પોતાની અનાજની કોઠીઓ ખુલ્લી મૂકી દીધી હતી. આ ઉપરાંત પ્રજાનું કલ્યાણ થાય તેવી અનેક પ્રવૃત્તિઓ શક્તિકુમારે કરી હતી.

શક્તિકુમાર હંમેશા પ્રજાનું જ્ઞાન વધારવાના પ્રયત્નો કરતા. આ માટે તેઓ સભાઓ કે વ્યક્તિગત જ્ઞાન આપતા. શક્તિકુમારે પ્રજામાં જ્ઞાનનો પ્રસાર વધારવા કેટલાક શિક્ષકો પણ નીમ્યા હતા.

શક્તિકુમાર પાસે વિશાળ સૈન્ય હતું. આસપાસનાં રાજયોમાં શક્તિકુમારની કીર્તિ ફેલાયેલી હતી. શક્તિકુમારની અનેક રાજાઓ પ્રસંશા કરતા હતા. પ્રજાને ત્રાસ આપતા રાજાઓને શક્તિકુમાર વાટાઘાટો કરી સમજાવતા અને જો ના સમજે તો તેની સાથે યુદ્ધ કરીને પણ તેને પાઠ ભણાવતા.

શક્તિકુમારને હંમેશ કંઈક નવું જાણવાનો તરવરાટ થતો. આ માટે તેઓ હંમેશા પ્રશ્નોત્તરી કરતાં રહેતા.

એક વાર તેની સભામાં મંત્રીઓ, સામંતો, રાજવૈદો અને અનેક દરબારીઓ, રાજ્યગુરૂ તથા વેપારીઓ બેઠા હતા. આ સમયે શક્તિકુમારને એક પ્રશ્ન પૂછવાનો વિચાર આવ્યો. શક્તિકુમારે કહ્યું જીભ કેવી છે? સારી કે ખરાબ? આ પ્રશ્ન માટે બધાં વિચારવા લાગ્યાં.

ત્યારે શક્તિકુમારે આ પ્રશ્ન મંત્રીજીને પૂછ્યો. મંત્રીજીએ કહ્યું કે, જીભ સારી જ છે. શક્તિકુમારે જણાવ્યું કે જીભ સારી કઈ રીતે છે? મંત્રીજીએ કહ્યું કે જીભ વડે મનુષ્ય સ્વાદ પારખી શકે છે. આથી તે લાડુ, પેંડા, ગુલાબજાંબુ જેવી

મીઠી મીઠી વસ્તુ ખાઈ શકે છે અને ખૂબ આનંદ માણી શકે છે. આમ, આવા કામ કરનારી જીભને ખરાબ કઈ રીતે કહી શકાય? તેથી જીભ સારી જ છે, ખરાબ નથી. શક્તિકુમારને મંત્રીનો ઉત્તર ઉચિત ન લાગ્યો. તેથી તેને પોતાના આસન ઉપર બેસવાની આજ્ઞા કરી. પછી શક્તિકુમારે આ પ્રશ્ન તેના સામંતોને પૂછ્યો. સામંતોએ પણ આ પ્રશ્નનો જવાબ મંત્રીઓની જેમ જ આપ્યો. આ પ્રશ્ન દરબારીઓમાં પૂછવા છતાં પણ તેઓ કોઈ સાચો જવાબ આપી શક્યો નહીં. કોઈ કહે સારી તો કોઈ કહે ખરાબ - બધાએ આમ જ જવાબો આપ્યા.

છેવટે શક્તિકુમારે આ પ્રશ્ન રાજ્યના રાજગુરૂ પ્રભુદાસને પૂછ્યો. પ્રભુદાસ શાંત મગજના, ખૂબ બુદ્ધિશાળી, પ્રભાવશાળી અને મહાપુરૂષ હતા. પ્રભુદાસે જણાવ્યું કે તેમને આ પ્રશ્નના ઉત્તર માટે એક દિવસનો સમય જોઈએ છે. શક્તિકુમાર સહમત થયા અને શક્તિકુમારે પ્રભુદાસને એક દિવસનો સમય આપ્યો. પ્રભુદાસે કહ્યું કે, ''હું આ પ્રશ્નનો જવાબ આવતીકાલે રાજ્યસભામાં આપીશ.''

પ્રભુદાસે એક યુક્તિ શોધી કાઢી. તેમણે બે વ્યક્તિને બોલાવ્યા. પહેલા વ્યક્તિને શક્તિકુમારની સામે તેમનાં પુષ્કળ ગુણગાન ગાવાનું સૂચવ્યું. બીજા વ્યક્તિને શક્તિકુમારથી નીંદા કરવાનું સૂચવ્યું.

બીજા દિવસે બધા રાજ્યસભામાં પ્રભુદાસની રાહ જોઈ રહ્યા હતા. પ્રભુદાસે પોતાની યુક્તિ અનુસાર વારાફરતી બંને વ્યક્તિઓને પોતાનાં કાર્યો કરવાનું જણાવ્યું. પહેલી વ્યક્તિએ પ્રભુદાસના કહેવાનુસાર શક્તિકુમારની ખૂબ પ્રશંસા કરી. શક્તિકુમાર ખૂબ ખુશ થઈ ગયા અને આ વ્યક્તિને મોટું ઈનામ આપ્યું. બીજા વ્યક્તિએ શક્તિકુમારની નીંદા કરી આથી શક્તિકુમારે તેને કડક સજા આપી.

પ્રભુદાસે પછી બધાને પોતાની યુક્તિ સમજાવી. તેમણે કહ્યું કે, ''જીભ સારી આ રીતે છે. જીભથી સારી વાણી ઉચ્ચારીને કેટલાક લોકો સમાજમાં મોટી નામના મેળવે છે, સમાજમાં ગૌરવપાત્ર બને છે. મધુર વાણી બોલવાથી મિત્રતા વધે છે, સંબંધો મજબૂત થાય છે. લોકો સુખસગવડો મેળવી શકે છે. સારી વાણીથી ઝઘડા-લડાઈનો અંત આવે છે અને મૈત્રીભાવના વિકસે છે. સારી તેમજ સાચી વાણી ઉચ્ચારી કવિઓ જગવિખ્યાત બને છે. મધ્યમ વર્ગના



કારીગરો સારી વાણી બોલી તેના માલિકનું માન મેળવી શકે છે.

''સાચી વાણી બોલવાથી ધનલાભ થઈ શકે છે, જેમ પહેલા વ્યક્તિએ શ્રીમાન શક્તિકુમાર પાસેથી મેળવ્યું તેમ. પ્રભુદાસે આગળ જણાવતાં કહ્યું કે સારી વાણી ઉચ્ચારીને લોકો સુખ, શાંતિ, સમૃદ્ધિ, યશ અને ધન મેળવી શકે છે, આથી જીભ સારી કહેવાય છે.''

પ્રભુદાસના આ જવાબથી બધા ખુશ થઈ ગયા. પછી શક્તિકુમારે જણાવ્યું કે જીભ સારી તો છે જ પણ, તે ખરાબ કઈ રીતે છે?

શક્તિકુમાર તથા બધા દરબારીઓને પ્રભુદાસે જણાવ્યું કે, ''જે રીતે બીજો વ્યક્તિ શક્તિકુમારની નિંદા કરી સજાને પાત્ર બન્યો તેવી જ રીતે કેટલાક લોકો વાણીનો દુરુપયોગ કરે છે અને સમાજમાં પાછળ રહી જાય છે. કેટલાક લોકો કટુ વાણી ઉચ્ચારે છે તેથી લડાઈ-ઝઘડા જેવી બાબતો બને છે. તેથી પરસ્પર મૈત્રીભાવ વિખેરાઈ જાય છે, સમાજમાં સંપ રહેતો નથી. ખરાબ બોલનારાઓ પર કોઈ વિશ્વાસ કરતું નથી. તેઓ ચંચળ ચિત્તવાળા હોય છે, તે પોતાનું માન ગુમાવે છે. ખરાબ વાણી બોલવાથી મારામારી, જૂથટક્કરો અને બોલાચાલી થાય છે. શિલાને પર્વત ઉપર ચડાવતાં ખૂબ જ વાર લાગે છે. તેમજ ખૂબ જ પરિશ્રમ કરવો પડે છે. પણ, તેને નીચે ક્ષણવારમાં ફેંકી શકાય છે. અર્થાત્ માણસને જીવનમાં મોટી નામના મેળવવા માટે ખૂબ પરિશ્રમ કરવો પડે છે, પરોપકારનાં કાર્યો કરવાં પડે છે. બીજાને હંમેશા માન-અર્પણ કરવું પડે છે. પરંતુ તે એક જ વખત ખરાબ વાણી ઉચ્ચારે તો તે સમાજમાં માનપાત્ર યથાવત રહી શકતો નથી.

આમ, ખરાબ વાણી બોલવાથી માણસ માન-સમ્માન, જ્ઞાન, ગુણ વગેરે સદ્‌ગુણો ગુમાવે છે. આથી જીભ ખરાબ કહેવાય છે. પ્રભુદાસના એ ઉત્તરથી શક્તિકુમાર, મંત્રીઓ, સામંતો અને દરબારીઓ ખૂબ ખુશ થઈ ગયા તેની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા.

**બોધ :**

જો જીભનો ઉપયોગ સારી રીતે કરીએ તો જીભ સારી અને જીભનો ઉપયોગ ખરાબ વાણી ઉચ્ચારવામાં કરીએ તો ખરાબ. તેથી જ આપણે હંમેશા સારી વાણી જ ઉચ્ચારવી જોઈએ.

## ૨૯. એક અજાણી મિત્ર અથવા મૃત્યુનું રહસ્ય

(કુરેશી ગુલફાશા શબ્બીર હુસેન, ઓરિએન્ટલ હાઈસ્કૂલ, મિરઝાપુર, અમદાવાદ)

મારા પિતા એક સરકારી નોકરી કરતા હતા. તેથી તેમની બદલી એક શહેરથી બીજા શહેર થતી હતી. તેથી અમારે સતત ઘર અને મારે શાળા બદલવી પડતી હતી.

એક વખતની વાત છે. જ્યારે મારા પિતાની બદલી ફતેહપુરા નામના એક ગામમાં થઈ. તે ગામ ખૂબ જ વિચિત્ર હતું. પહેલાં તો ત્યાં મને જરાય ગમતું નહોતું. પણ સમય જતાં હું ટેવાઈ ગઈ. મારો અભ્યાસ ચાલુ રાખવા માટે મારો દાખલો ત્યાંની એક શાળામાં કરાવવામાં આવ્યો. જોવામાં તો તે શાળા ખૂબ જ ભવ્ય અને સવલતવાળી હતી. પણ ત્યાં ખૂબ જ ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણતા હતા. એ શાળા વિશે ઘણી ભૂત-પ્રેતોની વાર્તાઓ, માન્યતાઓ સાંભળી હતી. પણ મારા માતાપિતા એવી બાબતોમાં માનતા નહોતા. તે સમયે હું સાતમા ધોરણમાં ભણતી હતી.

મારી શાળાનો પહેલો વિરામ હતો. મારી માતા મને શાળાએ મૂકવા આવ્યા હતા. તે વર્ગખંડ અને અભ્યાસની સુવિધાઓ જોઈ આકર્ષિત થયા. પરંતુ મને ત્યાં ઘણું અલગ લાગતું હતું. મેં વર્ગમાં પ્રવેશ કર્યો. બધા વિદ્યાર્થીઓ મને જોઈ હસવા અને વાતો કરવા લાગ્યા. શિક્ષકે મને છેડાની છેલ્લી બેંચ પર બેસાડી. મને ફક્ત મારા અભ્યાસથી જ મતલબ હતો. રોજ શાળાના સમયે આવતી, ચૂપચાપ વર્ગમાં બેસતી અને ઘંટ વાગ્યે જતી રહેતી. નવા લોકોથી મિત્રતા કરવી કે વાતચીત કરવી એ મારા સ્વભાવમાં નહોતું. થોડા દિવસો વીતી ગયા. વિદ્યાર્થીઓએ મળીને મને હેરાન કરવાનું શરૂ કરી દીધં. તેઓ મને ચીડવતા, મારતાં, ધમકી દેતા અને વાળ ખેંચતા. તેઓ મને ખૂબ હેરાન કરતાં અને બધી રીતે દબાણ કરતા. પરંતુ મેં આ વિશે શિક્ષકને કે ઘરે કોઈને કહ્યું નહિ. જે કાંઈ થઈ રહ્યું હતું તે બધું હું સહન કરતી હતી.

એક દિવસ જ્યારે હું વર્ગમાં ગઈ અને જોયું તો મારી પાટલી પર એક છોકરી બેઠી હતી. મેં પહેલા એને ક્યારેય જોઈ નહોતી. હું બીજી પાટલી શોધું તે પહેલા એણે તરત જ મારા માટે જગ્યા કરીને મને બાજુમાં બોલાવી. હું એની



પાસે જઈને બેઠી. એ જોવામાં ખૂબ ભયાનક દેખાતી હતી. લાગણીશીલ આંખો, ડરી ગયેલો ચહેરો અને વીખરાયેલા વાળ અને ખૂબ ગંદો યુનિફોર્મ. પહેલા તો મને એનાથી ડર લાગ્યો હતો. પણ ધીમે ધીમે મારી એની સાથે મિત્રતા થઈ ગઈ. પરંતુ ક્યારેક કોઈ વિદ્યાર્થી અમને વાત કરતા જોતા ત્યારે હસતો અને કહેતો 'એકલી શું બડબડાવે છે?' શિક્ષક પણ ટોકતા. મેં એના વિશે જાણવાની બહુ કોશિશ કરી. પણ હું તેનું ફક્ત નામ જ જાણી શકી, કલ્પના શર્મા. એક દિવસ શાળામાં ગઈ તો જાણવા મળ્યું કે મને સૌથી વધુ હેરાન કરનાર બે વિદ્યાર્થીઓ શાળામાંથી જતા રહ્યા છે. તે દિવસ પછી કલ્પના પણ શાળામાં દેખાઈ નહિ. કેટલાક દિવસો પછી મારા પિતાજીની ફરી એક શહેરમાં બદલી થવાની હતી. મેં કલ્પનાને મળવાની ખૂબ કોશિશ કરી. પણ મને જાણવા મળ્યું કે અહીં કલ્પના નામની કોઈ વિદ્યાર્થીની આ શાળામાં ભણતી જ નહોતી. કોઈએ ક્યારેય પણ એના વિષે જોયું કે સાંભળ્યું નહોતું. તે મને જ દેખાતી કે સંભળાતી હતી. તે કોઈ જીવીત વ્યક્તિ નહોતી. એક આત્મા હતી. ત્યારપછી અમે બીજા શહેર જતા રહ્યા અને મારું જીવન સામાન્ય થઈ ગયું.

આજે આ વાતને દસ વર્ષ પૂરા થઈ ગયા અને હું એક સફળ શિક્ષિકા છું. એ જ મારા બાળપણની શાળામાં ફતેહપુરા ગામની એ જ શાળા. મને મારી બાળપણની બધી વાતો યાદ આવી. હું એને ભૂલી નહોતી. મારે એના મૃત્યુનું રહસ્ય જાણવું હતું. એક વખત સ્ટાફના જૂના કબાટમાંથી એક ફાઈલ મારા હાથે જડી. તેમાં કલ્પના શર્માની ઘટના વિશે લખ્યું હતું. આજથી ઘણા વર્ષો પહેલા તે આ શાળામાં ભણતી હતી. વર્ષ ૧૯૮૧માં ૧૨ વર્ષની વયે સાતમા ધોરણની છેલ્લા બેંચના ખૂણામાં બેસતી હતી. એના વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા તેને ખૂબ જ હેરાન કરી હતી. એક વખત વિદ્યાર્થીઓ દ્વારા તેને લાંબા સમય સુધી વર્ગમાં બંધ કરી દેવાઈ હતી. તેને આ વાતનો આઘાત લાગી ગયો. તેણે તે જ ક્લાસમાં આત્મહત્યા કરી લીધી. ત્યાર પછી તે કમજોર વિદ્યાર્થીઓને હેરાન કરતા વિદ્યાર્થીઓથી પોતાનો બદલો લેતી. મને ખ્યાલ આવ્યો કે મને હેરાન કરતા વિદ્યાર્થીઓ પણ તેને જ લીધે જતા રહ્યા હતા. તે મારી એક અનોખી મિત્ર હતી.

આજે પણ હું જ્યારે તેનો વિચાર કરું છું કે યાદ કરું છું તો મને અનુભવ થાય છે કે તે મારી આસપાસ જ છે. કેટલાક લોકોના જતા રહ્યા પછી તેમની નિશાનીઓ રહી જાય છે. એમ જ કલ્પના પણ નિશાનીઓ છોડીને જતી રહી.




**નામ** : દર્શા રાજેશ કિકાણી

**જન્મ** : ૧૦-૦૯-૧૯૫૭, અમદાવાદમાં

**અભ્યાસ** : B.Sc., M.B.A.(IIM-A), LLB, FCS, ACIS (London)

**વ્યવસાય** : ૧૭ વર્ષ કંપની સેક્રેટરી તરીકે વડોદરામાં પ્રેક્ટિસ કરી છે. બે વર્ષ રિલાયન્સ-ADAG - મુંબઈમાં વાઈસ પ્રેસિડેન્ટ લીગલના હોદ્દા પર કામ કર્યા બાદ તેઓ ગુજરાતી અને હિંદી ભાષાઓ શીખવવાના સોફ્ટવેર બનાવવામાં કાર્યરત હતાં. હાલ સામાજિક કાર્યોમાં પ્રવૃત્ત છે.

**શોખ** : શાસ્ત્રીય સંગીત સાંભળવું, વાંચન, ચાલવું, તરવું અને મુસાફરી.

**સંપર્ક** : ૧૦, સંજયપાર્ક, સુંદરવન પાછળ,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૯૮૨૫૪૮૨૯૪૬




## 'વિચારવલોણું' પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦/- |
| ૦૨ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫/- |
| ૦૩ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫/- |
| ૦૪ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૦૫ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૬ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૦૭ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫/- |
| ૦૮ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫/- |
| ૦૯ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦/- |
| ૧૦ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૧૧ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦/- |
| ૧૨ | જ્યોતિર્ગમય | ભાવાનુવાદક : અશોક શર્મા | રૂા. ૨૫/- |
| ૧૩ | કળાનો આસ્વાદ | સંપાદક : મુનિ દવે | રૂા. ૪૦/- |
| ૧૪ | પ્રવચન સાર | સાર સંકલન : કિરીટ મહેતા | રૂા. ૩૦/- |
| ૧૫ | વાર્તામેળા (બાળકલમે વહેતી વાર્તાઓ) | સંપાદક : દર્શા કીકાણી | રૂા. ૪૦/- |
| ૧૬ | જ્યાં હાથ નાખો ત્યાં સોનું છે - ભાવાનુવાદ અને સંક્ષિપ્ત : દર્શા કિકાણી | | રૂા. ૩૦/- |
| ૧૭ | વિશ્વશાંતિના રાહબરો ભાગ-૧ | સારાનુવાદક : ડૉ. રશ્મિ વ્યાસ | રૂા. ૩૫/- |
| ૧૮ | વિશ્વશાંતિના રાહબરો ભાગ-૨ | સારાનુવાદક : ડૉ. રશ્મિ વ્યાસ | રૂા. ૩૫/- |
| ૧૯ | સત્ય અને સૌંદર્ય | ભાવાનુવાદ : મુનિ દવે | રૂા. ૪૫/- |
| ૨૦ | મારે ખીલવું છે, હું ખીલીશ | અનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૫/- |
| ૨૧ | ઍલ્વિન ટૉફલરની આસપાસ | લેખક : ધીરજ છેડા | રૂા. ૪૫/- |